ગુજરાત સમાચાર
રવિવાર, ૨૫-૧૦-૨૦૨૬
# રવિપૂર્તિ
www.gujaratsamachar.com

02


નિષાદ કુમારે અકસ્માતને આશીર્વાદમાં ફેરવીને વૈશ્વિક ઓળખ ઉભી કરી

07

ચાર કરોડ વર્ષનો ભેદ : ખોટા ખાનામાં પુરાયેલો મગર

### જીવનના મંચ પર પાત્ર ભજવવાને બદલે જાણે આખો સમય પ્રેક્ષકોને પ્રભાવિત કરવામાં જ વીતે છે

# સારું છે અશાંતિ અને અજંપો કેમેરામાં ઝીલાતો નથી

**હોરાઈઝન**
**ભવેન કચ્છી**

'આપણે જીવન જીવીએ છીએ કે જીવનની તસવીરો દુનિયાને બતાવવા માટે જીવીએ છીએ?'

આ બધાની વચ્ચે એક મહત્ત્વનો બીજો પ્રશ્ન પણ છે.શું ખરેખર સમાજને છેતરવામાં આપણે સફળ થઈએ છીએ? કદાચ થોડા સમય માટે કોઈને આપણી જિંદગી અદ્ભૂત લાગે. પરંતુ નજીકના લોકો આપણા વાસ્તવિક જીવનથી અજાણ હોતા નથી. ઘરમાં કેવો સંવાદ છે, સંબંધોમાં કેટલી હૂંફ છે, મુશ્કેલીના સમયે કોણ કોની પડખે ઊભું રહે છે અને અંગત જીવનમાં કેટલી શાંતિ છે. કોણ કેટલું સંસ્કારી છે તે જેમની સમક્ષ આપણે ભ્રામક પોસ્ટ અને તસવીરો મૂકીએ છીએ તેઓ વાસ્તવિકતા જાણતા જ હોય છે. પાણી તેની સપાટી શોધી લે તેમ અમુક સમયગાળા પછી આપણી જુઠ્ઠી અને ભ્રામક દુનિયા વિશે આપણે બડી બડી બડાશ મારીએ તો પણ બધા મનોમન આપણા દંભને જોઈને સ્મિત કરી લેતા હોય છે. ભાષા શૈલી અને તસવીરોથી જાણીતા તો શું અજાણ્યાની પણ રોજેરોજ઼ ની પોસ્ટ જોઈને કુંડળી નિકાળી શકાતી હોય છે. આપણે ક્યારેક એવા લોકોને પ્રભાવિત કરવા માટે જીવનનો મોટો હિસ્સો ખર્ચી નાખીએ છીએ, જેમના અભિપ્રાયથી આપણા જીવનમાં ખાસ કોઈ ફેર પડવાનો નથી.

## ચહેરો બદલાયો

પોતાનો ચહેરો આયનામાં જોવાને બદલે આપણે એ ચહેરો બીજાને કેવો દેખાશે તેની ચિંતા કરીએ છીએ. હવે આનંદ અનુભવવાની પહેલાં તેને પ્રદર્શિત કરવાની ઉતાવળ છે, પ્રસંગ માણતાં પહેલાં તેની પોસ્ટની ચિંતા છે અને યાદો હૃદયમાં ઉતરે એ પહેલાં મોબાઈલની ગેલેરીમાં ઉતરી જાય છે. જાણે કોઈ ક્ષણ ખરેખર બની જ નથી, જ્યાં સુધી દુનિયાને તેની જાણ ન થાય!

## થવું અને દેખાવું

સુખી થવું અને સુખી દેખાવુ - આ બંને વચ્ચેનો તફાવત સમજવા જેવો છે. સુખી થવું એ મનની અવસ્થા છે, જ્યારે સુખી દેખાવું એ ઘણી વાર સમાજની અપેક્ષાઓને સંતોષવાની કવાયત બની જાય છે. એકમાં મનની શાંતિ મહત્ત્વની છે, બીજામાં બીજાની નજરમાં આપણું સ્થાન. એકમાં પોતાની જાત સાથેનો સંતોષ છે, બીજામાં બીજાની સરખામણીમાં પોતે ક્યાં ઊભા છીએ તેની ગણતરી.

## નાની રોજિંદી ખુશી

ખરેખર તો સુખની એક મજાની વાત છે તે સમજ આપણે ગુમાવતા જઈએ છીએ. કંઈક મોટી કે 'લાર્જર ધેન લાઈફ' ઘટના કે પ્રસંગ બને તો જ આપણે સુખ અનુભવીએ છીએ પણ સુખનો એહસાસ હંમેશાં મોટી સિદ્ધિઓની રાહ જોતું નથી. ઘણી વાર સુખ સવારની ચાના કપમાં હોય છે, કામ પરથી પાછા ફરતાં કોઈ પ્રિય વ્યક્તિના સ્મિતમાં હોય છે, જૂના મિત્ર સાથેની નિરાંતે થયેલી વાતચીતમાં હોય છે, વરસાદની સુગંધમાં હોય છે કે ગરમીમાં અનુભવાતી શીતળ લહરમાં હોય છે. રવિવારે કોઈ ખાસ આયોજન વિના પરિવાર સાથે વિતાવેલી બપોરમાં હોય છે. આ ક્ષણો મેળવવા માટે મોટા પગારની, મોંઘી ગાડીની કે સમાજમાં ઊંચા સ્થાનની જરૂર નથી. જરૂર છે તો માત્ર એટલી કે આપણે એ ક્ષણોમાં હાજર હોઈએ. શરીર એક જગ્યાએ હોય અને મન આવતીકાલની ચિંતામાં દોડતું હોય, તો સુખ બાજુમાં બેઠું હોવા છતાં તેનો અનુભવ થતો નથી.



## માપદંડ જ જુદો

સુખ માટેની આપણી કલ્પના પણ ઘણી વાર બીજાઓએ નક્કી કરેલા માપદંડોથી ઘડાય છે. સમાજમાં જે વ્યક્તિને સફળ ગણવામાં આવે છે, તેના જેવી જિંદગી મેળવવી છે. જે સુવિધાઓને પ્રતિષ્ઠાનું પ્રતીક માનવામાં આવે છે, તે મેળવવી છે. જે સ્થાનને માન-મોભાનું માપ ગણવામાં આવે છે, ત્યાં પહોંચવું છે. પરિણામે આપણે પોતાની જરૂરિયાતો કરતાં સમાજની અપેક્ષાઓ પ્રમાણે જીવવા લાગીએ છીએ. કોઈને ખરેખર સાદું જીવન ગમતું હોય, છતાં તે સાદગીમાં જીવતાં સંકોચ અનુભવે છે, કારણ કે બીજાઓ તેને ઓછું સફળ ન માની બેસે! કોઈને પોતાના વ્યવસાયમાં પૂરતો સંતોષ હોય, છતાં આસપાસના લોકો વધુ કમાતા હોય તો તેને પોતાની પ્રગતિ અધૂરી લાગવા માંડે છે. આ રીતે માણસ પોતાની પસંદગીનું જીવન જીવવાને બદલે બીજાઓને સ્વીકાર્ય લાગે એવું જીવન જીવવા લાગે છે.

> **કેમેરો ક્ષણને સાચવવા માટે છે, ક્ષણનો સ્વામી બનવા માટે નહીં. મોબાઇલ આપણા જીવનનો સહાયક હોવો જોઈએ, આપણા જીવનનો દિગ્દર્શક નહીં**

## સુખનું આયોજન

જીવનનો એક મોટો વિરોધાભાસ એ છે કે આપણે ઘણી વાર સુખને ભવિષ્યમાં ધકેલી દઈએ છીએ. આ કામ પૂરું થાય પછી નિરાંતે જીવીશું, આ જવાબદારી પૂરી થાય પછી પરિવાર સાથે સમય વિતાવીશું, આટલી બચત થઈ જાય પછી મનગમતી વસ્તુ કરીશું, નિવૃત્ત થઈશું પછી જીવન માણીશું. પરંતુ એક જવાબદારી પૂરી થાય ત્યાં સુધીમાં બીજી આવી જાય છે. જીવનમાં મુશ્કેલીઓ અને જવાબદારીઓનો અંત આવતો નથી; તેમની વચ્ચે આનંદ શોધવાની કળા શીખવી પડે છે. નિવૃત્તિ પછી માણવા માટે બચાવેલું જીવન ક્યારેક એટલી બધી શારીરિક મર્યાદાઓ લઈને આવે છે કે જે કરવાનું વિચાર્યું હતું તે શક્ય રહેતું નથી. તેથી જીવનને માણવા માટે કોઈ સંપૂર્ણ અનુકૂળ સમય આવશે તેની રાહ જોવી એ પણ એક પ્રકારની ભૂલ છે.વળી એક ક્ષણ પછી પણ શું થવાનું છે તેની આપણને ખબર નથી હોતી તેથી બહુ બધુ પાછલી અવસ્થા માટે ઠેલવવું પણ ન જોઈએ.

સુખી દેખાવાની ઈચ્છા માણસને પોતાની નબળાઈઓ છુપાવવા પણ પ્રેરે છે. દરેક વ્યક્તિના જીવનમાં મુશ્કેલીઓ હોય છે, સંબંધોમાં મતભેદ હોય છે, નિષ્ફળતાઓ હોય છે અને ક્યારેક એકલતાની લાગણી પણ હોય છે. પરંતુ આપણે ઘણી વાર એવી છાપ ઊભી કરવા માગીએ છીએ કે આપણું જીવન હંમેશાં વ્યવસ્થિત અને સફળ છે. પરિણામે પોતાની મૂંઝવણ સ્વીકારવામાં પણ સંકોચ અનુભવીએ છીએ. જાણે દુઃખી થવું એ નબળાઈ હોય અને મદદ માગવી એ પરાજય! હકીકતમાં પોતાની મુશ્કેલી સ્વીકારી શકવી, જરૂર પડે ત્યારે કોઈની સાથે વાત કરી શકવી અને જીવનના અપૂર્ણ પાસાંઓ સાથે સહજતાથી જીવવું એ પણ આંતરિક મજબૂતીનાં લક્ષણો છે. સુખી હોવાનો દાવો કરવો સહેલો છે; પોતાની જાત સાથે પ્રામાણિક રહેવું વધારે અઘરું છે.

> **આપણે ભલે બડી બડી વાતો કરીએ પણ દુનિયા બધુ જાણતી જ હોય છે કે કોણ કેટલામાં છે**

## સંબંધનું ગણિત

આખરે સુખનો સંબંધ માત્ર આપણે શું મેળવ્યું તેની સાથે નથી, પરંતુ જે મેળવ્યું છે તેની સાથે આપણો સંબંધ કેવો છે તેની સાથે પણ છે. એક જ સુવિધા કોઈને સંતોષ આપી શકે છે અને કોઈ બીજાને વધુની ઈચ્છામાં ધકેલી શકે છે. એક જ ઘર કોઈ માટે પ્રેમ અને હૂંફનું સ્થાન બની શકે છે, જ્યારે બીજા માટે પ્રતિષ્ઠા જાળવવાની જવાબદારી. એક જ નોકરી કોઈને અર્થપૂર્ણ જીવન આપી શકે છે, જ્યારે બીજા માટે સતત અસંતોષનું કારણ બની શકે છે. બહારની પરિસ્થિતિ મહત્ત્વની છે, પરંતુ તેની સાથે આપણી માનસિકતા, અપેક્ષાઓ અને પ્રાથમિકતાઓ પણ એટલી જ મહત્ત્વની છે.

જીવનનો હેતુ એ નથી કે દુનિયા આપણને સુખી માનેત જીવનનો સાચો આનંદ તો એ છે કે એક દિવસ આપણે પોતે, કોઈના પ્રમાણપત્ર વિના, મનથી કહી શકીએ 'હા, હું જે જીવું છું તેમાં મને આનંદ મળે છે.'

## સેન્સર જગત

જીવનનો હિસાબ સોશિયલ મીડિયાના આંકડાથી થવાનો નથી. વર્ષો પછી આપણને એ યાદ નહીં રહે કે કોઈ પોસ્ટ પર કેટલા લાઈક્સ મળ્યા હતા, પરંતુ એ જરૂર યાદ રહેશે કે કોઈ મુશ્કેલ સમયે મિત્રએ હાથ પકડ્યો હતો, પરિવાર સાથે હસતાં હસતાં આંખમાં પાણી આવી ગયું હતું કે કોઈ પ્રવાસમાં અજાણી જગ્યાએ મળેલા માણસે નિઃસ્વાર્થ મદદ કરી હતી. આ જ અનુભવો જીવનને અર્થ આપે છે.

સાધન જ્યારે સાધ્ય બની જાય, ત્યારે મુશ્કેલી ઊભી થાય છે. કેમેરો ક્ષણને સાચવવા માટે છે, ક્ષણનો સ્વામી બનવા માટે નહીં. મોબાઈલ આપણા જીવનનો સહાયક હોવો જોઈએ, આપણા જીવનનો દિગ્દર્શક નહીં.

યાદ રહે કેમેરાની તસ્વીર મનની સ્થિતિને સેન્સર કરી દેતી હોય છે

### જ્ઞાન પોસ્ટ

**આપણે દર્શકમાંથી કેમેરામેન, સહભાગીમાંથી પ્રસારક અને નિજાનંદ માણનારામાંથી પોતાની જ જિંદગીના પ્રચારક બની ગયા છીએ. જીવનના મંચ પર પાત્ર ભજવવાને બદલે જાણે આખો સમય પ્રેક્ષકોને પ્રભાવિત કરવામાં જ વીતે છે.** ■

# પૃથ્વી પરનું અમૃત ગણાતું દૂધ હવે પીવાલાયક પણ નથી રહ્યું

**હોટલાઈન**
**ભાલચંદ્ર જાની**

દૂધ એટલે સંપૂર્ણ આહાર. દૂધ એટલે અમૃત. દૂધ એટલે સબકુછ... દૂધની મહત્તા વિશે બચપણથી જ આપણે મોટેરાંઓના મોઢે કંઈ કેટલીય વાતો સાંભળી છે. પરંતુ આજના જમાનામાં દૂધના પૌષ્ટિક તત્ત્વો વિશે કોઈ વાત કરે તો એને કહેવું પડે કે ભાઈ તને ખબર છે કે દૂધમાં હાનિકારક તત્વો કેટલા હોય છે. અગાઉ સુપ્રીમ કોર્ટે દેશમાં વેચાતા ભેળસેળવાળા દૂધ અંગે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે આ ખૂબ જ ગંભીર મુદ્દો છે અને તેના પર અંકુશ લાવવા રાજ્યોની સરકારોએ પગલાં લેવા જરૂરી છે. એક અંદાજ મુજબ દેશની કૂદકે ને ભૂસકે વધતી જતી વસતિ સાથે દૂધની માગ પણ દર વરસે પાંચ ટકાના દરે વધતી જાય છે. ખોરાકમાં દૂધનો ઉપયોગ ઉપરાંત તેમાંથી દહીં, માખણ, ઘી, પનીર સહિત જુદી જુદી મીઠાઈઓ પણ બનતી હોવાથી તેનો વપરાશ પણ વધતો જતો હોવાથી તેની માગ પણ એટલી જ વધી.

બસ, આજ વધતી જતી માગનો ગેરફાયદો ઉઠાવીને કેટલાંક અસામાજિક તત્ત્વો અને વેપારીઓએ નકલી એટલે કે સિન્થેટિક દૂધ બનાવીને બજારમાં વેચવાનું શરૂ કર્યું. ધીમા ઝેરની માફક આખા સમાજમાં ફેલાતા જતા આ ધંધાની ઝપટમાં આજે ભારતનાં ઘણાં રાજ્યો આવી ગયાં છે. હમણાં જ દૂધની ક્વોલિટી બાબત રાજધાનીમાંથી સરકારી એજન્સી ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસએસએઆઈ) દ્વારા લેવાયેલા દૂધના ૭૦ ટકા નમૂના નિર્ધારિત ધારાધોરણોની કસોટીમાં નિષ્ફળ ગયા હતા. એજન્સીએ દેશના ૩૩ રાજ્ય અને સંઘપ્રદેશોમાંથી દૂધના નમુના એકત્ર કર્યા હતા અને તેમા આખા દૂધમાં પાણી ઉમેરવા ઉપરાંત અખાદ્ય કહી શકાય એવા ડિટર્જન્ટ ફેટ અને યુરિયાના ઘટક તત્વો મળી આવ્યા હતાં. ૫૦ સેમ્પલ્સમાં સામાન્ય રીતે હલકી કક્ષાનો સ્કીમ્ડ મિલ્ક પાવડર અને ગ્લુકોઝ વડે તે પ્રદૂષિત હોવાનું જણાયુ હતું. આવી જ રીતે મુંબઈ શહેરની દૂધની જરૂરિયાત રોજના ૪૦ લાખ લીટર જેટલી છે. તેમાંથી ભેંસના ૩૦૦ જેટલા તબેલાઓ રોજનું ચાર લાખ લીટર જેટલું દૂધ પુરું પાડે છે. બાકીના ૩૬ લાખ લીટર દૂધ માટે નાગરિકોએ સરકારી ડેરીઓ અને ખાનગી ડેરીઓ ઉપર જ નિર્ભર રહેવું પડે છે.

ગયા વર્ષે શહેરમાં ૩૦ લાખ લિટર થેલીના દૂધમાંથી આઠ લાખ લિટર દૂધમાં ભેળસેળ કરવામાં આવતી હતી. નામાંકિત ડેરીની અડધો અને એક લિટર દૂધની થેલીને જમણી બાજુએ ઉપરથી ફાડી દૂધ કાઢી લેવામાં આવતું, બાદમાં તેમાં ૯૦ ટકા ગંદુ પાણી, ૧૦ ટકા દૂધ તેમ જ સફેદી જાળવવા સાબુ બનાવવામાં વપરાતો કોસ્ટિક સોડા નાખવામાં આવતો હતો. બાદમાં દૂધની થેલીને ગ્રાહકોને શંકા ન જાય તે રીતે ફરી પેક કરવામાં આવતી હતી. દૂધમાં પાણી નાખવાની વાતો તો હવે જૂની થઈ ગઈ. પરંતુ ગમે તે ભોગે રૂપિયા રળવા માગતાં તત્ત્વોએ તેમાં ગટર અને નાળાનું પાણી, કોસ્ટિક સોડા, ડીટરજન્ટ અને યુરિયા નાખવાનું શરૂ કર્યું છે. કેટલાક કેસમાં ગંધરહિત શેમ્પુ વપરાયું હોવાનું માલુમ પડ્યું છે. આવી જોખમી કુપ્રવૃત્તિ મહાનગર મુંબઈમાં પણ બેધડક અને બેરોકટોક ચાલે છે.

ઘણા વેપારીઓ અનાજ, ખાદ્યતેલ અને રસોઈમાં વપરાતા વિવિધ મસાલામાં ભેળસેળ કરીને




તગડી કમાણી કરતા હોય છે. પરંતુ હવે આ યાદીમાં દૂધનો નંબર સૌથી ઉપર લાગી ગયો છે. મુંબઈના ઘણા વિસ્તારોમાં દૂધમાં મોટા પાયે અને એ પણ વ્યવસ્થિત રીતે મિલાવટ કરવાનો ગોરખધંધો ચાલે છે. આવું દૂધ પીનાર વ્યક્તિના આરોગ્ય માટે ભારે હાનિકારક પુરવાર થાય છે. મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ અને રાજ્ય સરકારના ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (એફ.ડી.એ.)ના અધિકારીઓએ શહેરમાં ચાલતી જોખમી પ્રવૃત્તિઓને અટકાવી તેમાં સંડોવાયેલાં તત્ત્વોને પકડી લેવા એક અસરકારક યોજના તૈયાર કરી હોવા છતાં તે કેટલી હદે પરિણામલક્ષી પુરવાર થાય છે તે મહત્ત્વનો સવાલ છે.

જો કે બનાવટી અને દૂષિત દૂધ વેચવાનો ધંધો મુંબઈ ઉપરાંત ગુજરાત દિલ્હી, બુલંદ શહેર, ગાઝિયાબાદ સહિત રાજસ્થાનનાં અમુક શહેરોમાં પણ ફેલાયો છે. એક રીતે કહીએ તો ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારમાં લાખો લિટર નકલી દૂધ વેચાઈ રહ્યું છે, એ આપણા દેશ અને તેની પ્રજાની કમનસીબી છે.

ભારતનું કુલ વાર્ષિક દૂધ ઉત્પાદન આશરે ૨૪.૭ કરોડ ટન (૨૦૨૪-૨૫માં) છે. આ રીતે આપણા દેશની ગણના વિશ્વના સૌથી વધુ માત્રામાં દૂધ ઉત્પન્ન કરનારા દેશ તરીકે થાય છે. આખા વિશ્વનું કુલ ૨૫ ટકા દૂધ ભારત તૈયાર કરે છે. ભારતના જે કુલ પાંચ રાજ્યો દેશમાં ઉત્પાદિત દૂધમાં ૫૪ ટકા ફાળો આપે છે તેમાં યુ. પી., રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર મુખ્ય છે. દેશની રાજધાની દિલ્હીમાં દરરોજ લગભગ ૩૦ લાખ ટન દૂધની જરૂર પડે છે. આમાંથી લગભગ ૧૮ લાખ ટન જેટલું દૂધ શહેરની પ્રતિષ્ઠિત ડેરી અને દિલ્હી દૂધ સેવા દ્વારા મળી રહે છે. ઉપરાંત દિલ્હીની નાની-મોટી લગભગ ૬૦૦ જેટલી ડેરી ચાર લાખ ટન દૂધની વહેંચણી કરે છે. ટૂંકમાં દિલ્હીમાં દૂધની તંગી સતત અનુભવવા મળે છે. બસ આ જ તંગીમાંથી ગંદા અને બનાવટી દૂધનો જન્મ થયો.

સિન્થેટિક દૂધ વેચવાનો વ્યવસ્થિત અને મોટાપાયે ધંધો કરતી ટોળીઓ જાણીતી ડેરીઓની દૂધની ખાલી થેલીઓ ખરીદી લે છે. ત્યારબાદ તેઓ પ્લાસ્ટિકની કોથળીઓને કોઈ એક ખૂણેથી કાપી લઈને તેમાંથી ત્રીજા ભાગ જેટલું શુદ્ધ દૂધ કાઢી લઈ તેની જગ્યાએ કૃત્રિમ અને પ્રદૂષિત દૂધ ઉમેરી દે છે. આટલું જ નહીં આ તત્ત્વો તો એક વખત ઉપયોગમાં લેવાયેલી પ્લાસ્ટિકની કોથળીઓમાં પણ બનાવટી અને ગંદુ દૂધ ભરીને બજારમાં વેચે છે.

જો કે મહત્ત્વનો સવાલ એ છે કે આ પ્રકારનું ષડયંત્ર એકદમ છેલ્લા એટલે કે દૂધના વેચાણના તબક્કે જ શક્ય છે કારણ કે આ તબક્કે તેમના પર ધ્યાન રાખનાર કે પકડનાર કોઈ નથી હોતું. જો કે અમુક પ્રતિષ્ઠિત ડેરીઓ હવે એકદમ સજાગ થઇ ગઈ હોવાથી તેણે જુદા જુદા તબક્કે ખાસ માણસોની ટુકડી ગોઠવી દીધી છે.

> **દુષિત પાણી, સસ્તા પામ ઓઇલ અને કોસ્ટિક સોડા મિશ્રિત દૂધનું બેધડક અને બેરોકટોક ચાલતું કૌભાંડ. ૧૦૦ લિટર અસલી દૂધમાં નકલી દૂધ ઊમેરીને ૫૦૦ લિટર દૂધ બનાવીને તગડો નફો રળવામાં આવે છે**

કારણ કે ગ્રાહકોનાં મનમાં તો અમુક તમુક ડેરી સામે જ શંકા જાય છે અને તેથી લોકોમાં પોતાની આબરુનું ધોવાણ ન થાય તેનું ધ્યાન રાખી મોટી ડેરીઓ દૂધનાં વેચાણનાં કેન્દ્રો પર આકસ્મિક તપાસ પણ કરે છે. પરંતુ સામાન્ય માનવી શુદ્ધ અને નકલી દૂધ વચ્ચેનો ભેદ જલદીથી પારખી નહીં શકતો હોવાથી પોતાના શરીરમાં રોજ થોડું થોડું ઝેર રેડતો જાય છે, અને એક દિવસ તેનું શરીર જુદા જુદા રોગનું ઘર બની જાય છે.

નકલી અને જોખમી દૂષિત દૂધનો ગંદો વેપાર આટલેથી જ નથી અટકતો. અમુક વેપારીઓ તો કાચા દૂધને લાંબા સમય સુધી જાળવી રાખવા તેમાં જુદા જુદા રસાયણો, જંતુનાશક પદાર્થ અને ઘનતા (ફૅટ) વધારે તેવા પદાર્થ પણ ઉમેરે છે. જો કે આવા દૂધમાંથી બનાવેલાં દહીં, ઘી અને મીઠાઈ પણ એકદમ ઉતરતી કક્ષાનાં હોય છે.

આ દૂધ લોકો સુધી પહોંચે એ પહેલાં ગાય- ભેંસ જેવાં દૂધાળા ઢોર ઉપર પારાવાર અત્યાચાર ગુજારવામાં આવે છે. પુણેના એક પશુ કલ્યાણ સંગઠને બે વર્ષ સુધી કરેલા દેશવ્યાપી અભ્યાસને અંતે ડેરી ઉદ્યોગની આ કાળી અને કારમી બાજુ સામે આવી છે. ઢોરને કૃત્રિમ ગર્ભધાન કરાવવા બિનઅનુભવી

અનુસંધાન પાનાનં ૦૬ પર






# આ છે ત્રીજા નેત્રની પ્રસાદી!

**પારિજાતનો પરિસંવાદ**
**ડૉ. કુમારપાળ દેસાઈ**

કોઈ ગ્રંથનું સર્જન અધ્યાત્મની આખી દિશા પલટી નાખે છે. આવા એક ગ્રંથની રચના વિ. સં. ૧૯૫૨ના આસો વદ એકમના દિવસે નડિયાદની ધરતી પર થઈ. એ દિવસે આત્મસિદ્ધિશાસ્ત્ર દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટેનું ઉપનિષદ આપે છે. આગામી મંગળવારનો આસો વદ એકમનો દિવસ એટલે 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર'ના પ્રાગટ્યનો પાવન દિવસ. 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર'માં આત્મઅનુભવ, આત્મપ્રતીતિ અને આત્માનંદ એ ત્રણેયનો અનુપમ સમન્વય થયો છે. એની એકસો બેતાલીસ ગાથામાં ષડ્દર્શનને આવરી લીધું છે. એટલું જ નહીં, પણ ધર્મની વર્તમાન સ્થિતિ અને એ વિષયમાં પ્રવર્તતી આશંકાઓ પણ એમણે સહજમાં વ્યક્ત કરી છે.

જિજ્ઞાસા એ ધર્મની ગંગોત્રી છે. એ ગંગોત્રીમાંથી જ્ઞાનની ગંગા પ્રવાહિત થાય છે. પ્રત્યેક ધર્મમાં પ્રશ્નોત્તરી દ્વારા આધ્યાત્મિક માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ભગવાન મહાવીર અને ગુરુ ગૌતમસ્વામી, શ્રીકૃષ્ણ અને અર્જુન, ભગવાન બુદ્ધ અને ભિખ્ખુ આનંદ તથા ઈસુખ્રિસ્ત અને એમનાં શિષ્યો દ્વારા પૂછાતા પ્રશ્નો મળે છે, પરંતુ આવી પ્રશ્નોત્તરીની બાબતમાં જૈનદર્શનમાં એક આગવી પ્રણાલિકા જોવા મળે છે. જેમાં ઉત્તર આપનાર જ પ્રશ્ન પ્રસ્તુત કરે છે અને એ જ એનું નિરાકરણ આપે. આનું કારણ એ કે એ જ્ઞાનીનાં જ્ઞાનમાં સામેની વ્યક્તિને સતત કનડતો સંશય કે મનમાં રહેલો મહાપ્રશ્ન આવી જતો હોય છે અને તેથી એ જ્ઞાની જ પ્રશ્નને રજૂ કરે છે અને એનો ઉત્તર પણ એ સ્વયં આપે છે.

ભગવાન મહાવીરે આ રીતે અગિયાર વિદ્વાન ગણધરોનાં સંશયનું નિરાકરણ બંને કર્યું હતું અને એ જ પ્રકારનું આલેખન 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં થયું છે. અહીં આ ગ્રંથમાં છ શંકાઓ દર્શાવી છે અને એની સાથોસાથ એ શંકાઓનું સમાધાન પણ આપ્યું છે. એક અર્થમાં કહીએ તો, આ ગ્રંથિઓને છોડી આપનારો ગ્રંથ છે. મનની ઘણી ગાંઠોને અધ્યાત્મથી ઉકેલી આપે છે. કરુણા, કવિતા અને કલ્યાણનો ત્રિવેણીસંગમ અહીં સધાયો છે. કરુણા એટલે સમગ્ર માનવજાતિ અને પૃથ્વી પરની અન્ય જાતિઓ પ્રત્યેની કરુણા. કલ્યાણ એટલે સર્વધર્મસમભાવ નહીં, પણ સર્વ જીવ સમભાવ અને કવિતા એટલે હોઠ પર રમે, હૃદયમાં એનો ગુંજારવ થાય અને આત્મામાં એ ખીલવા લાગે. 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' એ અર્થમાં આત્માની અમૃત કલા છે.

અહીં કોઈ મતાગ્રહ, પક્ષપાત કે કષાયનું ખંડન-મંડન નથી, પરંતુ આત્માના માર્ગ પર પથરાયેલું સત્યનું અજવાળું જોવા મળે છે. વળી અન્ય ગ્રંથોની માફક અહીં વર્ણનો કે દૃષ્ટાંતો જોવા મળતા નથી, તો બીજી બાજુ સૈદ્ધાંતિક તાત્વિક ગ્રંથ જેવી કઠિનતા પણ જોવા મળતી નથી. બલ્કે એક સહજતાનો અનુભવ થાય છે.

**આત્માની તળેટીમાંથી આત્મસિદ્ધિના શિખર સુધીની અંતર્યાત્રાનું આમાં વાત છે. પહેલી વાત છે અંતરનું આંગણું ચોખ્ખું કરવાની, પહેલું કામ છે આત્માની શુદ્ધિનું. આત્મશુદ્ધિ વિના સઘળું વ્યર્થ છે. એના વિના ભક્તિ લાગણીવેડા થઈ જાય અને યોગ વ્યાયામ થઈ જાય અને તેથી આત્મ ઓળખનાર ઉપાયો બતાવીને અહીં આત્મસિદ્ધિની પ્રક્રિયા બતાવી છે**

આસો વદ એકમના દિવસે શ્રીમદ્ રાજચંદ્ર સંધ્યા સમયે બહારથી આવ્યા અને પોતાની સાથે રહેલા મહામુમુક્ષુ શ્રી અંબાલાલભાઈને ફાનસ ધરીને ઊભા રહેવાનું કહ્યું. એ પછી મેજ પર રાખેલા કાગળો પર એમણે 'આત્મસિદ્ધિશાસ્ત્ર'નું લેખન કર્યું. કોઈ અનુપમ પ્રેરણાનો સ્રોત વહેવા લાગ્યો, ગહન જ્ઞાનનું ઝરણું અસ્ખલિત રૂપે અક્ષર આકારે પ્રગટવા લાગ્યું. જાણે ઉર્ધ્વ આધ્યાત્મિક ભાવરૂપી કલમથી, ગહનચિંતનનાં નવનીતરૂપ શાહીથી આતમને જગાડનારી અને ઓળખાવનારી કાવ્યપંક્તિઓ પ્રગટ થવા લાગી. આવા ગહન-આધ્યાત્મિક કાવ્યની રચના તો ઘણો લાંબો સમય માંગી લે, પણ શ્રીમદ્ રાજચંદ્રએ માત્ર દોઢ કલાક જેટલાં ટૂંકા સમયમાં અને એક જ બેઠકે આ મહાન શાસ્ત્રનું સર્જન કર્યું.



૧૪૨ દોહરામાં સરળ, મધુર ભાષામાં આત્મતત્ત્વના યથાર્થ સ્વરૂપનું આમાં યથાર્થ નિરૂપણ મળે છે, જે સમય જતાં મુમુક્ષુના હૃદયની અમૃતવેલ બની જાય છે.

જુઓ ! અધ્યાત્મપથના યાત્રીઓ આ ગ્રંથને કેવાં કેવાં વિશેષણોથી નવાજે છે. કોઈ એને અનાદિ મોહનિંદ્રામાંથી જગાડનાર કહે છે, તો કોઈ વિસારી મુકેલા આત્મજ્ઞાનનું સ્મરણ કરાવનાર કહે છે, કોઈ મોહાસ્ત્રને બ્રહ્માસ્ત્રથી પરાજિત કરવાનું રહસ્ય દર્શાવનાર પરમ પવિત્ર, નિર્મળ અને નિર્દોષ શાસ્ત્ર કહે છે, તો કોઈ અંતર્ધાન થઈ ગયેલાં આત્માને પ્રગટ કરનાર મહાગ્રંથ કહે છે.

'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' વિશેનાં આ વચનો એ માત્ર વાક્યો નથી, પરંતુ એમાં સાધકના શ્વાસરૂપ અનુભૂતિઓ છે. આ આત્મસિદ્ધિશાસ્ત્ર એ 'ત્રીજા નેત્રની પ્રસાદી' છે. કોઈ શાસ્ત્રગ્રંથમાં રજૂ થયેલા તર્કને ટેકાની જરૂર પડે, જ્યારે આ ગ્રંથમાં પ્રગટેલા આત્માનુભવને કોઈ આધારની જરૂર નથી. કવિતા અને અધ્યાત્મ બંને અહીં એકરૂપ થઈ ગયા છે અને તેથી અંતરની ઊર્ધ્વ ઊર્મિ આત્મજ્ઞાનના શિખર પર પલાંઠી લગાવીને અહીં અધ્યાત્મનો અર્ક આપે છે. તેઓ લખે છે :

જબ જાન્યો નિજરૂપકો,
તબ જાન્યો સબ લોક;
નહિ જાન્યો નિજરૂપકો, સબ
જાન્યો સો ફોક.

સહેજ ઊંડું ચિંતન કરીએ તો ખ્યાલ આવશે કે જ્ઞાની પુરુષની કરુણા બે પ્રકારે વહેતી હોય છે. એક કરુણા બહિર્મુખ હોય છે અને બીજી કરૂણા અંતર્મુખ બહિર્મુખ કરૂણા એ જગતમાં આધિ, વ્યાધિ, ઉપાધિથી ઘેરાયેલા માનવીઓને પીડામાંથી મુક્ત કરવાનું કામ કરે છે. અંતર્મુખ કરુણા એ એવી કરુણા હોય છે કે જેનો અનુબંધ આત્મા સાથે હોય છે. એક કરુણાને શરીરને લક્ષમાં રાખવામાં આવે છે. જ્યારે અહીં દેહાતીત અવસ્થાનો વિચાર કરવામાં આવે છે. કર્મરહિત થયા વિના દેહરહિત થવાતું નથી. અને કર્મરહિત તો જ થવાય જો રાગદ્વેષ રહિત થવાય.

આમ આત્મસિદ્ધિશાસ્ત્ર એ દેહહિતની નહીં, પણ આત્મહિતની વાત કરે છે. જેને માત્ર આત્મહિત જ ખપે છે, એ તરફ લક્ષ્ય કરે છે તેને માટે આ કૃતિ ઉપયોગી છે. વ્યક્તિ જીવનમાં ભિન્ન ભિન્ન પ્રયોજનથી કાર્ય કરતી હોય છે, એ પુત્રેષણા, લોકેષણા કે વિત્તેષણાથી ઘેરાયેલી હોય છે. આવી રીતે સત્તા, સંપત્તિ કે સુખની પાછળ દોડતી હોય તેવી વ્યક્તિઓને જેમાં સ્વહિત દેખાય છે તેને માટે આત્મસિદ્ધિ નથી. આ આત્મસિદ્ધિ એ તો જે આત્મહિતનું ચિંતન કરે છે, તેને માટે છે.

આવી આત્મશુદ્ધિને આત્મસાત કરવા માટે પહેલી શરત આત્માર્થી બનવાની છે. આત્મહિત દ્વારા માનવહિત જોનારા જ્ઞાનીપુરુષો એ માત્ર પોતાની આત્મસમાધિમાં રમમાણ રહેતા હોય છે. એમને સંસારમાં આવવાની પણ આવશ્યકતા હોતી નથી. મૌન, એકાંત અને સર્વસંગ પરિત્યાગમાં એ ડૂબેલા હોય છે પરંતુ કોઈ મુમુક્ષુ જીવ હોય તો એનું કલ્યાણ કરવાના હેતુથી આવા જ્ઞાનીપુરુષો આવું સર્જનકાર્ય કરતા હોય છે. ધ્યાન, સમાધિ અને આંતરિક અવસ્થામાંથી બહાર આવીને કોઈ સત્પાત્ર હોય, તો તેનો ઉદ્ધાર કરતા હોય છે. એમાં પણ જ્યારે વીતરાગના મૂળમાર્ગ પર અનેક આવરણો આવી ગયા હોય અને ક્યાંક તો બાહ્યાડંબરના વાદળોએ મૂળ માર્ગને ઢાંકી દીધો હોય ત્યારે આવા સત્પુરુષ પોતાનું સત્યદર્શન આપે છે.

**જિજ્ઞાસા એ ધર્મની ગંગોત્રી છે. એ ગંગોત્રીમાંથી જ્ઞાનની ગંગા પ્રવાહિત થાય છે. પ્રત્યેક ધર્મમાં પ્રશ્નોત્તરી દ્વારા આધ્યાત્મિક માર્ગદર્શન આપવામાં આવ્યું છે**

વળી બીજી બાજુ ધર્મ પર સંકુચિત સાંપ્રદાયિકતા વર્ચસ્વ જમાવીને બેઠી હોય તેવે સમયે ધર્મના મૂળ તત્વોને બતાવવા અને એમાં રહેલો આત્મસત્યનો પ્રકાશ પ્રગટાવવા પ્રયત્ન કર્યો છે અને આને માટે જેઓ રાગ અને દ્વેષથી રહિત છે એવા વીતરાગની ઓળખ આપી.

આત્માની તળેટીમાંથી આત્મસિદ્ધિના શિખર સુધીની અંતર્યાત્રાનું આમાં વાત છે. પહેલી વાત છે અંતરનું આંગણું ચોખ્ખું કરવાની, પહેલું કામ છે આત્માની શુદ્ધિનું. આત્મશુદ્ધિ વિના સઘળું વ્યર્થ છે. એના વિના ભક્તિ લાગણીવેડા થઈ જાય અને યોગ વ્યાયામ થઈ જાય અને તેથી આત્મ ઓળખનાર ઉપાયો બતાવીને અહીં આત્મસિદ્ધિની પ્રક્રિયા બતાવી છે. સદેવ, સદ્ગુરુ અને સદ્ધર્મની પ્રાપ્તિ થાય તો જ મોક્ષ પ્રાપ્ત થાય.

કેવી વિરોધી લાગતી બાબતો અહીં એક સાથે નજરે પડે છે. એમાં સરળતાની સાથે અર્થગહનતા છે, અધ્યાત્મ આલેખન સાથે પૂર્ણ રૂપે મધુરતા છે. આમ વિરોધી બાબતો અહીં એક સાથે જોવા મળે છે અને આજે જે અશુભ આસના, વાસનામાં ધર્મ ખૂંપી ગયો છે, ત્યારે આત્મસિદ્ધિ એ આવતીકાલને ઉજાળનારી દીવાદાંડી જ ગણાય.

# નિષાદ કુમારે અકસ્માતને આશીર્વાદમાં ફેરવીને વૈશ્વિક ઓળખ ઉભી કરી

**Sports ફન્ડા**
**રામકૃષ્ણ પંડિત**

દરેકની જિંદગીમાં સતત નવા-નવા પડકારો આવતા જ રહે છે. આ પડકારો જ વ્યક્તિને તેની ખરી ક્ષમતાની ઓળખ કરાવે છે. જૂજ પ્રતિભાઓ પડકારનો સામનો કરવાનો જુસ્સો બતાવે છે અને તેના થકી જ તેઓ પોતાની પ્રતિભાનું કદ વૈશ્વિક સ્તર સુધી વિસ્તારવામાં સફળ થાય છે. કોઈ પણ પરિસ્થિતિને તાબે થયા વિના સતત પોતાના સ્વપ્નને સાર્થક કરવાનો પ્રયાસ કરવામાં આવે તો આ દુનિયામાં અશક્ય જેવો કોઈ શબ્દ નથી.આ જ કારણે કહેવાય છે કે,જ્યા ચાહ, ત્યાં રાહ. માત્ર દ્રઢ ઈચ્છા શક્તિ અને મનોબળને સહારે એવરેસ્ટની ઊંચાઈને પણ હાંસલ કરી શકાય છે. ભારતના પેરા એથ્લીટ નિષાદ કુમારે જાપાનમાં ચાલી રહેલી એશિયન પેરા ગેમ્સમાં બેવડા સુવર્ણ ચંદ્રક જીતવાની સાથે ઈતિહાસ રચી દીધો છે.

બાળપણમાં એક અકસ્માતમાં જમણા હાથનો કોણીથી આગળનો ભાગ ગુમાવનારા નિષાદ કુમારે શરીરની મર્યાદાને મન પર હાવી થવા દીધી નથી. જિંદગી એ તેની સામે જે પડકાર ફેંક્યો તેનો સામનો કરતાં આગળ વધવાની રાહ શોધી કાઢી છે અને આ કારણે તે દેશના સૌથી સફળ પેરા એથ્લીટ્સમાં સ્થાન ધરાવે છે. નિષાદે જાપાનમાં ચાલી રહેલી એશિયન પેરા ગેમ્સમાં લાંબી કૂદમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો અને ત્યાર પછીના દિવસે ઊંચી કૂદમાં પણ અન્ય હરિફો કરતાં આગળ રહેતા વધુ એક સુવર્ણ ચંદ્રક ભારતના નામે કર્યા હતો. એશિયન પેરા ગેમ્સના ઈતિહાસમાં એક જ ગેમ્સમાં બે સુવર્ણ ચંદ્રક જીતનારો તે ઈતિહાસનો માત્ર ત્રીજો ભારતીય ખેલાડી બની ગયો છે. અગાઉ ૨૦૨૨માં હાંગઝોઉ એશિયન ગેમ્સમાં મહિલા તીરંદાજ શીતલ દેવી અને એથ્લીટ અંકુર ધામા આવી સિદ્ધિ મેળવી ચૂક્યા છે.

નિષાદ કુમાર આંતરરાષ્ટ્રીય પેરાલિમ્પિક સમિતિના માપદંડો અનુસાર પેરા એથ્લેટિક્સની ટી૪૭ કેટેગરીની સ્પર્ધામાં ભાગ લે છે. આ કેટેગરીમાં હાથના કાંડા કે કોણીથી નીચેના ભાગની દિવ્યાંગતા ધરાવતા ખેલાડીઓ ભાગ લેતા હોય છે. નિષાદની એશિયન પેરા ગેમ્સની કારકિર્દીનો આ ત્રીજો સુવર્ણ ચંદ્રક છે. તેણે અગાઉ ૨૦૨૨ની હાંગઝોઉ પેરા ગેમ્સમાં પણ ઊંચી કૂદમાં એશિયન ચેમ્પિયન તરીકેનો ખિતાબ હાંસલ કર્યો હતો. નિષાદે આ વખતે પહેલીવાર લાંબી કૂદમાં પણ ભાગ લેવાનો નિર્ણય લીધો અને તેમાં ટોચનું સ્થાન મેળવીને ઈતિહાસ રચ્યો.




છ ફૂટ અને ચાર ઈંચ ઊંચાઈ ધરાવતા નિષાદ કુમારની વિશેષતા ઊંચી કૂદની રમતમાં રહી છે અને પેરાલિમ્પિક જેવા દિવ્યાંગોના મહા રમતોત્સવથી લઈને વર્લ્ડ પેરા ચેમ્પિયનશિપ્સમાં તેમણે એકથી વધુ ચંદ્રકો પણ હાંસલ કર્યા છે. જે તેમની વિશિષ્ટ પ્રતિભા અને દ્રઢ નિર્ધારને દર્શાવે છે. આ ઉપરાંત રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં તેમણે પોતાનો આગવો દબદબો પ્રસ્થાપિત કરતાં ખિતાબી જીત હાંસલ કરી દેખાડી છે. સખત મહેનત અને દુનિયાને કંઈક કરી બતાવવાના જઝ્બાને સહારે સફળતાના નવા-નવા શિખરો સર કરી રહેલા નિષાદ કુમારે તેમના પરિવારની આર્થિક મુશ્કેલીઓને પણ દૂર કરી છે.

જાપાન એશિયન ગેમ્સમાં સફળતા મેળવવાના વિશ્વાસ પર ખરા ઉતર્યા બાદ નિષાદે કહ્યુ કે, હું અહીં આવવા માટે રવાના થયો, ત્યારે મારા માતા-પિતા અને નાની બહેન રામાને કહીને જ આવ્યો હતો કે, આ વખતે હું બે સુવર્ણ ચંદ્રક જીતીને પાછો ફરીશ. મેં બંને ઈવેન્ટમાં સુવર્ણચંદ્રક જીતવાની સાથે મારું વચન પાળ્યું છે. સફળતા મેળવ્યા બાદ પરિવાર સાથેની મારી વાતચીત અત્યંત લાગણીસભર રહી હતી. એશિયન ગેમ્સમાં ફરી વખત પોતાની પ્રતિભાનું પ્રમાણ આપ્યા બાદ નિષાદે હવે આગામી વર્લ્ડ ચેમ્પિયન અને ત્યાર બાદ ૨૦૨૮માં યોજાનારા લોસ એંજલસ ઓલિમ્પિક તરફ મીટ માંડી છે.

આંતરરાષ્ટ્રીય પેરા એથ્લેટિક્સમાં આઠ ચંદ્રકો જીતી ચૂકેલા નિષાદ કુમારનો જન્મ હિમાચલ પ્રદેશના અંબ નામના શહેરમાં થયો હતો. તેના પિતા રસપાલ સિંઘનું બદાયુમાં ખેતી કામ કરતાં. નિષાદની માતા પુષ્પા દેવી પણ પતિની મદદ કરતી. પુષ્પા દેવી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વોલીબોલ ખેલાડી તરીકે ભાગ લઈ ચૂક્યા હતા. તેઓ ચક્ર ફેંકના પણ ખેલાડી હતા. બાળપણમાં નિષાદ અન્ય બાળકોની સાથે રમતોમાં ભાગ લેતો. જોકે, તે પરિવારની સાથે ખેતરે ગયો હતો,ત્યાં પૂળા કાપવાના મશીનમાં તેનો જમણો હાથ આવી ગયો અને આ કારણે તેને કોણીની નીચેનો ભાગ ગુમાવવો પડ્યો.

અકસ્માતમાં હાથ ગુમાવવા છતાં નિષાદે હિંમત ન હારી. તેણે એથ્લેટિક્સમાં આગળ વધવાનો નિર્ણય લીધો અને શાળાકીય સ્પર્ધામાં ૧૦૦ અને ૨૦૦ મીટરની દોડની સાથે તે ઊંચી કૂદમાં પણ ભાગ લેવાનું શરુ કર્યું. આ પછી ધીરે ધીરે તેણે માત્ર ઊંચી કૂદની રમતમાં જ ધ્યાન કેન્દ્રીત કર્યું. શરુઆતમાં તને પેરા સ્પોર્ટ્સ અંગે કોઈ માહિતી જ નહતી અને આ કારણે તે અન્ય સામાન્ય (કોઈ ખોડ-ખાંપણ ન ધરાવતા) ખેલાડીઓની સાથે જ સ્પર્ધામાં ઉતરતો. તેણે ૨૦૧૩માં પટિયાલા ખાતે યોજાયેલી નેશનલ સ્કૂલ ગેમ્સમાં રજત ચંદ્રક હાંસલ કર્યો હતો. તે આ પછી જુનિયર લેવલની તૈયારીમાં વ્યસ્ત બની ગયો. સ્થાનિક લેવલની સ્પર્ધામાં તો તેણે ભલભલા કોઈ અભાવ ન ધરાવતા ખેલાડીઓને પણ હરાવ્યા હતા.

**બાળપણમાં ઘાંસ કાપવાના મશીનમાં હાથ આવી જતાં દિવ્યાંગ બનેલા નિષાદે એશિયન પેરા ગેમ્સમાં ત્રણ સુવર્ણ જીતવાની સાથે પેરાલિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પણ ચંદ્રકો જીતી બતાવ્યા છે**

૨૦૧૭માં નિષાદ અંડર-૧૯ની નેશનલ્સની તૈયારી કરી રહ્યો હતો અને આ દરમિયાન રાજ્ય સ્તરે ઊંચી કૂદમાં મળેલી સફળતાના પગલે તેને ૩૫૦૦ રુપિયાનું રોકડ ઈનામ મળ્યું હતુ. યુવાવસ્થામાં ડગ માંડવા માટે થનગની રહેલા નિષાદને તેના પરિવારજનોએ સ્માર્ટફોન ભેટમાં આપ્યો કારણ કે તે પરિવારથી દૂર જઈ રહ્યો હતો. આ તબક્કે તેણે ઈન્ટરનેટ પર પેરા એથ્લેટિક્સની ઈવેન્ટ્સ જોઈ હતી. આ પછી તેને પેરા એથ્લેટિક્સની સ્પર્ધામાં ભાગ લેવાની સલાહ મળી અને આ તબક્કે તેણે માત્ર પેરા એથ્લેટિક્સ તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું.

નવા સ્માર્ટ ફોન પર નિષાદ આંતરરરાષ્ટ્રીય એથ્લેટિક્સના સ્ટાર ખેલાડીઓની ઈવેન્ટ્સ જોતો અને તેમની તકનિકનો અભ્યાસ કરતો. તે કતરના મુટાસ બાર્શિમના વિડિયો જોઈને ઘણું શીખ્યો અને આખરે ૨૦૧૭માં પાંચકુલમાં આવેલા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સેન્ટરમાં તેની તાલીમ શરુ થઈ. ત્રણ વર્ષની તાલીમ બાદ તેણે ૨૦૧૯ની વર્લ્ડ પેરા ચેમ્પિયનશિપમાં દુબઈ ખાતે કાંસ્યચંદ્રક હાંસલ કર્યો. તેણે આ સફળતાની ઉજવણી કરતાં દુબઈથી તેના પિતા માટે એક ટોર્ચ ખરીદી, જેથી તેમને રાત્રે ખેતરે જવા-આવવામાં મુશ્કેલી ન પડે.

નિષાદની કારકિર્દીના પ્રારંભે જ કોરોનાએ દેશ-દુનિયા પર ભરડો લીધો. આ મુશ્કેલ સમયમાં પણ તેણે પ્રેક્ટિસ જારી રાખી હતી. આખરે તેની પસંદગી ૨૦૨૦ની ટોકિયો ઓલિમ્પિક માટેની ટીમમાં કરવામાં આવી. જોકે ગેમ્સ અગાઉ તે ફરી વખત કોરોના પોઝિટીવ આવ્યો હતો., પણ તેની હાલતમાં ઝડપથી સુધારો જોવા મળ્યો અને આખરે તેણે ટોકિયો પેરાલિમ્પિકમાં પહેલી વખત રજત ચંદ્રક જીતી બતાવ્યો હતો. પેરાલિમ્પિકની સફળતાના પગલે નિષાદને રાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ મળી અને તેની આર્થિક સ્થિતિ પણ સુધરી.

આ પછી તેણે સળંગ ત્રણ પેરા વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સુવર્ણ સહિતના ચંદ્રક જીતવાની સાથે દિગ્ગજ પેરા એથ્લીટ્સની બરોબરી મેળવી લીધી હતી. તેણે પેરિસ પેરાલિમ્પિકમાં પણ રજત ચંદ્રક જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. નિષાદની એશિયન પેરા ગેમ્સની સફળતા દર્શાવે છે કે, હજુ તેનામાં વધુ ચંદ્રકો જીતવાનો જુસ્સો બરકરાર છે. તેની નજર હવે પેરાલિમ્પિકમાં સુવર્ણચંદ્રક જીતવા તરફ છે.

# અહંકારનો અગ્નિ લંકા બાળે જ છે...

**ઝાકળઝંઝા**
**રવિ ઈલા ભટ્ટ**

સાબરમતીના શાંત વહેતા નીર પર સાંજનો કેસરીયો રંગ ઢોળાઈ રહ્યો હતો. અમદાવાદના રિવરફ્રન્ટ પરથી આવતી પવનની ઠંડી લહેરખીઓ વચ્ચે રુદ્ર તેના હાથમાં રહેલી સિગારેટનો ધુમાડો હવામાં વહાવી રહ્યો હતો. સિગારેટની સાથે સાથે રુદ્રની અંદર પણ અગ્નિ ભભૂકી રહ્યો હતો જે શાંત થાય એમ લાગતું નહોતું. દૂર રિવરફ્રન્ટના પશ્ચિમી છેડે સળગી રહેલા રાવણના પૂતળાને તે શાંતિથી જોઈ રહ્યો હતો. તેણે સિગારેટનો એક કસ ખેંચ્યો અને ધુમાડો હવામાં ઉડાડ્યો અને પહોંચી ગયો પોતાના ભૂતકાળના નગરમાં...

અમદાવાદના બિઝનેસ જગતમાં રુદ્ર શેઠ એટલે સફળતાનું બીજું નામ ગમાતું. ભદ્રેશભાઈ શેઠનો એકનો એક પુત્ર અને અત્યંત તેજસ્વી પ્રતિભા ધરાવતો તરવરીયો યુવાન. તીક્ષ્ણ બુદ્ધિ, અઢળક સંપત્તિ અને ધાર્યું કરવાની જીદ. ભદ્રેશભાઈ કરતા તદ્દન જુદો અને આકરો સ્વભાવ. તેમાંય ભદ્રેશભાઈની અકાળ બિમારી અને પથારીવશ થવાની સ્થિતિ બાદ તો રુદ્ર બેફામ થઈ ગયો હતો.

તેણે ફાર્માના બિઝનેસને ભદ્રેશભાઈ કરતા ચાર ગણો વધારે વ્યાપક બનાવ્યો હતો. તેણે અમેરિકા અને બ્રિટનમાં પોતાની કંપનીની શાખ ઊભી કરી હતી. તેમ છતાં તેના સ્વભાવમાં સતત અહંકાર, તોછડાઈ અને આત્મશ્લાઘાના પડઘા પડતા રહેતા હતા. ધનિક પરિવારોની જેમ તેને પણ પેઈન્ટિંગનો શોખ હતો. તે અવારનવાર પેઈન્ટિંગ એક્ઝિબિશનોમાં જતો, જાતભાતના પેઈન્ટિંગ્સ ખરીદતો હતો.

આવા જ એક એક્ઝિબિશનમાં તેની મુલાકાત થઈ વૈદેહીની. પહેલી વખત ધગધગતા અને ઉકળતા રુદ્ર ઉપર કોઈએ પ્રેમના અમીછાંટણા વરસાવ્યા હતા.

વૈદેહી વડોદરાના એક સંસ્કારી, કલાપ્રેમી અને મધ્યમવર્ગીય પરિવારની દીકરી હતી. વૈદેહીનાં સૌંદર્ય અને નિર્દોષતાએ રુદ્રના પથ્થર જેવા હૃદયને ક્ષણભર માટે ડોલાવી દીધું હતું. તેના સૌમ્ય સ્મિત અને ઋજુ અવાજથી રુદ્ર સંમોહિત થઈ ગયો હતો.

પેઈન્ટિંગનો શોખ બંનેના સંબંધની શરૂઆત બન્યો જે લગ્ન સુધી બંનેને ખેંચી ગયો. બંને ઘણો સમય સાથે પસાર કરતા હતા. વૈદેહીને ઘણી વખત રુદ્રની અંદર રહેલી કડવાશનો પરચો થયો હતો પણ છતાં તેને હતું કે, તેના સાથ બાદ રુદ્ર બદલાઈ જશે. એક વખત નર્મદા કેનાલ પાસે બંને ઊભા હતા અને વૈદેહીએ રુદ્રનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું, 'રુદ્ર, માણસ કેટલો મોટો છે તે તેના પૈસાથી, પદથી કે પાવરથી નહીં, પણ તેના મનની મોટાઈથી નક્કી થાય છે. મને વચન આપ કે તું આપણી વચ્ચે ક્યારેય 'હું પણું' નહીં આવવા દે.'

રુદ્રએ માત્ર સ્મિત કર્યું. વૈદેહીને હતું કે, રુદ્ર તેની વાત માની ગયો છે અને રુદ્રના મનમાં હતું કે, હવે આ સ્ત્રી મારા માલિકીભાવ હેઠળ આવી જશે. થવા કાળ થયું પણ એવું જ. ભદ્રેશભાઈની લથડતી તબિયતને પગલે રુદ્ર અને વૈદેહીની ખૂબ જ સાદગીથી લગ્ન થઈ ગયા.



લગ્નના બંધનમાં બંધાયા બાદ બોપલ ખાતે આવેલા રુદ્રના આલીશાન બંગલા 'કૈલાસ'માં વૈદેહીનો પ્રવેશ થયો. શરૂઆતના મહિનાઓ ગુલાબી સપના જેવા વીત્યા. વૈદેહીએ પોતાના આખા અસ્તિત્વને રુદ્રના જીવનમાં ઢાળી દીધું. રુદ્રને સવારે ચા આપવાથી લઈને રાત્રે પોતાના અસ્તિત્વને તેનામાં ઓગાળવા સુધી- વૈદેહીનું સમર્પણ અજોડ હતું. તે પોતાના સપના, પોતાની ચિત્રકળા અને પોતાની ઓળખ બધું જ ભૂલીને માત્ર 'રુદ્રની પત્ની' બનીને જીવવા લાગી હતી.

સમય જતાં રુદ્ર પોતાના મૂળ સ્વભાવમાં આવવા લાગ્યો. તેમાંય ભદ્રેશભાઈના અવસાન બાદ તો સાવ બેફામ થઈ ગયો હતો. એક દિવસ ડાઈનિંગ ટેબલ પર વાતચીત દરમિયાન વૈદેહીએ સહજતાથી કહ્યું, 'રુદ્ર, તારા નવા પ્રોજેક્ટમાં તું જૂના ભાગીદારો સાથે થોડો અન્યાય કરી રહ્યો છે. જીવનમાં સંબંધો સાચવવા ક્યારેક પૈસા કરતાં વધુ જરૂરી હોય છે.'

બસ, આટલી વાતમાં રુદ્રનો પિત્તો ગયો. તેણે ટેબલ પર જોરથી હાથ પછાડ્યો. 'વૈદેહી! માઈન્ડ યોર ઓન બિઝનેસ. તું મને શીખવીશ કે મારે બિઝનેસ કેમ કરવો? તું એક સામાન્ય શિક્ષકની દીકરી છે જેને મેં ટુ બીએચકેના ફ્લેટમાંથી લાવીને આટલા મોટા ઘરમાં રાણી બનાવીને રાખી છે! તારી મર્યાદાઓ ભુલીશ નહીં.'

રુદ્રના આ શબ્દો વૈદેહીના કાન અને હૃદય બંનેને વિંધી ગયા. તેની ઉપર આ પહેલો પ્રહાર હતો. તે ગમ ખાઈ ગઈ અને રૂમમાં જતી રહી. રુદ્રને લેશમાત્ર પસ્તાવો નહોતો કે તેણે શું કરી નાખ્યું. આ રીતે હવે સમય જવા લાગ્યો હતો. રુદ્રની આ અહંકારી વૃત્તિ હવે ઘરના ખૂણે-ખૂણે તાંડવ કરવા લાગી. વૈદેહીનું હાસ્ય સાવ ગાયબ થઈ ગયું હતું. તે જે ઘરમાં રાણી બનીને આવી હતી, તે જ ઘરમાં તે હવે એક અદ્રશ્ય કેદી જેવી બની ગઈ હતી. તે હવે રુદ્ર માટે માત્ર શારીરીક જરૂરિયાત પૂરી કરવાનું ઘરનું સાધન હતી. ગમે ત્યારે માફી માગવી અને રાત્રે, સોરી હું તને ખૂબ જ પ્રેમ કરું છુંનું રટણ કરીને શરીર સુખ માણી લેવું. વૈદેહી મનોમન તૂટી રહી હતી.

આ વલોપાત વચ્ચે એક વર્ષે ઘરમાં સુખની સોનેરી કિરણ દેખાઈ હતી. વૈદેહી ગર્ભવતી બની. સમાચાર મળ્યા કે જોડિયા બાળકો છે. આ સમાચાર સાંભળીને રુદ્ર થોડો ખુશ થયો, પણ એ ખુશીમાં પણ તેનો અહંકાર ડોકાતો હતો : 'મારા વારસદારો આવશે. શેઠ પરિવારના ઉત્તરાધિકારી!' તેણે દીકરા જ આવશે તે નક્કી કરી લીધું પણ વૈદેહીની તબિયત વિશે એક વાર પણ ન પૂછ્યું. તેના માટે બાળક પણ તેની પ્રતિષ્ઠાનો એક ભાગ માત્ર હતો.

ગર્ભાવસ્થાના સાતમા મહિને વૈદેહીની તબિયત અચાનક લથડી. તેને અસહ્ય પીડા થવા લાગી. તે દિવસે અમદાવાદમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો હતો. રુદ્રપોતાની ઑફિસમાં એક મોટી મલ્ટી-નેશનલ ડીલ સાઈન કરવામાં વ્યસ્ત હતો. વૈદેહીએ ધ્રૂજતા હાથે ફોન જોડ્યો.

'રુદ્ર... પ્લીઝ ઘરે આવ... મારી તબિયત બહુ ખરાબ છે... મને હોસ્પિટલ લઈ જા...' વૈદેહીના અવાજમાં અસહ્ય પીડા હતી.

'વૈદેહી, તું દર વખતે ડ્રામા કેમ કરે છે? તને ખબર છે આજે મારી કેટલી મોટી મીટિંગ છે? ડ્રાઈવર ઘરે જ છે. વાસંતી પણ નીચે જ છે. એ લોકોની સાથે હોસ્પિટલ જતી રહેજે. મને ડિસ્ટર્બન ન કરીશ. મિટિંગ પતાવીને હું હોસ્પિટલ આવી જઈશ.' -રુદ્રએ સાવ તોછડાઈથી જવાબ આપીને નિર્દયતાથી ફોન કટ કરી દીધો.

**'રુદ્ર તે વિલાપ કરવાનો પણ અધિકાર ગુમાવી દીધો છે. તારા સંતાનો નહીં પણ તારા વારસદારો ગુમાવવાનો આ વિલાપ છે. હવે તું તારી પત્ની પણ ગુમાવીશ.'**

ઘરમાં વૈદેહી એકલી હતી. નોકરો દોડાદોડ કરી રહ્યા હતા. ભારે વરસાદને કારણે રસ્તાઓ જળબંબાકાર હતા. ડ્રાઈવર ગાડી કાઢે તે પહેલાં જ વૈદેહી જમીન પર ઢળી પડી. તેના શરીરમાંથી લોહી વહી રહ્યું હતું અને આંખોમાંથી અશ્રુ. હોસ્પિટલ પહોંચતાં પહોંચતાં ઘણું મોડું થઈ ગયું હતું.

રુદ્ર મીટિંગ પતાવીને, પોતાની સફળતાની ઉજવણી કરતો કરતો હોસ્પિટલ પહોંચ્યો, ત્યારે રૂમમાં સ્મશાન જેવી શાંતિ હતી. ડૉક્ટરે આવીને અત્યંત ગંભીર ચહેરે કહ્યું, 'મિસ્ટર રુદ્ર, તમે બહુ મોડું કરી દીધું. અંદર ગંભીર ઈન્ટરનલ બ્લીડિંગ થઈ ગયું હતું. અમે તમારા એક બાળકને બચાવી ન શક્યા... તમારું એક બાળક થોડું સિરિયસ છે. અમે તેને નિયોનેટલ કેરમાં રાખ્યું છે. બીજી બાબત એ છે કે, વૈદેહીનું ગર્ભાશય ફાટી ગયું હતું. તેની હાલત પણ અત્યંત નાજુક છે, કદાચ બચી જશે પણ તે હવે ક્યારેય માતા નહીં બની શકે.'

અનુસંધાન પાનાનં ૦૬ પર

# વારસો

પ્રણામિ બુચ દેસાઈ

સ્નેહ સદનમાં સવારે દસ વાગ્યાના સમયે રોજ પૂજાની ઘંટડીનો અવાજ અચૂક આવે જ. અનંતરાય રોજ સવારે બરાબર દસ વાગે પૂજા કરે. આ નિત્યક્રમ તેઓ બહુ ભાગ્યે જ ચૂકે. અનંતરાયના પત્નીને પરલોક સિધાવી ગયે આખો એક દાયકો વીતી ગયો હતો. ત્યારબાદ અનંતરાયે પૂજાપાઠમાં જ પોતાનું મન પરોવ્યું હતું. અનંતરાયના સંયુક્ત કુટુંબમાં બે દીકરાઓ અમર અને આનંદ અને તેમનો પરિવાર સાથે જ રાજી ખુશીથી રહેતાં હતાં.

ઘરમાં વડીલ અનંતરાય હતા તેથી બંને દીકરાઓ કે તેમના પરિવાર પર પૂજા પાઠની કોઈ જવાબદારી કે ચિંતા નહોતી. સ્નેહ સદન ખરેખર તેમના નામ પ્રમાણે સ્નેહ સદન જ હતું. અનંતરાય અને તેમનો પરિવાર એકબીજાં સાથે સ્નેહના તાંતણે જોડાયેલા હતાં. અનંતરાયના સદનસીબે બંને પુત્રો અને પુત્રવધૂઓમાં પણ ખુબ સંપ જોવા મળતો હતો. બધાં એકબીજાં સાથે ખુશ હતાં.

એક દિવસ અનંતરાયે બંને પુત્રો અમર અને આનંદને બોલાવ્યા અને કહ્યું 'બેટા અમર અને બેટા આનંદ.. આપણે સહુ સ્નેહ સદનમાં ખુબ જ હળી મળીને અને પ્રેમપૂર્વક રહીએ છીએ. મને થોડા દિવસોથી મનમાં ગડમથલ ચાલી છે, કે તમે બંને ભાઈઓ એકસાથે ખુશ તો છો ને? એવું તો નથી ને કે તમારા બંનેમાંથી કોઈ પોતાની રીતે અલગથી રહેવા માગતું હોય પણ મને કહેવામાં સંકોચ થતો હોય' આ વાત સાંભળીને બંને ભાઈઓ અમર અને આનંદ એકબીજાં સામે જોઈ રહ્યા. થોડીવાર ઓરડામાં શાંતિ છવાઈ ગઈ. ત્યારબાદ અનંતરાયના મોટા દીકરા અમરે ધીરેથી કહ્યું, 'બાપુજી, સ્નેહ સદનમાં આટલાં વર્ષોથી આપણે બધાં સાથે હળી મળીને રહીએ છીએ. આજે તમે પૂછ્યું છે તો મારે એક વાત કહેવી છે' અમર થોડા ખચકાટ સાથે બોલ્યો. અમરે કહ્યું કે બાપુજી જો તમે મંજૂરી આપો તો હું મારા પરિવાર સાથે અલગ ઘરમાં રહેવા જવા માગું છું. એનો અર્થ એવો બિલકુલ ન કરતા કે અમે અહીં એકબીજાં સાથે ખુશ નથી. અને તમારી મરજી મુજબ જ અમે કંઈ પણ નિર્ણય લેશું. થોડીવાર શાંત રહ્યા બાદ અનંતરાય બોલ્યા, 'ચોક્કસ બેટા, તમે લોકો રાજીખુશીથી અલગ રહેવા જઈ શકો છો. અને બેટા આનંદ, તારાં મનમાં પણ જે કંઈ હોય તે નિઃસંકોચ કહી શકે છે.' આનંદે તરત જ પોતાના મનની વાત કહી, 'ના બાપુજી, મારે તો ક્યાંય જવું નથી. જ્યાં તમે છો ત્યાં જ મારું ઘર છે.' અનંતરાય બોલ્યા, 'ઠીક છે બેટા, જેવી તારી મરજી. અને બેટા અમર, તું પણ મનમાં કોઈ પ્રકારના વિચાર કર્યા વગર તારી મરજીથી અલગ ઘરમાં રહેવા જઈ શકે છે. સાથે સાથે બંને ભાઈઓ એક વાત હંમેશાં યાદ રાખજો કે આપણે સહુ સ્નેહથી જોડાયેલા છીએ અને કાયમ રહેશું. ઘર અલગ થવાથી મન અલગ થાય એવું જરા પણ જરૂરી નથી.' ઘરમાં આ વાત થયાના થોડા જ દિવસોમાં અનંતરાયે વકીલને બોલાવી અને એક વીલ બનાવ્યું જેમાં સ્નેહસદનની કુલ કિંમતનો એક હિસ્સો મોટા દીકરા અમરના નામે કર્યો જેથી કરીને અમર તેના પરિવાર સાથે નવાં ઘરમાં રહેવા જઈ શકે. તે સિવાય નાના પુત્ર આનંદના નામે અત્યારે કંઈ જોગવાઈ કરી છે કે નહીં તે અંગેનો કોઈ નિર્ણય જાહેર કર્યો નહીં. આ વાત સાથે બંને પુત્રો સંમત થયા. આનંદના મનમાં બાપુજીએ પોતાના માટે કોઈ વારસો નક્કી કર્યો છે કે નહીં તે બાબતે કોઈ વિચાર કે કોઈ અસંતોષ હતો નહીં. આનંદને મન તો બાપુજી પોતાની સાથે છે તે જ સહુથી મોટો વારસો હતો. થોડા દિવસોમાં અમર તેમના પરિવાર સાથે નવાં ઘરમાં રહેવા ચાલ્યા ગયા. આનંદ અને તેમનો પરિવાર સ્નેહ સદનમાં અનંતરાય સાથે જ પહેલાંની જેમ જ રહેવા લાગ્યા.

થોડા જ સમયમાં અનંતરાયની તબિયત થોડી નરમ રહેવા લાગી. તેમના સવારના નિત્યક્રમમાં પણ તબિયતના કારણે અવરોધો આવવા લાગ્યા. આમ તો અનંતરાયના ભાગે ઘરની કોઈ જવાબદારી નહોતી પણ તેમના સવારના પૂજાપાઠમાં નિયમિતતા જળવાતી નહીં. આ વાતનો અનંતરાયને ભારે અફસોસ રહ્યા કરતો. નાનો દીકરો આનંદ ઘણી વખત બાપુજીને સમજાવવા પ્રયત્ન કરતો કે બાપુજી, તમારાથી પૂજા ન થાય તો કોઈ વાંધો નહીં, મનમાં કશું જ રાખશો નહીં. ઈશ્વર તો આપણી અંદર જ છે, અને તે બધી જ પરિસ્થિતિમાં આપણી સાથે જ છે. અનંતરાય બોલ્યા, 'વાત તો તારી સાચી છે બેટા, પણ પૂજા ન થઈ શકે તો કંઈક બાકી રહી જતું હોય તેવું લાગે છે.' એક દિવસ અનંતરાયની તબિયત નાદુરસ્ત હોવા છતાં પૂજાનો નિત્યક્રમ ન છૂટે તે માટે તેઓ મંદિર પાસે પૂજા કરવા આવ્યા. ત્યાં આવીને તેમણે શું જોયું? તેઓના સુખદ આશ્ચર્ય વચ્ચે આનંદ મંદિરની સામે બેસીને પૂજા કરી રહ્યો હતો. અનંતરાયને આ દ્રશ્ય જોઈને ખુબ જ સંતોષ થયો. ત્યારબાદ તો અનંતરાયની તબિયત વધુ ને વધુ ખરાબ થઈ ગઈ. તે દરમ્યાન પૂજાપાઠની જવાબદારી આનંદે ખુબ જ હોંશભેર સંભાળી લીધી. અનંતરાયના જીવનમાં હવે કોઈ ફરિયાદ ન રહી. થોડા જ દિવસોમાં તેઓનો સ્વર્ગવાસ થયો. બંને દીકરાઓએ મળીને બાપુજીનું બધું જ કાર્ય કર્યું.

અનંતરાયના સ્વર્ગવાસના એકાદ અઠવાડિયામાં જ એક વકીલ સ્નેહસદનમાં આવ્યા. તેમણે જણાવ્યું કે અનંતરાય એક વીલ બનાવીને ગયા છે જે બંને ભાઈઓએ જાણવું જરૂરી છે. વકીલે આનંદના હાથમાં એક પત્ર મૂક્યો, અને કહ્યું કે અનંતરાય તેમના માટે આ પત્ર વારસા રૂપે છોડીને ગયા છે. આનંદે તરત જ બાપુજીએ સ્વહસ્તે લખેલો પત્ર ખોલ્યો. પત્રમાં જે લખ્યું હતું તે આ મુજબ હતું.



**બેટા અમર, આ ઘર જેટલું આનંદનું છે તેટલું જ તારું પણ છે. મારી ગેરહાજરીમાં આનંદ એકલો ન પડે તે જોવાની જવાબદારી હું તને વારસામાં આપી જાઉં છું**

પ્રિય બેટા અમર અને બેટા આનંદ,

આ પત્ર લખવાનું મુખ્ય કારણ એ છે કે મારે મારો વારસો જાહેર કરવો છે. અમરને મારે જે કંઈ આપવાનું હતું તે મેં મારાં જીવતાં જ આપી દીધું છે. બેટા આનંદ, મને તારા માટે ખુબ જ ગર્વની લાગણી થાય છે. તેં વારસો મેળવવા કરતાં વારસો જાળવવાને વધારે મહત્વ આપ્યું. સાચું કહું તો બેટા, જે વારસો જાળવે છે તે જ વારસો મેળવવાનો સાચો હકદાર ગણાય. અને આનંદ, તેં મારા પૂજાપાઠની જવાબદારી લઈ અને ખરા અર્થમાં મારો વારસો જાળવ્યો છે. હવે મારો વારો છે.

અનુસંધાન પાનાનં ૦૬ પર

# માર્કેટિંગ એટલે માત્ર સેલિંગ નહીં

મેનેજમેન્ટ
ધવલ મહેતા

શિકાગોમાં આવેલી નોર્થ વેસ્ટર્ન યુનિવર્સિટીની મેનેજમેન્ટ સ્કુલના પ્રોફેસર ફિલીપ કોપ્લર આધુનિક માર્કેટીંગના પિતા ગણાય છે. માર્કેટિંગ એટલે સેલિંગ (વેચાણ) એમ ઘણા માને છે. વાત સાચી નથી. વેચાણ તો માર્કેટીંગનું અંતિમ ચરણ છે. ખરેખર તો માર્કેટીંગનો કન્સેપ્ટ ઘણો વિશાળ છે.

## માર્કેટીંગ એટલે ચાર 'પી'

અમેરિકાના પ્રોફેસર જેરી મેકાર્થીએ ૧૯૬૦માં તેમના માર્કેટિંગ નામથી જાણીતા પાઠ્યપુસ્તકમાં માર્કેટીંગ વિષયનું ફ્રેમવર્ક દાખલ કર્યું. ફ્રેમવર્કને ચાર 'પી' નામ આપ્યું.

અહીં 'પી' એટલે અંગ્રેજી શબ્દ 'પી' થી શરૂ થતા માર્કેટીંગ વિષયના ચાર મુખ્ય પાયાઓ. પ્રથમ પી એટલે પ્રોડક્ટ જેમાં પ્રોડકટની ઓળખ, પ્રોડક્ટની બ્રાંડ, પ્રોડક્ટની સાઇઝ, પ્રોડક્ટનું પેકેજીંગ વગેરેનો સમાવેશ થાય છે. બીજો 'પી' એટલે પ્રોડક્ટની કિંમત જેમાં તેની છૂટક અને જથ્થાબંધ કિંમત, ડીસ્કાઉન્ટ વગેરેનો સમાવેશ થાય છે. ત્રીજો 'પી' એટલે ફીઝીકલ ડીસ્ટ્રીબ્યુશન (અંગ્રેજીમાં ફીઝીકલ શબ્દનો પ્રથમ અક્ષર 'પી'થી શરૂ થાય છે) જેને પ્રોડક્ટ માટેની વિતરણ વ્યવસ્થા કહેવામાં આવે છે.

ફિઝીકલ ડીસ્ટ્રીબ્યુટરમાં પ્રોડક્ટ છૂટક કે જથ્થાબંધ ભાવે કયાં, કઈ દુકાનમાં, ઘેરથી કેટલે દૂર, કયા સમયે કે કયા જથ્થામાં મળશે તેવો થાય છે. કોઈપણ કંપની તેની મજબૂત વિતરણ વ્યવસ્થા વગર નિષ્ફળ જાય છે. વિતરણ વ્યવસ્થામાં લોકલ, રીજીયોનલ, નેશનલ અને ગ્લોબલ વિતરણનો સમાવેશ થાય છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ ગ્લોબલ વ્યવસ્થા ઊભી કરે છે. માર્કેટીંગના ચાર-પી ફ્રેમવર્કનો છેલ્લો પી એટલે પ્રોમોશન એટલે જાહેરાત જે માર્કેટીંગનો અતિ અગત્યનો ભાગ છે. માર્કેટીંગના આ ચાર 'પી' ભૂતકાળમાં માર્કેટીંગની દરેક પરીક્ષામાં અનિવાર્ય પૂછવામાં આવતો પ્રશ્ન હતો. હવે તેનું સ્થાન માર્કેટીંગ સ્ટ્રેટેજીએ લીધુ છે. માર્કેટીંગ ફ્રેમવર્કના ચાર 'પી' ના ફ્રેમવર્ક પછી માર્કેટીંગના વિષયમાં પાંચમો 'પી' ખોળાયો અને તે હતો 'પીપલ' અને અહીં પીપલ એટલે ગ્રાહકો જેમના વિના માર્કેટીંગ શક્ય જ નથી. આપણી પ્રોડકટ કે સર્વીસના ગ્રાહકો કોણ છે તે પ્રશ્ન કંપનીઓએ પોતાની જાતને પૂછ્યો એટલે ગ્રાહકો વિષે ઊંડુ સંશોધન કરનારા, તેમના વાણી, વિચાર, વર્તન, ગમા-અણગમા, આવક, ખરીદશક્તિ, રહેવાના સ્થળો વિષે માર્કેટ રીસર્ચની નવી જ ડીસીપ્લીન (અહીં ડીસ્પ્લીન એટલે શિસ્ત નહીં પરંતુ અભ્યાસનું ક્ષેત્ર થાય) ઊભી થઈ જેને માર્કેટીંગ રિસર્ચ એન્ડ ઈન્ફર્મેશન સીસ્ટમનું નામ આપવામાં આવ્યું. આ વિષયનું સ્ટેટીસ્ટીકસ ઘણું કઠિન છે.



૧૯૮૧માં બર્નાર્ડ બ્રુક્સ અને

**માર્કેટિંગમાં ચાર 'પી' ઉપરાંત પાંચમો 'પી' ઉમેરાયો છે. એમાં નવા પાંચ 'એ' ઉમેરવાથી માર્કેટિંગની સંપૂર્ણ વ્યાખ્યા બને છે**

મેરી બીઅર નામના માર્કેટીંગ ક્ષેત્રના વિચારકોએ જણાવ્યું કે માર્કેટીંગ ઓફ સર્વીસીઝમાં પીપલ ઉપરાંત પ્રોસેસ અને ફીઝીકલ એવીડન્સ (નક્કર સાબીતી)નો પણ ઉમેરો થવો જોઈએ. જ્યારે તમે કોઈ વ્યકિત કે સંસ્થાને સેવાઓ આપો છો ત્યારે 'સેવા' અદ્રશ્ય હોવાથી જોઈ શકાતી નથી. સેવા કરનારને કે આપનારને તમે જોઈ શકો છો પરંતુ સેવા પોતે અમૂર્ત કન્સેપ્ટ છે. માટે સેવાઓને જ માર્કેટીંગમાં કેટલી કુશળતાવાળા લોકો (પીપલ) તમને સેવા માને છે, તમને તેમણે સેવા આપી તેવી પ્રક્રિયા (પ્રોસેસ) કઇ હતી અને તેનો પુરાવો શું છે તેને પણ માર્કેટીંગમાં સમાવી લેવી જોઈએ.

હવે પ્રોડકટના માર્કેટીંગ જેટલું જ મહત્વ સેવાઓના માર્કેટીંગનું છે. જગતના તમામ ધનિક દેશોની જીડીપીમાં ખેતીવાડી કે મેન્યુફેક્ચરીંગના ફાળા કરતા સેવાઓનો ફાળો ટકાવારીની દ્રષ્ટિએ વધારે હોય છે. ભારતની જીડીપીમાં પણ સેવાઓનો ફાળો ૫૦ ટકાથી વધારે છે.

ચાર 'પી'માં ગ્રાહકની વાત આવતી નથી એટલે ગ્રાહકની દ્રષ્ટિએ માર્કેટીંગ શું છે તેનો ઊંડાણથી વિચાર કરીને માર્કેટીંગ ક્ષેત્રના નિષ્ણાતોએ પાંચ 'એ' ની રચના કરી છે.

માર્કેટીંગના આ પાંચ - 'અ' અંગ્રેજી અક્ષર 'એ'થી શરૂ થાય છે જે નીચે મુજબ છે :

(૧) અવેસેબીલીટી એટલે કે બજારમાં પ્રોડકટ મળવી જોઈએ.બજારમાં ગેસ સીલીન્ડર્સ મળતા જ ન હોય તો એ માર્કેટીંગની નિષ્ફળતા ગણાય.

(૨) એક્સેપ્ટીબીલીટી :- અંગ્રેજીમાં એકસેપ્ટ કરવું એટલે સ્વીકાર કરવો. એક્સેપ્ટીબીલીટી એટલે પ્રોડકટ કે સર્વીસ ગ્રાહકને પસંદ પડવી જોઈએ.

(૩) એફોર્ડેબીલીટી :- એટલે પ્રોડકટ કે સર્વીસ ગ્રાહકને પોસાય તેવી કિંમતે મળવી જોઈએ.

(૪) એક્સેબીલીટી એટલે પ્રોડકટ બજારમાં હોય ત્યારે તે ગ્રાહકના ઘરની કે દુકાનની કે ઓફિસની નજીક જ મળવી જોઈએ. શિયાળ અને દ્રાક્ષની વાત આવે છે તેમાં દ્રાક્ષ શિયાળને ભાવતી હતી તેમ મંજૂર હતી પરંતુ તે એટલી ઊંચી હતી કે શિયાળ તેને ખાઈ શક્યું નહીં એટલે કે દ્રાક્ષ શિયાળે એક્સેસીબલ નહતી.

(૫) માર્કેટીંગમાં પાંચમો 'અ' એટલે આફટર સેલ્સ સર્વિસ. તમે ગ્રાહકને તેને ઘેર કે ઓફીસે તેણે ખરીદેલી ચીજવસ્તુને મફત પહોંચાડો પ્રોડકટની અમુક સમય માટે ગેરેન્ટી આપો, પ્રોડકટના પાટર્સ કામ ના કરે તો બદલી આપો. અમુક સમયમાં ગ્રાહક પ્રોડકટ પાછી આપે તો તેને ખરીદેલા પૈસા ગ્રાહક સાથે જીભાજોડી કર્યા વિના પાછા આપી દો. વગેરેનો આફટર સેલ્સ સર્વીસમાં સમાવેશ થાય છે. આધુનિક માર્કેટીંગના પિતા ગણાતા અમેરિકાની નોર્થવેસ્ટન યુનિવર્સિટીના પ્રો. ફિલીપ કોપ્લરે માર્કેટીંગને ચાર 'પી' અને પાંચ 'એ' માંથી બહાર કાઢ્યું અને માર્કેટીંગમાં સેગમેન્ટેશન, પોઝીશનીંગ અને ટાર્ગેટીંગના વિચારો દાખલ કર્યા અને માર્કેટીંગમાં સ્ટ્રેટેજીના વિચારને કેન્દ્રમાં મુક્યો.

આ વિચારોને તેમણે પોતાની માર્કેટીંગની ટેક્ષબુકમાં કેન્દ્ર સ્થાને રાખ્યા અને તેમની માર્કેટીંગની ટેક્ષબુક જગતમાં બેસ્ટ સેલર બની ગઈ.

# અઢાર કલાકનો સંબંધ



ટ્રાવેલ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

છેલ્લાં પંદરેક વર્ષમાં, આપણને ખબર પણ ન પડી અને આપણે લાંબી ટ્રેનયાત્રા કરવાનું છોડી દીધું. એ અઢાર કલાકની મુસાફરી. એ સાઇડ બર્થ, જે કોઈને જોઈતી નહોતી. એ સફર, જેમાં નાગપુર આવે એ પહેલાં તો ત્રણ અજાણ્યા લોકોની આખી જિંદગીની કહાણી આપણે જાણી લેતા. એ યાત્રા, જે બે મહત્ત્વનાં સ્થળો વચ્ચેનો ખાલી સમય નહીં, પણ પોતે જ એક પ્રસંગ બની જતી.

હવે આપણે ઊડીએ છીએ. મુંબઈથી દિલ્હી લગભગ બે કલાકમાં, બેંગલુરુથી કોલકાતા ત્રણ કલાકથી ઓછા સમયમાં. આ ઝડપી છે, વહેલું બુકિંગ કરો તો ઘણી વાર સસ્તું પણ પડે છે, અને એના ફાયદા ઓછા નથી. પણ મને લાગે છે કે આ સોદામાં આપણે ચૂપચાપ કંઈક ગુમાવી દીધું છે, અને આપણામાંના મોટા ભાગનાએ એ શું હતું એ વિચારવા પણ થોભ્યા નથી.

### ઉડાને શું છીનવી લીધું

ફ્લાઇટની રચના જ મુસાફરીને ભૂંસી નાખવા માટે થઈ છે. તમે વિમાનમાં બેસો, હાથમાં ટ્રે આવે, તમે ઊંઘી જાઓ, ફોન સ્ક્રોલ કરો કે સામેની સ્ક્રીન તાકતા રહો, અને બે-એક કલાક પછી તમે સાવ બીજી જ જગ્યાએ હો છો, વચ્ચેના અંતરનો લગભગ કોઈ અનુભવ કર્યા વિના. ઉડાનનો આખો હેતુ જ આ છે, અને આધુનિક એન્જિનિયરિંગની આ ખરેખર એક સિદ્ધિ છે. પણ એનો અર્થ એ પણ થયો કે આપણામાંના મોટા ભાગના લોકો માટે પ્રવાસ હવે ફક્ત બે છેડા પૂરતો રહી ગયો છે, જ્યાંથી નીકળ્યા અને જ્યાં પહોંચ્યા. વચ્ચેનું બધું જ ઑપ્ટિમાઇઝ થઈને જાણે અસ્તિત્વમાંથી જ ગાયબ થઈ ગયું છે.

લાંબી ટ્રેનયાત્રા બરાબર ઊલટી રીતે ચાલતી. એ અઢાર કલાક ઘટાડવાનો ખર્ચ નહોતા. એ કલાકો જ તો અનુભવ હતા. સાંજે ટ્રેનમાં ચડો, તમારી બર્થ શોધો, ડબ્બાના સહપ્રવાસીઓ સાથે જગ્યાની વહેંચણી ગોઠવો, અને મધરાતે કોઈ સ્ટેશન પર બારીમાંથી જમવાનું હાથમાં આવે ત્યાં સુધીમાં તો જેમને ફરી ક્યારેય મળવાના નથી એવા લોકો સાથે નામ, કામધંધા અને જમવાના સ્વાદ વિશેના અભિપ્રાયોની આપ-લે થઈ ગઈ હોય. રાત્રે બે વાગ્યાની આસપાસ કોઈ ને કોઈ તો ક્રિકેટ, રાજકારણ કે વડાપાઉં ખાવાની સાચી રીત પર ચર્ચા છેડી જ દે. અને સવારે પહેલા સ્ટેશન પર ચા... ચા... ના અવાજો ગુંજવા લાગે, ત્યારે તમે ફક્ત મુકામે નહીં પહોંચ્યા હો, પણ ત્યાં સુધીનો આખો રસ્તો ખરેખર જીવીને પહોંચ્યા હો.

વર્ષો પહેલાંની આવી યાત્રાઓ મને આજે પણ એટલી સ્પષ્ટ યાદ છે, જેટલી મારી મોટા ભાગની ફ્લાઇટ્સ યાદ નથી. ગયા મહિને કરેલી મુંબઈ-દિલ્હી ફ્લાઇટની એક પણ વિગત હું તમને કહી શકું એમ નથી. પણ દાયકા કરતાંય પહેલાં વારાણસી જતી ટ્રેનમાં મારી સાથે ડબ્બામાં કોણ હતું, એ શું કામ કરતા હતા, અને અપગ્રેડ માટે ટીસી સાથે એમણે કેવી રકઝક કરી હતી, એ બધું હું તમને આજે પણ બરાબર કહી શકું.

### આ જ અનુભવ માટે બનેલી ટ્રેનો

ભારતે તો યાત્રા એ જ મંઝિલ આ વિચારની આસપાસ ટ્રેનોની એક આખી શ્રેણી ઊભી કરી છે, અને મોટા ભાગના ભારતીયોએ એમાંની એકેયમાં મુસાફરી કરી નથી.

૧૯૮૨માં રાજસ્થાન ટૂરિઝમ અને ભારતીય રેલવેએ શરૂ કરેલી પૅલેસ ઑન વ્હીલ્સ ભારતની પહેલી લક્ઝરી હેરિટેજ ટ્રેન હતી, જેના ડબ્બા એક સમયે રજપૂતાનાના રાજવી પરિવારો વાપરતા એવા ખાનગી સલૂનથી પ્રેરિત હતા. ત્યાર પછી ૨૦૦૪માં મહારાષ્ટ્રના જવાબ રૂપે ડેક્કન ઓડિસી આવી, જેના ડબ્બાઓનાં નામ રાજ્યનાં જુદાં જુદાં સ્થળો પરથી રખાયાં, શરૂઆતમાં એની મહેમાનગતિ તાજ ગ્રૂપ સંભાળતું, અને એના પ્રવાસ મહારાષ્ટ્ર અને એની પેલે પાર સુધી ફેલાયેલા છે. આ બંને ટ્રેનો જયપુરથી જેસલમેર અને ત્યાંથી ઉદયપુર પહોંચવા જેવી, આમ તો ફક્ત અવરજવરની સમસ્યાને, દેશને અઠવાડિયાભર ધીમે ધીમે ઊઘડતો જોવાના અનુભવમાં ફેરવી નાખે છે. અહીં દરેક રાતની સફર ઊંઘમાં વિતાવવાનો નકામો સમય નહીં, પણ અનુભવનો જ એક હિસ્સો ગણાય છે.

આ ટ્રેનો એટલા માટે અસ્તિત્વમાં છે કે કોઈકે સમજ્યું કે ભારતીય રેલયાત્રાનો રોમાંચ, એ ખુલ્લી બારીઓ, એકસાથે નહીં પણ ધીમે ધીમે ઊઘડતા દેશનો એ અહેસાસ, જાણીજોઈને સાચવવા જેવો છે. ભલે પછી સામાન્ય સ્લીપર ટિકિટ જે અનુભવ થોડા પૈસામાં આપી દેતી, એના માટે અહીં મોટી કિંમત ચૂકવવી પડે.

### આંકડા જ બધું કહી દે છે

બીજી તરફ, સામાન્ય લાંબા અંતરની ટ્રેનયાત્રા ચૂપચાપ આકાશ સામે હારતી જાય છે. ભારતમાં ઘરેલુ હવાઈ મુસાફરોની સંખ્યા વર્ષે ૧૬.૫ કરોડને પાર કરી ગઈ છે, અને સરકારનો અંદાજ છે કે ૨૦૩૦ સુધીમાં એ ૩૦ કરોડે પહોંચશે. આનું કારણ સમજવું અઘરું નથી. વિમાનભાડાં ખરેખર સ્પર્ધાત્મક બન્યાં છે, ફ્લાઇટ્સ ઝડપી છે, અને ખાસ કરીને બિઝનેસ ટ્રાવેલ માટે તો હવે ટ્રેનની તરફેણમાં કોઈ ખાસ દલીલ બચી નથી.

**...પ્રવાસ હવે ફક્ત બે છેડા પૂરતો રહી ગયો છે, જ્યાંથી નીકળ્યા અને જ્યાં પહોંચ્યા. વચ્ચેનું બધું જ...**

પણ આ બદલાવમાં ક્યાંક, માણસો વચ્ચેના સંબંધોની એક આખી દુનિયા ચૂપચાપ અદૃશ્ય થઈ ગઈ. ફ્લાઇટમાં કોઈ મિત્ર નથી બનતા. આંખ મિલાવવાનું પણ ભાગ્યે જ બને છે. બે કલાક તમારી બાજુમાં બેઠેલી વ્યક્તિ મુસાફરીના અંતે પણ એટલી જ અજાણી રહે છે, જેટલી શરૂઆતમાં હતી. રાતભરની ટ્રેન ક્યારેય આવી અજાણતા ટકવા જ ન દેતી. એક જ ડબ્બામાં વિતાવેલા અઢાર કલાક એક એવી આત્મીયતા જગાડી દે છે, જે ગમે તેટલો લેગરૂમ પણ આપી શકતો નથી.

### મારી એક નાનકડી વિનંતી

હું કોઈને વિમાનમાં ઊડવાનું છોડી દેવાનું નથી કહેતો. જે ટ્રાવેલ કંપની દર વર્ષે લાખો મહેમાનોને પ્રવાસ કરાવવા આધુનિક પરિવહન પર આધાર રાખે છે, એ જ કંપની ચલાવતાં હું આવી દલીલ કરું, એ તો હાસ્યાસ્પદ ગણાય. મોટા ભાગનો પ્રવાસ આજે ઉડાનથી જ થાય છે, અને જેમની પાસે સમય ઓછો છે એમના માટે ઝડપનું મૂલ્ય કોઈ રોમાંસથી નકારી શકાય એમ નથી.

પણ હું કંઈક નાની વાતની તરફેણ જરૂર કરીશ. વર્ષમાં એક લાંબી ટ્રેનયાત્રા, ફક્ત બે સ્ટેશનો વચ્ચે જે બને છે એ માટે. એવી ઑફિસ ટ્રિપ નહીં જે ઉતાવળે પતાવવાની હોય, કે એવી ફેમિલી હોલિડે નહીં જેનું સમયપત્રક કડક હોય, પણ એક સમજીવિચારીને, નિરાંતે કરેલી યાત્રા, જેમાં અઢાર કલાક જ તો મુખ્ય વાત હોય. કોંકણ રેલવેમાં બેસીને પશ્ચિમ કિનારે દક્ષિણ તરફ જાઓ, જ્યાં ટ્રેન એક બાજુ સહ્યાદ્રિ અને બીજી બાજુ અરબી સમુદ્ર વચ્ચેથી પસાર થાય છે. પૂર્વોત્તરના પહાડો તરફ જતી રાતની કોઈ ટ્રેન પકડો, જ્યાં પાટા પોતે જ એક અનુભવ બની જાય છે. અથવા તો જે સ્લીપર ક્લાસની ટ્રેન તમે સામાન્ય રીતે ટાળો છો, જેમાંથી તમારા ટ્રાવેલ એજન્ટ આપમેળે તમને અપગ્રેડ કરી દે, એમાં જ બેસી જાઓ, અને એ અઢાર કલાકને પહેલાંની જેમ તમારી સાથે બનવા દો.

લગભગ નક્કી છે કે તમે કોઈ એવા અજાણ્યા સાથે વાત કરશો, જેને બીજી કોઈ રીતે તમે ક્યારેય ન મળ્યા હોત. કોઈ એવા સ્ટેશને, જેનું નામ પણ તમે ક્યારેય સાંભળ્યું ન હોય, બારીમાંથી હાથમાં આવેલું કંઈક ખાશો. અને જ્યારે થાકેલા, થોડા ધૂળ-મેલવાળા, ફક્ત લાંબી ટ્રેનયાત્રા જ કરી શકે એવી હાલતમાં તમે પહોંચશો, ત્યારે તમે એ અંતર ખરેખર કાપ્યું હશે, ફક્ત એને ઓળંગી નહીં ગયા હો.

અંતર કાપવું અને અંતર ઓળંગી જવું, આ ફરક યાદ રાખવા જેવો છે. ભલે પછી, મારી જેમ, તમે બીજા જ અઠવાડિયે ફરી ફ્લાઇટમાં બેઠા હો.

### જાણો અજાણ્યું

વીણા વર્લ્ડ પર અમે ફ્લાઇટ બુકિંગ શરૂ કર્યું ત્યારથી હું ફ્લાઇટ્સ વિશેની એક પછી એક રસપ્રદ વાતોમાં ખોવાતો રહું છું. અને આ અઠવાડિયે, અઢાર કલાકની ટ્રેન વિશે લખ્યા પછી, મને એનાથી સાવ બીજા છેડાની એક વાત મળી.

દુનિયાની સૌથી ટૂંકી શેડ્યુલ્ડ કોમર્શિયલ ફ્લાઇટ ફક્ત ૨.૭ કિલોમીટરનું અંતર કાપે છે, સ્કૉટલૅન્ડના ઓર્કની દ્વીપસમૂહના વેસ્ટ્રે અને પાપા વેસ્ટ્રે ટાપુઓ વચ્ચે. સામાન્ય રીતે એ લગભગ નેવું સેકન્ડ હવામાં રહે છે, અને અનુકૂળ પવન સાથે પાઇલટ સ્ટુઅર્ટ લિન્કલેટરે સ્થાપેલો રેકૉર્ડ છે ફક્ત ૫૩ સેકન્ડ! આ ફકરો વાંચવામાં જેટલો સમય લાગે, એના કરતાંય ઓછો.

આ ફ્લાઇટ ૧૯૬૭થી ચાલે છે, અને એ કોઈ તમાશો નથી. પાપા વેસ્ટ્રેના આશરે નેવું રહેવાસીઓ માટે એ ખરેખર જીવાદોરી છે, જે એમને તોફાની દરિયામાં ફેરીની મુસાફરી વિના બાકીના ઓર્કની સાથે જોડે છે. લોગનએર એને રોજ એક નાનકડા બ્રિટન-નૉર્મન આઇલેન્ડર વિમાનમાં ઉડાડે છે, જેમાં મુસાફરો પાઇલટની એટલા નજીક બેસે છે કે એમની દરેક સ્વિચ દબાતી જોઈ શકે. પ્રવાસીઓ ફક્ત આ રેકૉર્ડ માટે પણ આ ફ્લાઇટ લે છે, અને લોગનએર એમને એક યાદગાર પ્રમાણપત્ર પણ આપે છે.

હવે આ વાતને ઉપરની આખી વાત સાથે જોડું. અઢાર કલાકની ટ્રેનમાં આખું મહત્ત્વ કલાકોનું છે. આ ફ્લાઇટમાં આખી યાત્રા, સામાન્ય રીતે બોર્ડિંગમાં લાગે એના કરતાંય ઓછો સમય લે છે. એક જ વિચારના બે છેડા, અંતર અને સમય, બંને પોતાની ચરમસીમાએ. એક યાત્રાને સંબંધમાં ફેરવી દે છે. બીજી એને એટલી ટૂંકી ઔપચારિકતા બનાવી દે છે કે એને પ્રવાસ કહેવો પણ મુશ્કેલ લાગે.

તો મને જરૂર જણાવજો: ટ્રેનમાં અઢાર કલાક, કે હવામાં નેવું સેકન્ડ? તમને ખરેખર કયો અનુભવ યાદ રહી જાય? મળીએ આવતા અઠવાડિયે...

Fly Anywhere.
Book your flights on veenaworld.com
Book Now

## યુરોપનો એક અનોખો અંદાજ... મેડિટેરેનિયન યુરોપ!

રોમન સામ્રાજ્યનો ભવ્ય ઈતિહાસ, ભૂરા-વાદળી સમુદ્રકિનારા, હજારો આઈલેન્ડ્સ, અનોખી ફૂડ કલ્ચર અને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજથી સમૃદ્ધ મેડિટેરેનિયન યુરોપ હવે વીણા વર્લ્ડ સાથે અનુભવો. સિંગલ કન્ટ્રી અને મલ્ટી કન્ટ્રી ટૂર્સના આકર્ષક ઓપ્શન્સ સાથે આ વખતે યુરોપનો એક સાવ નવો રંગ માણો. ચાલો, બેગ ભરો, નીકળી પડો!

| | | | |
|---|---|---|---|
| સ્પેન પોર્ટુગલ (13D) Jan 19, Mar 23 285K-300K (J&L) 370K-85K (ex-Ahm) | સ્પેન પોર્ટુગલ મોરોક્કો (17D) Mar 26 365K-380K (J&L) 455K-470K (ex-Ahm) | ગ્રીસ એથેન્સ સેન્ટોરિની રોડ્સ (9D) Dec 26, Jan 23 250000-290000 (J&L) 330000-365000 (ex-Ahm) | બેસ્ટ ઓફ ઈજિપ્ત (10D) Dec 17, Jan 21, Feb 20 200000-225000 (J&L) 260000-285000 (ex-Ahm) |
| બેસ્ટ ઓફ ટર્કી (10D) Mar 24 160K-175K (J&L) 240K-255K (ex-Ahm) | ઈજિપ્ત ગ્રીસ ટર્કી 15 Days Mar 21 475K-490K (ex-Ahm) | બેસ્ટ ઓફ અલમાટી (5D) Nov 22, 29, Dec 6, 20 80000 - 95000 (J&L) 125000 - 140000 (ex-Ahm) | ઉઝબેકિસ્તાન કઝાકસ્તાન કિરગિઝસ્તાન (9D) Nov 17 160000-175000 (J&L) 259000-265000 (ex-Ahm) |

*T&C Apply

Email: travel@veenaworld.com | veenaworld.com | Ahmedabad: 887 997 7200 | Vadodara: 887 997 3900



VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

# એક સ્વપ્ને બદલી નાખ્યો શરીર વિજ્ઞાનનો ઈતિહાસ

- 'In the first place, we must not look for what we want to find, but we must look for what is there.'
સૌ પ્રથમ તો આપણે જે શોધવા માંગીએ છીએ તે નથી જોવાનું, પરંતુ વાસ્તવમાં ત્યાં જે છે તે જોવાનું છે.'
- 'The story shows that one should not stop thinking, not even during sleep.'
(મારા પ્રયોગની) આ ઘટના દર્શાવે છે કે માણસે ક્યારેય વિચારવાનું બંધ ન કરવું જોઈએ, ઊંઘતી વખતે પણ નહીં.'
- 'Discovery is the result of a prepared mind.'
'શોધ એ હમેશાં પૂર્વ-તૈયાર (જાગૃત) મનનું પરિણામ હોય છે.'

-otto loewi
(ઓટો લોવી)

- 'The Text book of science is never a closed book, each generation writes its own chapters.'
વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક ક્યારેય બંધ થતું પુસ્તક નથી, દરેક નવી પેઢી તેમાં પોતાના પ્રકરણો ઉમેરે છે.'
- The future will show it in such measure as to justify the faith in which Alfred, Nobel linked physiology and medicine ભવિષ્યમાં આ સંશોધનનું મહત્વ એટલું સ્પષ્ટ થશે કે શરીરવિજ્ઞાન અને ચિકિત્સાને એકસાથે જોડવાના આલ્ફ્રેડ નોબેલના વિચારની સાર્થકતા સાબિત થશે.
- 'I take the view however that we need a much larger array of well authenticated facts before we can the theorize.

**અગોચર વિશ્વ**
**દેવેશ મહેતા**

હું એવો અભિપ્રાય ધરાવું છું કે આપણે કોઈપણ નવો સિદ્ધાંત આપીએ તે પહેલાં આપણી પાસે સારી રીતે પ્રમાણિત થયેલા તથ્યોનો ઘણો મોટો સંગ્રહ હોવો જરૂરી છે.

Sir Henry Hallett Daની 'સર હેનરી હેલેટ ડેલ'

૧૯૩૬નો ફિઝિયોલોજી અથવા મેડિસિન (તબીબ વિજ્ઞાન) નોબેલ પુરસ્કાર સંયુક્ત રીતે ઓટો લોવી અને સર હેનરી હેલેટ ડેલ ને આપવામાં આવ્યો હતો. તેમને આ સર્વોચ્ચ પુરસ્કાર ચેતા આવેગોના રાસાયણિક પ્રસારણ (chemical tranmission of nerve impulses) સંબંધિત મહત્વપૂર્ણ શોધ માટે એનાયત કરાયો હતો. ઓટો લોવી (૧૮૭૩-૧૯૬૧) જર્મનીમાં જન્મેલા અને પાછળથી ઓસ્ટ્રિયામાં રહેલા ફાર્માકોલોજિસ્ટ હતા અને સર હેનરી હેલેટ ડેલ (૧૮૭૫-૧૯૬૮) યુનાઈટેડ કિંગ્ડમ (બ્રિટન)ના ફાર્માકોલોજિસ્ટ અને ફિઝિયોલોજિસ્ટ હતા.

આ શોધ પહેલાં વિજ્ઞાનીઓ એવું માનતા હતા કે આપણા મગજ અને ચેતાતંત્ર (Nervous system)માં સંદેશાઓ માત્ર વિદ્યુત તરંગો (electrical impulses) દ્વારા જ એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચે છે, પરંતુ આ બન્ને વિજ્ઞાનીઓએ સાબિત કર્યું કે આ પ્રક્રિયામાં રસાયણો (chemicals) મુખ્ય ભાગ ભજવે છે જેને આજે આપણે ન્યુરોટ્રાન્સમીટર (Neurotransmitter) તરીકે ઓળખીએ છીએ.

ઓટો લોવીએ આ પ્રક્રિયાને સાબિત કરવા માટે એક ઐતિહાસિક પ્રયોગ કર્યો હતો જે પ્રસંગ ખૂબ જ રસપ્રદ છે. ૧૯૨૦માં ઈસ્ટરના



તહેવારની આગલી રાત્રે ઓટો લોવી નિદ્રાધીન હતા ત્યારે તેમણે સ્વપ્ન જોયું જેમાં એક અદ્ભુત પ્રયોગની વિગતો દેખાઈ. તે અડધી રાત્રે અચાનક જાગી ગયા તેમણે કાગળના એક ટુકડા પર પ્રયોગની વિગતો લખી લીધી અને પાછા સૂઈ ગયા. સવારે જ્યારે તે જાગ્યા ત્યારે તે જાણીને ખૂબ નિરાશ થયા કે તે પોતે જ પોતાના અક્ષર ઉકેલી શકતા નહોતા અને સ્વપ્નમાં જે જોયું તે પણ ભૂલી ગયા હતા. તે દિવસ તેમના માટે ખૂબ નિરાશાજનક હતો.

તેમના સદ્ભાગ્યે તેની પછીની રાત્રે તેમને ફરીથી બરાબર એ જ સ્વપ્ન આવ્યું. આ વખતે તેમણે કોઈ ભૂલ ન કરી. તે પાછા સૂઈ ન ગયા. તે રાત્રે ૩ વાગે પથારીમાંથી ઊભા થઈ દોડીને પોતાની લેબોરેટરીમાં પહોંચી ગયા. તેમણે સ્વપ્નમાં જોયા મુજબ રાત્રે જ દેડકાના બે હૃદય પર પ્રયોગ શરૂ કર્યો તેમણે પહેલા હૃદયના દેડકાના હૃદયને તેની મુખ્ય ચેતા. (Vags Nerve) સાથે બહાર કાઢ્યું અને તેને સોલ્યુસન (મીઠાના દ્રાવણ)માં રાખ્યું. જ્યારે તેમણે વેગસ ચેતાને ઈલેક્ટ્રિક કરંટ આપીને ઉત્તેજિત કરી ત્યારે હૃદયના ધબકારા ધીમા પડી ગયા. તે પછી તેમણે તે હૃદયની આસપાસનું પ્રવાહી લીધું અને તેને બીજા દેડકાના હૃદયમાં ટ્રાન્સફર કર્યું જેની વેગસ નર્વ કાઢી નાંખવામાં આવી હતી. અદ્ભુત રીતે બીજા હૃદયના ધબકારા પણ કોઈપણ ઈલેક્ટ્રિક સ્ટીમ્યુલેશન વગર ધીમા પડી ગયા.

આ પ્રયોગથી સાબિત થયું કે જ્યારે વેગસ ચેતાને ઉત્તેજિત કરવામાં આવશે ત્યારે તેમાંથી કોઈ કેમિકલ મુક્ત થાય છે જે ધબકારા ધીમા કરે છે. લોવીએ આ રસાયણને વેગસ સ્ટોફ (vagusstoff) નામ આપ્યું હતુ.

સર હેનરી હેલેટ ડેલે ઓટો લોવીના આ સંશોધનને આગળ વધાર્યું અને તેને સંપૂર્ણ વૈજ્ઞાનિક આધાર આપ્યો. હેનરી ડેલે સાબિત કર્યું કે ઓટો લોવીએ જે વેગસસ્ટોફ શોધ્યો હતો તે વાસ્તવમાં એસીટાઈલકોલાઈન (Acetylcholine) નામનું રસાયણ છે. આ માનવ ઈતિહાસમાં શોધાયેલું સૌ પ્રથમ ન્યુરોટ્રાન્સમીટર (ચેતાપ્રેષક દ્રવ્ય) હતું. હેનરી ડેલે એ પણ શોધી કાઢ્યું કે જ્યારે આપણા મગજમાંથી કોઈ સંદેશો સ્નાયુઓ સુધી પહોંચે છે (જેમ કે હાથ હલાવવો) ત્યારે આ રસાયણ જ ચેતા (નર્વ) અને સ્નાયુઓ વચ્ચે જોડાણ (કનેક્શન) બનાવે છે. આ શોધના કારણે જ ખબર પડી કે દવાઓ શરીરના ચેતાતંત્ર પર કેવી રીતે અસર કરે છે. બ્લડપ્રેશર, હૃદયના રોગો અને માનસિક બીમારીઓની ઘણી દવાઓ આ સિદ્ધાંત પર જ બનાવવામાં આવી છે. સ્નાયુઓની નબળાઈ (Myasthenia Gravis), પેરાલિસસ અને અલ્ઝાઈમર (ભૂલી જવાની બીમારી) જેવા રોગોની સારવાર સમજવામાં આ સંશોધન પાયાનો પથ્થર સાબિત થયું. એસિટાઈલકોલાઈન ન્યુરોટ્રાન્સમીટર સ્નાયુઓના હલનચલન સાથે યાદશક્તિ જાળવવાનું કામ કરે છે. ડોપામાઈન (Dopamine) ન્યુરોટ્રાન્સમીટર આપણને ખુશી અને મોટિવેશનો અહેસાસ કરાવે છે તેને ફીલ-ગુડ કેમિકલ (Feel-good chemical). કહેવાય છે. સેરોટોનિન (serotonin) ટ્રાન્સમીટર આપણો મૂડ સારો રાખે છે અને ઊંઘને નિયંત્રિત કરે છે. ઓટો લોવીએ કહ્યું હતુ - એક સ્વપ્નએ જ મને નોબેલ પ્રાઈઝ અપાવ્યું. એની વિગતો થકી કરાયેલા પ્રયોગોએ જે ચિકિત્સા વિજ્ઞાનના ક્ષેત્રમાં એક નવો અધ્યાય ઉમેરાઈ ગયો અને નવા સંશોધનો માટેની દિશા ખૂલી ગઈ.

**હું એવો અભિપ્રાય ધરાવું છું કે આપણે કોઈપણ નવો સિદ્ધાંત આપીએ તે પહેલાં આપણી પાસે સારી રીતે પ્રમાણિત થયેલા તથ્યોનો ઘણો મોટો સંગ્રહ હોવો જરૂરી છે**

# આધ્યાત્મિક તૃષા જગાડે તેનું નામ સત્સંગ!

જરા ઊંડે ઉતરીને વિચારશો તો અનુભવાશે કે દુનિયાની કોઈ સૌથી મોટી અજાયબી હોય, તો તે માનવી છે. આ જગતમાં માનવીને જોશો એટલે અપાર અને અનંત વૈવિધ્યનો અહેસાસ થશે. કેવા કેવાં માણસો આ જગતમાં મળતા હોય છે!

**જાણ્યું છતાં અજાણ્યું**
**મુનીન્દ્ર**

કોઈ વિદ્વાન છતાં ક્રોધી હોય, કોઈ સત્તાવાન છતાં ડરપોક હોય, કોઈ ધાર્મિક છતાં દંભથી ભરેલો હોય. આવા જાત-જાતનાં રંગોથી ભરેલા માનવીઓ તમને મળશે.



કેટલાકને એમના રૂપનું એટલું અભિમાન હોય કે એની જાળવણી પાછળ પળેપળ ખર્ચતા હોય છે, તો બીજા કેટલાક એવા પણ હોય કે જેમને એમના ધનનો ગર્વ હોય છે અને એ કોઈ પૂછે કે ન પૂછે, તો પણ પોતાની આવકના આંકડા અને નફાની વિગતો આપતા હોય છે. કેટલાક માનવી પોતાની દોસ્તીમાં પ્રાણ આપી દેતા હોય છે અને કેટલાક માનવી કોઈના પ્રત્યે ધિક્કાર સેવે, તો એનો પ્રાણ હરી લેતા હોય છે.

આ જગતમાં જેમ રંગબેરંગી પુષ્પો જોવા મળે છે, એ રીતે રંગબેરંગી માણસો નજરે પડે છે. એક મનુષ્ય મહાત્મા બનીને અનેક વ્યક્તિઓનાં જીવનમાં પ્રકાશ ફેલાવે છે, તો બીજો મનુષ્ય હિટલર બનીને ક્રૂરતાથી હત્યા કરે છે. માણસમાં જેમ દેવ છુપાયેલો છે, એ જ રીતે દાનવ પણ છુપાયેલો છે અને એથી જ કાર્લાઈલ નામના ચિંતકે કહ્યું છે કે,

''દરેક મનુષ્ય એ હરતું-ફરતું આશ્ચર્ય છે. એ બે પ્રકારે બનેલો છે. એક છે દિવ્ય અને બીજો છે પાર્થિવ. પોતાના પાર્થિવ અંશો જોઈને એણે નમ્ર થવું જોઈએ. દિવ્ય અંશ જોઈને પોતાનું આચરણ પવિત્ર તેમજ ઉદાત્ત રાખવું જોઈએ.''

આવા વિવિધરંગી માનવી તમને ઘણાં મળશે અને જુદાં જુદાં દેહવાળા માણસો પણ જોવા મળશે. પ્રાણી અને મનુષ્યમાં ઘણું સામ્ય છે. આહાર, નિદ્રા, ભય, મૈથુન.- એ બધાં પ્રાણીઓમાં અને મનુષ્યમાં જોવા મળે છે, પરંતુ માનવી પાસે એક આગવી વિશિષ્ટ શક્યતા છે. આ શક્યતા એના દેહમાં રહેલી છે. અને એથી એ પશુઓ કરતાં જુદો પડે છે. માણસની ભીતરમા રહેલી શક્તિ એનામાં એક નવો સંચાર કરે છે, જે શક્તિ પ્રાણીમાં નથી.

માનવી અને પ્રાણી બન્ને દેહની આસપાસ ભમે છે. દેહના સુખની ચિંતા કરે છે. મોટા ભાગના માનવીઓના જીવનમાં દેહનો જ મહિમા હોય છે, પરંતુ માનવી પાસે આત્મા જોવાની જે 'આંખ' છે, તે પ્રાણી પાસે નથી. નરી આંખે નહીં દેખાતો આત્મા માનવી અનુભવી શકે છે. એની ભીતરી શક્તિઓનો વિકાસ સાધી શકે છે. પોતાના દેહથી એ જુદો હોવાનું જોઈ શકે છે. આવા જ્યોતી સ્વરૂપ આત્માને કારણે માનવી પાસે એક આગવી શક્તિ છે. એ પોતાના આત્માની મદદ દ્વારા અજ્ઞાત લોકની યાત્રા કરી શકે છે અને પોતાના આત્માની મદદ દ્વારા એ જીવનમાં ઊંચામા ઊંચા અધ્યાત્મ પદને પામી શકે છે. એની પાસે દેહ હોય, છતાં દેહને પારની દશા-દેહાતીત અવસ્થા- મેળવી શકે છે. આનો અર્થ એ થયો કે માનવી પાસે જે અમૂલ્ય આત્મા છે, એ આત્મા પ્રાણીઓમાં નથી. આવા અમૂલ્ય આત્માને કારણે માનવીમાં વિકાસની અનંત શક્યતાઓ છે. માનવીએ એ શક્યતાઓ ઓળખવી જોઈએ અને એનો વિકાસ સાધવો જોઈએ.

આખી વાતનો મર્મ એ કે માનવ દેહ એ બીજ છે અને એમાંથી આત્માની સુવાસ પ્રગટાવવી, એ બીજમાંથી પ્રગટતું વૃક્ષ છે. ક્યારેક આપણે જોઈએ છીએ કે બીજ માત્ર બીજ તરીકે રહી જાય છે અર્થાત્ એ બીજને વિકસવાની કોઈ તક મળતી નથી. એની સુષુપ્ત સંભાવનાઓને પ્રગટ થવાનો કોઈ માર્ગ મળતો નથી. આથી પોતાની આત્માની અનંત શક્તિઓને વિકસાવી વ્યક્તિ આત્મસાક્ષાત્કાર પામી શકે છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોર કહે છે કે જેમ જગત અસીમ છે, તે જ રીતે મનુષ્યનો આત્મા પણ અસીમ છે.

આ આત્મા વિશે માત્ર ભારતીય પરંપરાના લોકોએ જ વિચાર કર્યો નથી. પશ્ચિમના જગતમાં પણ આત્મા વિશે ઘણો વિચાર થયો છે. માત્ર આત્માનાં ગુણોને જોવાની એની દ્રષ્ટિ જુદી છે. આ આત્માના ગુણોને વિકસાવવા એટલે મુમુક્ષુ થવાની સંભાવનાઓને વિકસિત કરવી. માનવી તો તમને ઘણાં મળે, પરંતુ એનામાં માનવતા મળવી વિરલ છે. આથી જ કવિ સુંદરમ્ કહ્યું કે, 'હું માનવી માનવ થાઉં તો ઘણું' આનો અર્થ જ એ કે માનવીએ અનેક ગુણો વિકસાવીને માનવતા સિદ્ધ કરવી જોઈએ.

માનવીના ભેદ સમજવા જેવા છે. કેટલાક માનવી માત્ર પોતાના સ્વાર્થમાં કે પોતાની વૃત્તિઓમાં રમમાણ હોય છે. એમનું આખું જીવન અંગત નફા-તોટાને આધારે ગાળતા હોય છે અથવા તો આખીય જિંદગી કોઈને કોઈ વૃત્તિના ગુલામ બનીને વ્યતીત કરતા હોય છે.

આમ માનવીને સ્વાર્થ બાંધે છે, વૃત્તિ બાંધે છે, એના દેહની ચિંતા બાંધે છે અને આ બધાં બંધનોને પરિણામે માનવી સાચો માનવી બનતો નથી અને એનામાં માનવતા જન્મતી નથી. માનવી ખરો મુમુક્ષુ તો ત્યારે થાય, જ્યારે એના જીવનમાં મુક્તિની ઝંખના જાગે. એને પોતાના જીવનનાં બંધનોમાંથી મુક્ત થવું છે અને એને માટે પોતાના આત્માની મદદ લઈને એ મુક્તિના માર્ગે ગતિ કરતો હોય છે. બહુ ઓછી વ્યક્તિઓ આ મુમુક્ષુ ભાવ સુધી પહોંચતી હોય છે. બહુ વિરલ વ્યક્તિઓને જ આ બંધનમાંથી મુક્તિ પ્રાપ્ત છે. સમાજમાં તમે જોતા હશો કે ઘણી વ્યક્તિઓ દેહના બંધનમાંથી મુક્તિ પામવાની ઘણી વાતો કરતી હોય છે, પરંતુ એ વાસ્તવમાં એમનો દેહ ભાવ, છોડી શક્તિ નથી. હકીકતમાં તો ઘણી જગાએ મુક્તિ માત્ર વાતોમાં જ રહેતી હોય છે. આવી વ્યક્તિને કંઈ પણ પૂછવામાં આવે તો એ માત્ર એટલું જ કહેશે કે મારે તો મારા આત્માને આ બધાં બંધનમાંથી મુક્ત કરવો છે. પરંતુ આટલું કહ્યા પછી તરત જ એ બંધન વધારતી પ્રવૃત્તિઓમાં ડૂબી જાય છે.

**આત્મા વિશે માત્ર ભારતીય પરંપરાના લોકોએ જ વિચાર કર્યો નથી. પશ્ચિમના જગતમાં પણ આત્મા વિશે ઘણો વિચાર થયો છે. માત્ર આત્માનાં ગુણોને જોવાની એની દ્રષ્ટિ જુદી છે**

મુક્તિને પામવા માટે માનવી જપ, તપ કે જુદા જુદા પ્રકારની ક્રિયા કરતો હોય છે. એ મુક્તિ આપતી ધર્મક્રિયાઓમા જોડાય છે, પરંતુ એવું પણ બને છે કે આ ધર્મક્રિયાઓ કર્યાનો અહમ્ એના ઉપર એટલો બધો છવાઈ જાય છે કે મુક્તિ-માર્ગ પામ્યાનો ઘમંડ લઈને એ ઘૂમતો હોય છે. આથી મુક્તિ વિશે ચર્ચા કરનારને પણ ઘણી વાર બંધનમાંથી છૂટવું હોતું નથી. ઘણાને તો આવી ચર્ચામાં જ એટલો બધો રસ પડી જાય છે કે મુક્તિ વિશે ગંભીરતાથી વિચાર કરતા નથી. આથી ધર્મક્રિયા કરતી વખતે પણ એ સંસાર-પરિભ્રમણ જ વધારે છે. એ ધર્મક્રિયા પાસે અટકી જાય છે અને મુમુક્ષા સુધી પહોંચતો નથી.

પોતાની ધર્મક્રિયાઓમાં પોતાનો અહમ્ રેડીને પોતે કરેલાં અનુષ્ઠાનો કેટલાં મહાન છે એમ કહેતો ફરે છે. જ્યાં પ્રદર્શન ન હોય, એવી બાબતમાં પ્રદર્શન અને દંભ જોવા મળે છે. ક્યારેક એ ધર્મના અનુષ્ઠાનો કરતો હોય છે, તો ક્યારેક ગંભીરતાથી એ વિચારતો નથી કે મેં તો બંધનમાંથી મુક્તિ માટે પ્રયાસ કરવાનો સંકલ્પ કર્યો છે. આ સંસારથી અને એના વિભાવોથી હું હવે થાકીને લોથ-પોથ થઈ ગયો છું. આવી બધી ક્રિયાઓ હકીકતમાં તો મુક્તિને દૂર ઠેલે છે.

હૃદયમાં મુક્તિનો વિચાર જાગવો એ જ મહત્ત્વની બાબત છે. મોટાભાગની વ્યક્તિ તો મુક્તિને પ્રાપ્તિ સાથે જોડી દે છે. અને પછી એક સમય એવો આવે છે કે એમની દ્રષ્ટિ પ્રાપ્તિ પર રહે છે અને મુક્તિ ક્યાંય ગુમ થઈ જાય છે. આથી આ જગતમાં મુક્તિની વાતો કરનાર ઘણાં મળશે, પરંતુ મુક્તિને માટે સાચા દિલથી પ્રયત્ન કરનારા મુમુક્ષુ વિરલા જ મળશે. એ મુમુક્ષુ ધર્મનું જે રીતે આચરણ કરતા જશે, એનાથી એમનો મુક્તિનો માર્ગ ખુલ્લો થતો જશે. એમને માટે આ મુક્તિ એ જ એમનું ધ્યેય બનશે. અને મુક્તિ દ્વારા પોતાના જીવનને પરમાત્મા સાથે જોડશે. આથી અજ્ઞાત સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે.

मुक्तिमिच्छासि चेत्तात विषयान्
विषवत् त्यज ।
क्षमार्जवदयाशौचसत्यं पीयूषवत् पिव॥

'હે ભાઈ ! જો તું મુક્તિ મેળવવા ઈચ્છે છે તો વિષ સમાન વિષયોને ત્યાગ કર ક્ષમા, સરળતા, દયા, પવિત્રતા અને સત્યના અમૃતને ગ્રહણ કર.' આ સુભાષિત જ કોને મુમુક્ષુ કહી શકાય અને કોને ન કહી શકાય એનું નિદર્શક છે. તૃષ્ણાઓ એ બંધન વધારનારી છે. અને તૃષ્ણામુક્તિ એ બંધન છેદનારી છે એમ અહીં કહેવામાં આવે છે. મુમુક્ષુતા એ વિષયકષાયનાં બંધનોને છેદી નાખે છે. એ માનવીના જીવનને મૃત્યુની પાર લઈ જાય છે અને સાધકના આત્માને પરમાત્મા પ્રતિ ગતિ કરાવે છે. મુમુક્ષુતા અંગે શ્રીમદ્ રાજચંદ્રના વિચારો સાધકને પ્રેરક બને તેવા છે. મુમુક્ષતા એ આ વિષય કષાય અને મૃત્યુનાં બંધન તોડીને આત્મા અને માનવીએ એના માનવપણાને મુમુક્ષુતા સુધી લઈ જવાનું છે અને આવી મુમુક્ષતા એ જ સાધકના જીવનને સાર્થકતા અર્પે છે. આ મુમુક્ષતાને કેળવવા માટે એ શાસ્ત્રોનો સંગ અને મહાત્માઓનો રંગ પોતાના જીવનમાં લાવવા પ્રયાસ કરે છે. શાસ્ત્રોના સંગને કારણે એને પોતાના આત્માનું ઉપનિષદ વાંચવા મળે છે. એ શાસ્ત્રગ્રંથો જીવનદ્રષ્ટિ આપે છે અને ઉજળી ભાવનાઓ દર્શાવે છે. એની સાથોસાથ મહાત્માઓનો સત્સંગ એના મનમાં પરિવર્તન આણે છે. આવા સત્સંગને કારણે એની આધ્યાત્મિક તૃષા છિપાતી રહે છે અને એની દ્રષ્ટિ સતત કલ્યાણ માર્ગના પથ પર હોય છે. આ રીતે શાસ્ત્રાભ્યાસ અને સત્સંગ એ મહત્ત્વની બાબત છે. આમ આ બંને દ્વારા વ્યક્તિ એનું જીવન કેળવતો જશે અને સમય જતાં એ માનવીમાંથી મુમુક્ષુ બની જશે.

# શુકદેવ : મોક્ષપ્રાપ્તિનું રહસ્ય

માતંગી દેવીના સ્વરૂપની એક ખાસિયત એ છે કે પ્રધાન મહાવિદ્યા લલિતા મહાત્રિપુરસુંદરીની જેમ એમના ખભા પર પણ એક શુક અર્થાત્ પોપટ જોવા મળે છે. મહર્ષિ વેદવ્યાસના પુત્ર શુકદેવ થઈ ગયા. સનાતન ધર્મના ઈતિહાસમાં એમનું નામ અમર થઈ ગયું છે. ભાગવત મહાપુરાણની કથા રાજા પરીક્ષિતને

**સનાતન તંત્ર**
**બ્રહ્મચારી પરખ ઓમ**



જણાવનારા શુકદેવ જન્મથી જ પરમ વૈરાગી સંત તરીકે પ્રચલિત થયા. તેઓ એટલા બધા નિર્મોહી હતા કે સ્વયં એમના પિતા વેદવ્યાસ મહારાજનો પિતા તરીકેનો મોહ પણ એમને પીગળાવી ન શક્યો. શુકદેવના ઉપનયન સંસ્કાર સાક્ષાત્ દેવાધિદેવ મહાદેવ થકી સંપન્ન થયા હતા.

જ્યારે જ્યારે શુકદેવ અંગે ચર્ચા નીકળે, ત્યારે ત્યારે ભાગવત પુરાણ અને મોક્ષપ્રાપ્તિ વિના એ પૂર્ણ ન થઈ શકે. શુકદેવ થકી રાજા પરીક્ષિત મોક્ષના માર્ગ પર પ્રશસ્ત થયા. જો માત્ર કથાના દ્રષ્ટિકોણથી વિચારવા જઈએ, તો એ વાત ગળે ન ઉતરે કે ઘૃતાચી નામની અપ્સરા અને મહર્ષિ વેદવ્યાસ થકી શુકદેવનો જન્મ થયો, પરંતુ તાત્ત્વિક દ્રષ્ટિકોણથી વિચારીએ તો સમજાય કે અહીં આધ્યાત્મિકતાના એ મૂળ સંદેશ વિશે વાત થઈ રહી છે, જેના ઉપર પ્રત્યેક ધર્મશાસ્ત્રોએ ભાર મૂક્યો છે.

દુનિયાના પ્રત્યેક મૂળ ધર્મગ્રંથોના મૂળ સારાંશ પર ડોકિયું કરીએ તો, શ્રીમદ્ ભગવદ્ગીતા, ગુરુ ગ્રંથસાહેબ, બાઈબલ, કુરાન વગેરે ગ્રંથોએ કહ્યું કે પોતપોતાના ઈશ્વરનું સ્મરણ કરો... તેઓ જ આપનું એકમાત્ર ગંતવ્યસ્થાન છે... તેઓ જ એકમાત્ર સત્ય છે... દરેક જીવ અંતે તો એમનામાં જ એકાકાર થાય છે.

પોપટનું કાર્ય છે, રટણ કર્યે રાખવાનું! અહીં 'રટણ' અર્થાત્ ઈશ્વરનું નિરંતર સ્મરણ. પોપટને જે શીખવવામાં આવે, તે બોલી શકે. સારું શીખવો તો સારું બોલે અને અપશબ્દો શીખવો તો એ પણ બોલી જાણે. રસપ્રદ વાત એ છે કે પોપટની આંખ ખૂલી હોય ત્યાં સુધી એ સતત રટણ કર્યે રાખે. તેના જીવનમાં ભોજન-પાણી, ઊંઘ અને પ્રજનન સિવાયની એકમાત્ર પ્રવૃત્તિ સતત પોતે શીખેલા શબ્દોનું રટણ કર્યે રાખવાની થઈ જાય.

દેવી માતંગીના ખભે રહેલો પોપટ પણ એ જ શીખવે છે કે ઈશ્વરનું સ્મરણ એ રીતે કરો કે સતત આપના અંતરમન અને ચિત્તમાં આપના ઈષ્ટ સિવાય અન્ય કોઈ બિરાજમાન ન હોય. આપની પ્રત્યેક જાગૃત ક્ષણ એ પરમશક્તિના ધ્યાનમાં વીતે, જેથી અંતે માનવશરીરનો ત્યાગ કર્યા બાદ આત્મા સદ્ગતિના માર્ગ પર આગળ વધ્યે રાખે.

રામકૃષ્ણ મઠના મહાન સંત સ્વામી સર્વપ્રિયાનંદે પોતાના એક પ્રવચન દરમિયાન કહ્યું હતું કે, 'સાધુ એ છે, જેની આંખો ખુલ્લી હોય અને એ પથારી પર ન હોય, તો એ માત્ર લોકકલ્યાણનું કાર્ય કરતો હોવો જોઈએ.'

અહીં સાધુ હોવાનો અર્થ એ નથી કે સંસારનો ત્યાગ કરીને ભગવા વસ્ત્રો ધારણ કરી લેવા! મૂળ સાધુત્વ અથવા સંન્યાસ વાસ્તવમાં તો મનની અવસ્થા છે, એવું ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું. આખી વાતનું તાત્પર્ય એ કે હજારો લોકોની ભીડ વચ્ચે શુકની જેમ માત્ર ઈષ્ટનું સ્મરણ કરી રહેલો મનુષ્ય અંતે તો સાધુ જ છે. જેવી રીતે શુકદેવ થકી રાજા પરીક્ષિત મોક્ષ પામ્યા, એવી જ રીતે મનુષ્ય પણ પોતાની ભીતર રહેલા શુક અર્થાત્ નિત્યસ્મરણ થકી મુક્તિ પ્રાપ્ત કરી શકે છે.

**શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું. આખી વાતનું તાત્પર્ય એ કે હજારો લોકોની ભીડ વચ્ચે શુકની જેમ માત્ર ઈષ્ટનું સ્મરણ કરી રહેલો મનુષ્ય અંતે તો સાધુ જ છે**

**પોપટનું કાર્ય છે, રટણ કર્યે રાખવાનું! અહીં 'રટણ' અર્થાત્ ઈશ્વરનું નિરંતર સ્મરણ. પોપટને જે શીખવવામાં આવે, તે બોલી શકે. સારું શીખવો તો સારું બોલે અને અપશબ્દો શીખવો તો એ પણ બોલી જાણે**

# સરળતાથી પૈસાદાર થવા બફેટની સેવિંગ ટેકનિક!

ધનવાન થવા માટે વિશ્વના મહાન ઈન્વેસ્ટર વોરન બફેટની સેવિંગ સ્ટાઈલ પર અનેક સંશોધનો થયા છે. તેઓ ૧૧ વર્ષની ઉંમરે રોકાણના સમુદ્રમાં ઊતર્યા હતા. તે વખતે તેમણે સિટીઝ સર્વિસના ત્રણ શેર લીધા હતા. ૩૮ ડોલરના એ શેર ૨૭ ડોલર થયા ત્યારે તેમણે ધીરજ રાખી પણ તેની કિંમત ૪૦ ડોલર થતા

**શોધ સંશોધન**
**વસંત મિસ્ત્રી**

વેચી માર્યા. એ શેરના પછી ૨૦૨ ડોલર થયા ત્યારે તેમના મનમાં ચિનગારી પ્રગટી તેમને પોતાની ભૂલ સમજાઈ.

તેમણે સમજાવ્યું કે યોગ્ય સ્ક્રિપ્ટ પસંદ કરો.અઠવાડિયા કે મહિનાઓ સુધી નહીં દશકાઓ સુધી ધીરજ રાખો. દરેક દાયકામાં હાથવે બર્કશાયરના કમ્પાઉન્ડીંગ રોકાણથી તેઓ કેવું કમાયા તે જુઓ.

ઐતિહાસિક આંકડાં કહે છે ૧ મિલિઅન ડોલર ૩૦ વર્ષ, ૨૫-૩૦ મીલિઅન ૪૦ વર્ષે, ૩૦૦-૪૦૦ મિલીયન ૫૦ વર્ષે (અહીંથી જબરજસ્ત કમાણી ટ્રીગર થાય છે.) ૫૬ વર્ષ ૧૪ બિલિઅન, ૧૭ બિલિઅન ૬૬ વર્ષે, અને ૩૬ બિલિઅન ૭૨ વર્ષે ભેગા કર્યા ૮૦ વર્ષે ૬૦ બિલિઅન અને ૯૦ વર્ષે ૯૬ બિલિઅન ડોલરની નેટવર્થ થઈ ગઈ.

ફોર્બ્સના એસ્ટીમેટ પ્રમાણે સપ્ટેમ્બર ૩૬ના સમયમાં જ્યારે તેમની ઊંમર ૯૬ વર્ષની થઈ ત્યારે તેમની પાસે ૧૪૬ બિલિઅન ડોલરની નેટવર્થ હતી...

૯૬ વર્ષે હેથવેના ચેરમેન પદેથી નિવૃત્ત થયા. તેમનું બેંક બેલેન્સ જબરજસ્ત બદલાયું પણ કાર અને ફ્લેટ એના એજ રહ્યા! બોલો, આટલી ધીરજ હોય તો તમે પણ વોરન બફેટ બની શકો છો.

બફેટના મતે તમારી પાસે સારો સલાહકાર મિત્ર હોવો જોઈએ. લોસ એન્જેલીસના લોયર ચાર્લી મુંજર તેમના ખાસ મિત્ર હતા. તેમની પાસે શેરબજારનું નેટવર્ક અને સમજ સારા હતા. તે બફેટને ૬૦ વર્ષ સુધી તેમની ભૂલો સમજાવતા રહ્યાં. એનાથી બફેટ આપણને સમજાવે છે કે તમારી સફળતા નહીં, પણ તમારી ભૂલો પર ધ્યાન આપો.

બફેટના કુટુંબનો મંત્ર હતો કે કમાવ એનાથી ઓછો ખર્ચ કરો. પહેલાં બચાવો પછી ખર્ચ કરો. તેઓ જીવનને સાદગીથી જીવવાનું પસંદ કરતાં. ભારતમાં પણ અનેક બિલિઓનરો સાદગીભર્યું જીવન જીવે છે. ઈન્ફોસિસના સુધામૂર્તિ બેંગ્લોરના અનેક કાર્યક્રમમાં મારૂતી અલ્ટોમાં પહોંચી જતા. એકવાર તેઓ

**બફેટના કુટુંબનો મંત્ર હતો કે કમાવ એનાથી ઓછો ખર્ચ કરો. પહેલાં બચાવો પછી ખર્ચ કરો. તેઓ જીવનને સાદગીથી જીવવાનું પસંદ કરતાં**

પોતાના પતિ નારાયણ મૂર્તિનો કેમ્પ ગૌડા એવોર્ડ લેવા બેંગ્લોરની વિધાનસભામાં મરૂન કલરની મારૂતિ અલ્ટો લઈને ગયા અને તેમાં જ પાછા ફર્યા હતા.

વોરન બફેટની ધીરજ કમાલની હતી. તેઓ કહે છે કે ઓટોમેટિક બચત કરો અને દાયકાઓ સુધી તમારા પૈસાને ચક્રવૃધ્ધિ વ્યાજ વધવા દો. રિટર્નમાં મેળેલા પૈસાને ફરી ઈન્વેસ્ટ કરો. બફેટ તો આખી કંપની લઈ લેવા જ વિચારતા પરંતુ તેઓ સાદા લાંબા સમયના રોકાણ માટે લૉ-કોસ્ટ બ્રોડ-માર્કેટ ઈન્ડેક્ષ ફંડની પણ ભલામણ કરે છે. જોકે તેમની ઈન્વેસ્ટ કરવાની સ્ટાઈલ ભારતમાં કમાવા માટે બેઝિક સિદ્ધાંત એ જ રહે છે.

બફેટ, સ્ટાઈલ ટેકનિક ટૂંકમાં નોંધી લ્યો : (૧) માર્કેટનું અનુમાન કરવાને બદલે નિયમિત રોકાણ કરતાં રહો. (૨) એવા ધંધા કે શેર પસંદ કરો જે લાંબે ગાળે તમારી કમાણી વધારી શકે (૩) બચતને દાયકાઓમાં વધતી જૂઓ જેને માટે ધીરજ રાખો.

(૪) જેમ આવક વધે તેમ બચત પણ વધારો.

(૫) ધારણાંઓથી દૂર રહો.

(૬) રિટર્નને ફરી રોકો અને મૂડીનું કમ્પાઉન્ડીંગ થવા દો.

(૭) કિંમત વધવા માંડે એટલે લેવાની ઊતાવળ ના કરો, ધંધાને સમજો

અને તેને માટે તમે શું આપી રહ્યાં છો એ વિચારો.

ડૂબતા માર્કેટની લાલ લીટી જોઈ નવર્સ ના થાવ, તેને રોકાણની ઉત્તમ તક સમજી ખુશ થાવ. માર્કેટ ઉપર તો આવશે જ ને?

આથમતો સૂરજ સવારે માડીનું કંકુ ખેરવીને ઉગે જ છે ને!

## પૃથ્વીથી દર વર્ષે દોઢેક ઈંચ દૂર જઈ રહેલા, હવા-પાણી વગરના, પોતે છે તેના કરતાં સાવ અલગ જ દેખાઈ રહેલા...

# ચંદ્ર વિષે ૧૪ અચરજ પ્રેરક વાતો!

શરદપૂર્ણિમાનો ચંદ્ર! સંકટ ચોથનો ચંદ્ર! ઈદનો ચંદ્ર! ભક્તોનો ચંદ્ર અને પ્રેમીઓનો ચંદ્ર! વૈજ્ઞાનિકોનો ચંદ્ર! રાત-રાત જાગનારાઓનો ચંદ્ર! સમુદ્રનો ચંદ્ર! સમુદ્રની ભરતી-ઓટ વગેરેનો ચંદ્ર! કવિઓનો ચંદ્ર! ગીતકારોનો ચંદ્ર! ચિકિત્સકોનો ચંદ્ર! નાનાં અબુધ બાળકોનો ચંદ્ર જે બાળકો માટે ચંદ્ર એટલે ચાંદામામા! ચંદ્ર વિષે અહિ એવી ૧૪ વાતો તમને જણાવવી છે જે ખરેખર જ તમે નહિ જાણતાં હશો!

**ચંદ્ર કરતાં પૃથ્વી ૪ ગણી મોટી!**

ચંદ્રનો વ્યાસ ૩૪૭૪ કિ.મી. છે અને પૃથ્વીનો વ્યાસ ૧૨,૭૫૬ કિ.મી. છે. આમ, ચંદ્ર કરતાં પૃથ્વી ચાર ગણી મોટી છે એમ કહી શકાય.

**ચંદ્ર પર માત્ર ૧૨ લોકોનાં પગલાં!**

ચંદ્ર પર અત્યાર સુધીમાં માત્ર ૧૨ લોકોનાં પગલાં પડી શક્યાં છે. એ બારેય પૈકી કોઈ સ્ત્રી નહિ! બારે બાર પુરુષો જ છે.

**ચંદ્ર પર માણસજાતનું અંતિમ પગલું!**

ચંદ્ર પર માણસ જાતને અંતિમ પગલું રાખ્યને પણ નહિ નહિ તો હાલ ૫૪ વર્ષ થઈ ગયાં! અંતિમ ૫૪ વર્ષમાં પૃથ્વીના એકેય માણસે ચંદ્ર પર પગ નથી મૂક્યો! ચંદ્ર પર તા. ૧૪-૧૨-૧૯૭૨ના રોજ યુજીન-હેરિસન બે અંતિમ વ્યક્તિઓ હતા જેમણે ચંદ્ર પર પગલાં ભર્યા હતાં... યુજીન બાવીશ કલાક સુધી ચંદ્ર પર ચાલ્યો હતો એમ તેણે કહ્યું હતું. ચંદ્ર પરથી પૃથ્વી તરફ પાછા ફરતી વેળા યુજીન બોલ્યો હતો કે, જેવા અહિ આવ્યા તેવા અહિથી પાછા ફરી રહ્યા છીએ! એનો અર્થ શું કાઢવાનો તે તો યુજીન જ જાણે! યુજીનની સાથે પાયલટ તરીકે સેવા આપી હતી હેરિસને અને હેરિસનને ચંદ્ર પર પગલાં પાડનાર ૧૨મી (અંતિમ) વ્યક્તિ તરીકે દુનિયા ઓળખે છે.



**ચંદ્ર પર હવા જેવું કશું નહિ!**

ચંદ્ર પર હવા જેવું ખાસ કશું નથી એમ ત્યાં જઈ આવેલા માણસોએ કહ્યું છે. પૃથ્વી પરથી હવા લઈને ચંદ્ર પર જવું પડે! એમ કહે છે કે, ચંદ્ર પર પૃથ્વીના ગુરુત્વાકર્ષણ કરતાં છઠ્ઠા ભાગનું ગુરુત્વાકર્ષણ પણ નહિ હોવાથી વાયુ-હવા ત્યાં ટકી રહેવાને બદલે ચંદ્ર બહાર નીકળી જાય છે.

**ચંદ્ર પર પહોંચવા માટે કેટલો સમય લાગે?**

ચંદ્ર પર પહોંચવા માટે ત્યાં પગ રાખનાર સહુ પ્રથમ અવકાશયાત્રી નીલ આર્મસ્ટ્રોંગને ૧૦૯ કલાક-૪૨ મિનીટ જેટલો સમય લાગ્યો હતો!

**ચંદ્ર પૃથ્વીથી દૂર ને દૂર જઈ રહ્યો છે?**

ચંદ્ર પૃથ્વીથી ઉત્તરોત્તર દૂર ને દૂર જઈ રહ્યો હોવાનું બહાર આવ્યું છે... દર વર્ષે ચંદ્ર પૃથ્વીથી અંદાજે દોઢ ઈંચ દૂર જતો રહે છે! એમ કહી શકાય કે, લાંબે સમયે પૃથ્વી પરના લોકો માટે ચંદ્ર આવડી મોટી સાઈઝમાં જોવા નહિ પણ મળી શકે! જેમ અન્ય ગ્રહો નરી આંખે જોવાનું શક્ય નથી તેમ યુગો પછી, પૃથ્વી પરના લોકો માટે પણ ચંદ્ર નરી આંખે જોવા નહિ મળી શકે!

**ચંદ્ર પર રાત-દિવસનું ચક્કર?**

ચંદ્ર પર પણ પૃથ્વી માફક રાત-દિવસનું ચક્કર જોવા મળે છે! આપણે ત્યાં જેમ ૨૪ કલાકનો એક દિવસ હોય છે તેમ ચંદ્ર પર (પૃથ્વી પરના) ૨૭.૩ દિવસ બરાબર એક દિવસ જોવા મળે છે. આમ, ચંદ્ર પર પૃથ્વીના ૧ મહિના જેટલો ૧ દિવસ હોવાનું સમજમાં આવી રહ્યું છે...

**ચંદ્રની ગતિ!**

ચંદ્રની ગતિ બહુ જ આશ્ચર્ય પ્રેરક છે. પૃથ્વીની ગતિ અને ચંદ્રની ગતિ વચ્ચે પાયાનો તફાવત એ જોવા મળે છે કે... ચંદ્રને પોતાની ધરી પર ૧ ચક્કર પૂરું કરવામાં જેટલો સમય લાગે છે તેટલો જ સમય પૃથ્વીની પ્રદક્ષિણા કરવામાં લાગે છે! જેમ ચંદ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે તેમ પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરી રહી છે...પૃથ્વીને પોતાની ધરી પર ૧ ચક્કર પૂરું કરવામાં ૧ દિવસ લાગે છે જ્યારે સૂર્યની આસપાસ ૧ ચક્કર પૂરું કરવામાં ૧ વરસ લાગે છે!

**છેલ્લાં ૫૪-૫૪ વરસથી હજુ સુધી કેમ કોઈ ચંદ્ર પર જવા તૈયારી બતાવી નથી રહ્યું? ચંદ્ર પર જવાવાળો કોઈ ૧૩મો માણસ ક્યારે પૃથ્વી પર પેદા થશે?**

**ચંદ્ર પર પગલાંનાં નિશાન!**

ચંદ્ર પર અગાઉ જે ૧૨ જણાએ પગલાં પાડ્યાં છે તે નિશાન હજુ અત્યારે પણ ચંદ્ર પર જોવા મળી રહ્યાં છે અને વૈજ્ઞાનિકો કહે છે કે આ નિશાન કરોડો વરસો પછી પણ જોવા મળી શકશે! ત્યાં જઈને કોઈ આ નિશાન ભૂંસી આવે તો જ તે નિશાન દૂર થઈ શકશે!

**ચંદ્રના ઉદય અને અસ્ત શું છે?**

ચંદ્ર પૃથ્વી પરથી પૂર્વ ક્ષિતિજ પર દેખાવા લાગે તે ચંદ્રોદય છે અને ચંદ્ર જ્યારે પૃથ્વી પરથી પશ્ચિમ ક્ષિતિજે અદ્રશ્ય થઈ જવા લાગે તે ચંદ્રાસ્ત છે! પૃથ્વીની દૈનિક ગતિને કારણે સૂર્યની માફક ચંદ્ર પણ પૂર્વમાં ઉદય પામતો અને પશ્ચિમમાં અસ્ત પામતો દેખાય છે.

**ચંદ્ર પર પડછાયો!**

ચંદ્ર પર જે અજવાળું છે તે સૂર્યને તેમજ પૃથ્વીને આભારી છે. ચંદ્ર તમને પૃથ્વી પરથી આટલો દેદીપ્યમાન દેખાઈ રહ્યો છે પણ, પડછાયા માટે કશું અનુકૂળ વાતાવરણ ચંદ્ર પર નહિ હોવાથી ચંદ્ર પર કોઈ પણ ચીજ-વસ્તુના પડછાયા ખૂબ ઘેરા પડે છે! ચંદ્ર પરના પડછાયાની તુલનામાં પૃથ્વી પરના પડછાયા ખાસ ઘેરા જોવા નથી મળી રહ્યા...

**ચંદ્ર પર તાપમાન!**

ચંદ્ર પર તાપમાનમાં જે વાસ્તવિકતા જોવા મળી રહી છે તે સાથે તમે કદાપિ સંમત નહિ થઈ શકો! દિવસના સમયે ત્યાં તાપમાન ૧૨૭ અંશ આસપાસ સુધી તેમજ રાતે (-૧૭૩ અંશ) સુધી જોવા મળે છે! ગરમ-ગરમ દિવસ અને ઠંડી-ઠંડી રાતો...ચંદ્ર પર આ ક્રમ લગભગ દરરોજનો રહે છે.

**ચંદ્ર પર વરસાદ જેવું પણ કશું નહિ!**

ચંદ્ર પર વરસાદ જેવું પણ કશું હોતું નથી! કેમ કે, હવા જેવું ત્યાં નથી! હવા વગર વરસાદ કેવો?!

**ચંદ્ર જેવો દેખાઈ રહ્યો છે તેવો હકીકતમાં નહિ?**

ચંદ્ર તમને પૃથ્વી પરથી જેવો દેખાઈ રહ્યો છે તેવો હકીકતમાં નથી તે સત્ય સમજી લેવું જોઈએ. મેગ્નેશિયમ-સીલીકોન-લોહ જેવાં મુખ્ય તત્વો પોતાના બંધારણમાં ધરાવી રહેલો ચંદ્ર વાસ્તવમાં ખૂબ કાળો છે-શ્યામ છે! ચંદ્ર ખરેખર આટલો ગોરો નથી-શ્વેત નથી-ધોળો નથી! ચંદ્ર પર સૂર્યનું અજવાળું પડવાથી તે આપણને આટલો ઉજળો જણાઈ રહ્યો છે...

**કૌશિક કુમાર દીક્ષિત**



### ઘારી! (હઝલ)

અહીં લોક ઝાપટતા ઘારી પર ઘારી
અને ત્યાં ઘણાને નથી રોજગારી!
અમીરો-ગરીબો બધાં સ્વાદ-ઘેલાં,
કહો, ક્યાં જણાતી કશે મોંઘવારી?!
નર્યું તૂત લાગે છે 'કેલેરી -પ્લાનિંગ'!
પસીનો વહાવો તો એ ગુણકારી!
'તમે ખાવ આજે, ચૂકવજો નિરાંતે'!
કોઈ બે' કે આવી શું ઓફર વિચારી?!
'બનાવી તું શકશે,ન તું ખાઈ શકશે'!
નફાખોરને શાપ લાગ્યો છે ભારી!
અભિમાન-વિખવાદ જેવાં કલંકો-
ફગાવી મનાવો ભલે રાત સારી!

- બકુલેશ દેસાઈ

---

## B.A... M.A... M.Phil... Ph.D... અને પછી, લાંબી લાંબી લાંબી લાંબી જેલની સજા!

# ઉમર ખાલીદ અને, તેના વિચારો વિષે!

જોખમમાં આવી પડેલા માનવાધિકાર-રક્ષકો માટે ફ્રન્ટ લાઈન ડિફેન્ડર એવોર્ડ્સનો આરંભ ઈ.સ.૨૦૦૫થી થયો હતો. આ એવોર્ડ એવી વ્યક્તિઓને આપવામાં આવે છે જેઓ પ્રતિકૂળ અને ખૂબ જ જોખમયુક્ત વાતાવરણમાં કાર્યરત છે તેમજ જેમનું કામ હજુ સુધી વ્યાપક આંતર્રાષ્ટ્રીય કક્ષાએ પહોંચી નથી શક્યું! ભારતીયો પૈકી ૨૦૧૮નો ફ્રન્ટ લાઈન ડિફેન્ડર એવોર્ડ સોની સોરી(છતીસગઢ)ને મળ્યો હતો અને, ચાલુ વર્ષે ૨૦૨૬નો ફ્રન્ટ લાઈન ડિફેન્ડર એવોર્ડ સૈયદ ઉમર ખાલીદને મળ્યો છે. દર વર્ષે દુનિયાના અલગ-અલગ પાંચ ખંડો પૈકી 'ચુપ નહિ રહેનારી' અલગ અલગ પાંચ વ્યક્તિઓને આ એવોર્ડથી સન્માનવામાં આવે છે. આ એવોર્ડમાં હાલ, ૧૫,૦૦૦ યુરો એટલે કે આશરે ૧૪,૦૦,૦૦૦ રૂપિયા આપવામાં આવી રહ્યા છે. જેલની સજા ભોગવી રહેલી કોઈ વ્યક્તિને આવો એવોર્ડ મળે તેવી આ ઉમર ખાલીદ વાળી ઘટના ઈતિહાસમાં સહુ પ્રથમ ઘટના છે.



ફ્રન્ટ લાઈન ડિફેન્ડર એવોર્ડ (બીજા) ભારતીય વિજેતા ઉમર ખાલીદ જે.એન.યુ.ના વિદ્યાર્થી રહ્યા અને તેમણે બી.એ.-એમ.એ.-એમ.ફિલ.-પીએચડી સુધીનો અભ્યાસ ઈતિહાસના વિષયો સાથે કર્યો. આશ્ચર્ય-અફસોસની વાત છે કે, આટલું ઊચ્ચ ભણતર પછી પણ તેઓ ૨૦૨૦ના વર્ષથી આપણા દેશની તિહાર જેલમાં સજા કાપી રહ્યા છે! ઉમર ખાલીદને બદલે (તેમના વતી) તેમના પિતા એવોર્ડ લેવા માટે સમારંભમાં ગયા હતા. અનેક વાર અરજીઓ પછી પણ, ઉમર ખાલીદને અદાલતો જામીન નથી આપી રહી...ધરપકડ બાદ, ૭ વરસ થવા આવ્યાં હજુ કેસ પણ ચાલી નથી રહ્યો! ઉમર ખાલીદ હજુ, અપરિણીત છે-સંસાર ભોગવવાની ઉંમર એમની જેલમાં જઈ રહી છે. લાંબી લાંબી સજાઓ ભોગવી રહેલા ચાલીસ વર્ષની વયે પહોંચેલા તેમજ ગાંધીવાદી વિચારધારાને વરેલા ઉમર ખાલીદના અમુક વિચારોથી તમને અહિ વાકેફ કરવા છે...

■ ■ ■

**ફ્રન્ટ લાઈન ડિફેન્ડર એવોર્ડ અત્યાર સુધીમાં બે જ ભારતીયોને મળ્યો છે...૨૦૧૮માં છતીસગઢની શિક્ષિકા સોની સોરીને તેમજ ૨૦૨૬માં દિલ્હીના ઉમર ખાલીદને! અને, જેલની સજા કાપી રહેલી કોઈ વ્યક્તિને આવો એવોર્ડ મળે તે તો એક માત્ર ઉમર ખાલીદ જ!**

આપણે સંજોગોવસાત્ ભારતીય નથી પણ, આપણી પસંદગીને કારણે ભારતીય છીએ!

■ ■ ■

મારું નામ ઉમર ખાલીદ છે પરંતુ, હું આતંકવાદી નથી!

■ ■ ■

જેલમાં પણ, આશા નામે એક જીદ્દી ચીજ પોતાનું અસ્તિત્વ જાળવી રાખે છે.

■ ■ ■

મેં મારો બચાવ કરતાં કહ્યું હતું કે, હું મુસલમાન નથી. પણ, મેં વિચાર્યું કે જો હું મુસલમાન હોત તો શું થાત? જો, હું આઝમગઢથી હોત અને ટોપી પહેરતો હોત તો શું થાત? મને લાગ્યું કે, હું પુસ્તકોમાં વર્ણિત કોઈ અનિચ્છુક કટ્ટરપંથી જેવો છું. અને, છતાં તમે એમને આવા સવાલો પૂછી નહિ શકો!

■ ■ ■

અભિવ્યક્તિની સ્વતંત્રતા બિલકુલ ખતરામાં નથી પરંતુ, તે સત્તામાં બેઠેલા લોકો પાસે છે.

■ ■ ■

તથાકથિત રાષ્ટ્રવાદીઓએ અમને જેલમાં નાખવા માટે પણ છેક ૧૮૬૦નો અંગ્રેજોનો કાયદો કામે લગાડવો પડ્યો છે!

■ ■ ■

માનવતા એક વિશેષાધિકાર છે.

■ ■ ■

જેલમાં વિતાવેલાં આ વરસોએ મારા મન અને તન પર ઘેરો પ્રભાવ પાડ્યો છે. અને, મારી અંદરની તમામ ચિંતાઓને વધારી દીધી છે!

■ ■ ■

જે કેદીઓ સાથે ખાધું-પીધું તે કેદીઓ પણ તમારી પીઠ પાછળ તમને 'આતંકવાદી' કહે છે!

■ ■ ■

હું એક એવો પાગલ આત્મા છું જે જેલમાં પણ આઝાદ છે!

■ ■ ■

હું હવે, આશા રાખવાથી પણ ગભરાઉં છું!

■ ■ ■

દેશભક્તિનો મતલબ એવો તો હરગીઝ નહિ કે, સરકારો સાથે આંખો મીંચીને સહમત થઈ જવું!

---

**લોગઈન :**

એકાદ બીજ આખું વટવૃક્ષ થાય છે ને!
પુસ્તક રચાય છે બસ એવાં વિચારમાંથી.

- આર. બી. રાઠોડ

# વિચારનું વટવૃક્ષ એટલે પુસ્તક

**અંતરનેટની કવિતા**

**અનિલ ચાવડા**

અમદાવાદમાં પુસ્તકમેળાની સુંદર શરૂઆત થઈ ગઈ છે અને ગ્રંથપ્રેમીઓ જ્ઞાનની નદીમાંથી ગમતા નીરના ઘૂંટડા ભરી રહ્યા છે, ત્યારે માહિતી અને મનોરંજનથી છલકાતા આ યુગમાં પુસ્તકની મહત્તા વિશે વાત કરવી જરૂરી છે.

જે માણસનાં હાડકાં રાખ થઈ ગયાં હોય, ચિતાની રાખને પવન ઉડાડી ગયો હોય, પગલાં પર સદીઓની ધૂળ ચડી ગઈ હોય, તે માણસ અચાનક આપણી સામે આવીને આપણી સાથે વાતો કરવા લાગે, એવું બની શકે? હા, બની શકે, પુસ્તક ખોલી જુઓ! હજારો વર્ષ પહેલાંના કોઈ ઋષિનો શ્વાસ એનાં પાનાંમાંથી સંભળાશે. સદીઓ પહેલાંના કોઈ કવિની આંખમાંથી ટપકેલું આંસુ તમારી આંખ ભીની કરશે. કોઈ ફિલસૂફનો વિચાર તમારી માન્યતાઓના મૂળિયાં હચમચાવશે. કોઈ નવલકથાકારનું કલ્પનાવિશ્વ તમને એવા પ્રદેશમાં લઈ જશે, જ્યાં તમે ક્યારેય ગયા નહીં હોવ.

માણસે અમર થવા કેટલા ઉધામા કર્યા! પથ્થર પર નામ કોતરાવ્યાં, સ્મારકો બંધાવ્યાં, મહેલો બનાવ્યા, પણ સમયે બધા પર પાણી ફેરવી દીધું. પણ એક વસ્તુ ટકી ગઈ, વિચાર. અને વિચારના વાહકો બન્યાં પુસ્તકો. કદાચ એટલે જ માણસે શોધેલી સૌથી અદ્‌ભૂત વસ્તુઓમાં પુસ્તકનું સ્થાન સર્વોચ્ચ છે. પુસ્તક એટલે કાગળમાં સાચવેલું જીવન નહીં, જીવનને જીવતું રાખવાની મનુષ્યે શોધેલી એક અસાધારણ વ્યવસ્થા!

કવિ આર. બી. રાઠોડે પુસ્તકની મહત્તા સમજાવવા માટે એક નાનકડું બીજ પસંદ કર્યું છે. કારણ કે બીજ અને પુસ્તક વચ્ચેનું સામ્ય માત્ર સર્જનની પ્રક્રિયા પૂરતું મર્યાદિત નથી, તેમાં સર્જનનું રહસ્ય, સંભાવનાનો ચમત્કાર અને અસ્તિત્વનું તત્ત્વજ્ઞાન સમાયેલાં છે. બીજ એટલે પ્રકૃતિએ નાનકડા અક્ષરમાં લખેલી એક વિરાટ સંભાવના. એ સંભાવનાને માટી, પાણી, પ્રકાશ અને સમયનો સહકાર મળે તો એમાંથી વટવૃક્ષ ઊભું થાય. વિચારનું પણ એવું જ છે. વિચાર જ્યારે જન્મે છે ત્યારે કદાચ સર્જકને પોતાને પણ એની વિરાટતાનો અંદાજ હોતો નથી.

વૃક્ષ અને પુસ્તક વચ્ચે બીજું એક અદ્‌ભૂત સામ્ય છે. વૃક્ષ પોતાનાં ફળ પોતે ખાતું નથી, પોતાનો છાંયડો પોતે ભોગવતું નથી. પુસ્તક પણ ક્યારેય વાચકની જાતિ, ધર્મ, ભાષા કે સંપત્તિ પૂછતું નથી. એની પાસે જે આવે તેને એ પોતાની સંપત્તિમાંથી કંઈક આપે છે. કોઈને જ્ઞાન, કોઈને આશ્વાસન, કોઈને આનંદ, કોઈને હિંમત તો કોઈને સવાલ કરવાની શક્તિ. પુસ્તકની આ નિષ્પક્ષ ઉદારતા એને માનવસંસ્કૃતિની સૌથી મહાન સંપત્તિઓમાં સ્થાન આપે છે. વટવૃક્ષની વડવાઈઓ ધરતીમાં ઊતરીને નવાં થડ રચે છે, એ જ રીતે એક પુસ્તકમાંથી બીજા પુસ્તકો જન્મે છે, એક વિચારમાંથી બીજા વિચારો ફૂટે છે.

પુસ્તક માત્ર સુખ મેળવવા નથી લખાતાં. કેટલાંક આપણને અસ્વસ્થ કરે છે. આપણી માન્યતાઓ પર પ્રહાર કરે છે. પૂર્વગ્રહોને ઉઘાડા પાડે છે. જે દુઃખને આપણે બીજાનું ગણીને અવગણ્યું હોય, એને આપણા હૃદય સુધી પહોંચાડે છે. સાહિત્યની આ જ તો અદ્‌ભૂત શક્તિ છે કે તે અજાણ્યા માણસની પીડાને પણ આપણા પોતાના અનુભવનો ભાગ બનાવી શકે છે.

**માણસે અમર થવા કેટલા ઉધામા કર્યા! પથ્થર પર નામ કોતરાવ્યાં, સ્મારકો બંધાવ્યાં, મહેલો બનાવ્યા, પણ સમયે બધા પર પાણી ફેરવી દીધું. પણ એક વસ્તુ ટકી ગઈ, વિચાર**

પ્રેમચંદની 'ગોદાન' વાંચ્યા પછી ખેડૂત માત્ર ખેડૂત રહેતો નથી, સેંકડો શોષિત જિંદગીનું પ્રતિબિંબ બની જાય છે. દોસ્તોયેવ્સ્કીની 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ' વાંચ્યા પછી અપરાધ માત્ર કાયદાની કલમ પૂરતો સીમિત રહેતો નથી, એ માનવમનના અંધકારમય ખંડો સુધી જાય છે. એન ફ્રેન્કની ડાયરી વાંચીએ ત્યારે ઈતિહાસના લાખો મૃતકોનો આંકડો એક કિશોરીનાં સ્વપ્નો, ભય અને આશાઓમાં પરિવર્તિત થઈ જાય છે.

પુસ્તક સમય અને સ્થળની મર્યાદાઓને અતિક્રમી જાય છે. પુસ્તકોની મદદથી આપણે સોક્રેટિસ સાથે બેસીને વિચારી શકીએ, કાલિદાસ સાથે ઋતુઓ નિહાળી શકીએ, ટાગોર સાથે પ્રકૃતિની પ્રાર્થના સાંભળી શકીએ અને ગાંધીજી સાથે સત્યના પ્રયોગોમાં ભાગ પણ લઈ શકીએ.

આજે માહિતીનો મહાસાગર આપણી આંગળીઓના ટેરવે ઉપલબ્ધ છે, ત્યારે પુસ્તકનું મહત્ત્વ ઓછું થયું છે એવું માનવાની ભૂલ ન કરવી. માહિતી અને જ્ઞાન વચ્ચે અંતર છે. માહિતી કોઈ ઘટના વિશે જણાવે છે, પુસ્તક એ ઘટનાનાં કારણો, પરિણામો અને માનવીય અર્થ વિશે વિચારવા પ્રેરે છે. માહિતી ઝડપ માગે છે, પુસ્તક ધીરજ. માહિતીનું આયુષ્ય મિનિટો સુધી હોય છે, પુસ્તકની પ્રસ્તુતતા સદીઓ સુધી. સતત બદલાતી દુનિયામાં પુસ્તક આપણને થોભીને જોવાની, સમજવાની અને વિચારવાની એક દુર્લભ તક આપે છે.

વટવૃક્ષની મહાનતા એ નથી કે તે એક નાનકડા બીજમાંથી જન્મ્યું હતું, એની મહાનતા એ છે કે વિશાળ થયા પછી પણ તે અસંખ્ય નવાં બીજ જન્માવતું રહે છે. પુસ્તકની મહાનતા પણ એ જ છે. એક વિચારમાંથી જન્મેલું પુસ્તક જ્યારે હજારો નવા વિચારોને જન્મ આપે છે, ત્યારે એ માત્ર સાહિત્ય રહેતું નથી, સંસ્કૃતિ બની જાય છે. રામાયણ, મહાભારત જેવા મહાગ્રંથો તેનાં જીવતાં જાગતાં ઉદાહરણો છે.

**લોગઆઉટ:**

એનાથી મોટી શું બરકત ઘરમાં આવે,
સારું એક પુસ્તક જ્યારે કુરિયરમાં આવે.

- જુગલ દરજી

---

**સ્કવેર કટ**

**અધીર અમદાવાદી**

- તમે અત્યાર સુધી કેટલી દિવાળી જોઈ છે? અને કેટલા ફટાકડા ફોડ્યા છે?
  - અજય જોષી, નાસિક
  - **મીણબત્તીઓમાં કેક ના દેખાય એટલી. એનું રજિસ્ટર નથી બનાવ્યું.**
- જેલમાં સારું સારું જમવાનું કેમ નહીં મળતું હોય?
  - શિવમ વિજયકુમાર યાજ્ઞિક, રાજકોટ
  - **સોરી હું ગયો નથી, તમને ખરાબ અનુભવ થયો?**
- આધાર કાર્ડમાં સારો ફોટો લાવવા શું કરવું?
  - તપન વોરા, અમદાવાદ
  - **જે કૂતરાની પૂંછડી સીધી કરવા કરો છો, એકઝટલી એ.**
- 'છે તારી પાસે વાડી ને ગાડી, તો જ હું તારી'. આજની છોકરીની પ્રાથમિકતા? શું કહેશો.
  - પ્રદીપ કે. દોશી, માંડવી
  - **'જો તું કિઆરા જેવી દેખાતી હોત, તો હું તને કે'ત'. આ જવાબ અપાય.**
- તમારામાં અને ઊલટા ચશ્માના જેઠાલાલમાં શું ફેર?
  - પંકજ મકવાણા, ગુજરાત
  - **હાઈટનો.**
- સ્ત્રીની સાચી સુંદરતા કઈ?
  - દિપક પંડયા, બીલીમોરા
  - **જે સવારે છાપું/દૂધ આપવા આવનારને દેખાય એ.**
- ગુસ્સો બહુ આવતો હોય તો શું કરાય?
  - વિપુલાબેન મકવાણા, રાજકોટ
  - **ગુસ્સા પર ગુસ્સો.**
- મંત્રલેખન માત્ર લાલ રંગથી જ કેમ?
  - મીતેષ શાહ, વડોદરા
  - **એવું ક્યાંક લાલ અક્ષરે લખ્યું છે.**
- દિવાળીની સફાઈ ચાલુ કરી દીધી તમે?
  - નીતા શર્મા, પાટણ
  - **સોરી, બહારના ઑર્ડર નથી લેતો.**
- મોબાઈલ અને પત્નીમાં શું ફર્ક હોય છે?
  - ધવલ જે. સોની, ગોધરા
  - **મોબાઈલની મેમરી લિમિટેડ હોય છે.**
- પાઉભાજીમાં મીંડુ 'પા' ઉપર આવે કે 'ઉ' ઉપર?
  - મધુકર માંકડ, રાજકોટ
  - **ગમે ત્યાં. મીંડાં રૂપિયામાં, એ પણ પાછળ અગત્યના.**
- શ્રાદ્ધમાં કાગડો કાગવાસ ખાવા ન આવે તો પિતૃને કેમ મળે?
  - નરેશભાઈ પરમાર, ભરૂચ
  - **કાગવાસની ક્વોલિટી સુધારો.**
- પરણેલા પુરુષને સૌથી વધારે તકલીફ શેમાં પડે?
  - હિતેશ ચાવડા, વિજાપુર
  - **પત્ની સાથે ગરબામાં જઈ લાગણીઓને કાબુમાં રાખવી.**
- રોજ રાત્રે કુતરાઓ દોડદોડ કરે છે, તેમને થાક નહીં લાગતો હોય?
  - ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલ, લુણાવાડા
  - **એ કૂતરાઓની સ્ટેમિનાનો પ્રશ્ન છે. આપણે શું પંચાત?**
- વાડ ચીભડા જ કેમ ગળે, દુધી કે કારેલા કેમ નહીં?
  - અમૃત સોલંકી, બોટાદ
  - **વાડને ચીભડા બહુ ભાવે એવું એક અમેરિકન સંશોધન છે.**
- એક દિવસના પાસ દસ હજાર રૂપિયાના? ગરબા છે કે ફાઈવસ્ટાર હોટલ?
  - લલિત અડવાણી, અમદાવાદ
  - **ગરબા નહીં, ડાન્સ એક્સપિરિયન્સ.**
- છુટાછેડા માટે મુહૂર્ત જોવું પડે?
  - ઘનશ્યામ એચ. ભરુચા, વિરાર
  - **હા, પણ મુહૂર્ત જજ સાહેબ કાઢી આપે.**
- સવાલ જોડે નામ સાથે ગામ/શહેરનું નામ ફરજીયાત કેમ?
  - રસેશ એન. શ્રોફ, મુંબઈ
  - **ગાંડાના ગામ વસ્યા છે કે છૂટક છે, તે ચેક કરવા.**
- ગુજરાતમાં રહેવાનો સૌથી મોટો ફાયદો ક્યો?
  - અરવિંદ ચૌહાણ, મોદજ
  - **આખી દુનિયા તમારાથી બળે.**
- 'અમે ગુજરાતી લહેરીલાલા' તો બીજા રાજ્યના હોય તે કેવા લાલા?
  - મુકેશ ચંદારાણા, મીઠાપુર
  - **ઉહલાલા.**

**તમારા સવાલો આ ઈમેઈલ આઈડી પર મોકલી આપો**
**squarecut@gujaratsamachar.com**

---

# વિજ્ઞાપન વાલી લડકી

**વિન્ડો સીટ**

**ઉદયન ઠક્કર**

હિંદી નવલિકાકાર દિનેશ શ્રીનેતની વાર્તા 'જાહેરાતવાળી યુવતી' ના અંગ્રેજી અને ઉર્દૂ અનુવાદ પણ પ્રકટ થઈ ચૂક્યા છે.

**વાર્તાનો સંક્ષેપ :**

પાછલા અઠવાડિયાથી લગાતાર પાણી વરસતું હતું. પવનની લહેરોના ફુવારાથી શહેર પલળતું હતું. દોડતી ગાડીઓની હેડલાઈટમાં આસમાનથી પડતાં જળશીકર ચળકતાં હતાં. આવી તોફાની મોસમમાં તેણે રોજ સાંજે ચાર કિ.મી. ચાલીને દફ્તર પહોંચવું પડતું. એક મહાનગરને છેવાડે આવેલો આ કસબો હતો. દૂર બ્રહ્માંડથી ટેલિસ્કોપ વડે જોવામાં આવે, તો મહાનગર એક ધડકતા હૃદયની જેમ સંકોચાતું-વિસ્તરતું દેખાય, અને સડકો પર સરકતી ગાડીઓ શિરામાંથી પસાર થતા રક્ત જેવી દેખાય. એક ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા અખબારમાં તે કમ્પોઝિટરની નોકરી કરતો. તેના આવવા-જવાના સમયની નોંધણી એક રજિસ્ટરમાં કરવામાં આવતી. ગોદામ જેવા મોટા હોલમાં કતારબંધ ગોઠવેલા કમ્પ્યુટરોમાંથી એકની સામે તે ગોઠવાતો. સ્ક્રીન ધૂંધળી, વાયરો પર ધૂળ બાઝેલી. મધરાત પછી તેનું કામ પૂરું થતું. પછી એ જ રસ્તે પગપાળા ઘરે.

એવી એક વરસાદી સાંજે તે ઝાડ નીચે થથરતો ઊભો હતો. ગાડીઓની હેડ લાઈટથી એક મસમોટા જાહેરાતના પાટિયા પર રોશનીનાં સેંકડો પ્રતિબિંબ પડતાં હતાં.વિરાટ પાટિયા તળે તેને વેંતિયો હોવાની અનુભૂતિ થઈ. પાટિયાને ડાબે ખૂણે એક યુવતી કમર લચકાવતી, સ્મિત કરતી, તેની જ સામે જોતી હતી. સંદેહ દૂર કરવા તે રસ્તો ઓળંગીને સામે પાર ગયો, પણ પેલી તો અપલક તેને જ તાકતી રહી. તેની આંખો પાછળ એક આંચ હળવે હળવે સળગતી હતી, તેના ગાલ દહકતા હતા, પાટિયું જાણે બળતું હતું અને થાંભલા લાલચોળ થતા જતા હતા. તે રાતે યુવતીની નજરે તેનો પીછો કર્યો. બચપણથી જોતો આવેલો તે સપનું આખરે સાચું પડ્યું- આ તકલીફોથી ભરેલી જિંદગીથી અળગી કોઈ દુનિયા છે ખરી, જ્યાં લોકો ખુશ છે, એક આદર્શ જિંદગી. પોતાની મા સાથે તે રહેતો તે ઘરના કબાટના ખાનામાં ૧૯૫૮થી ૧૯૭૪ સુધીનાં સામયિકોનો થપ્પો હતો. તે નવરો પડે ત્યારે ધૂળ ખંખેરીને વાંચવા બેસતો. તેની જાહેરખબરોમાં બાળકો દેખાતાં : ફુલડાંવાળું ફ્રોક પહેરેલી, બે ચોટલા વાળેલી છોકરી અને તેનો ભાઈ. સાબુ વેચતી સુંદરીઓ, ટુવાલમાં લપેટાયેલી, અર્ધખુલ્લી જાંઘવાળી. ગીઝરની જાહેરાતમાં મોડેલનો વાંસો ઉઘાડો દેખાતો. વર્ષો વીત્યાં તેમ વિજ્ઞાપન બદલાતાં ગયાં. હીરો સાઈકલ પર સવાર ઉમંગે ભર્યા યુવક-યુવતીઓને બદલે હવે કસરતી બદનવાળા નવજવાન નજરે પડવા લાગ્યા, જેમની કેડે ગિટાર લટકતું હોય, અને બાજુમાં ફટફટિયું ખડું હોય. લાંબી બેરોજગારી અને માનો કકળાટ છોડીને તે હજાર કિલોમીટર દૂર આ મહાનગરમાં આવી ગયો હતો. અહીં મોટાં હોર્ડિંગ પર સુખી લોકોની જિંદગી દેખાતી, જેઓ વર્તમાનમાં જીવે છે, એકમેકની ઈજ્જત કરે છે, જ્યાં કોઈ ખરાબ નથી.

એક રાતે ભારે વરસાદમાં પાવર ફેલ થઈ ગયો. દોઢને સુમારે ઘટ્ટ અંધકારમાં તે ઘર ભણી ચાલતો હતો, ત્યાં અરધું આસમાન ઝળહળી ઊઠ્યું. વીજળીના ચમકારામાં તેણે જોયું- જાહેરાતના પાટિયા પર પેલી યુવતી નહોતી! શિશુવયે તે કેલેંડરમાં ખાસ કંપનીનાં બિસ્કિટ ખાતાં, લાલ હાફ પેંટવાળા બાળકોને જોતો, અને વિચારતો કે તેમને કાતરથી કાતરી લઉં તો કેલેંડરથી આઝાદ થઈને તેઓ ઘરમાં ઉછળકૂદ કરશે.પેલી યુવતી પણ આઝાદ થઈ ગઈ છે. આ શહેરમાં જ કશે છે, ડરી ગયેલી, તેને ગોતવી પડશે. ગલી-ગલી ભટક્યા પછી છેવટે તે નજરે ચડી- કોઈ દુકાનના છજા નીચે, આંખ-નાકથી પાણી ટપકે. તેમણે એકમેકને એવી રીતે જોયાં, જાણે હમેશાથી એકમેકને જાણતાં હો.

**કિચન પરથી જણાતું હતું કે બે'ક અઠવાડિયાથી કશું રંધાયું નથી. અખબારો અને સામયિકોથી કાપેલી જાહેરાતો વિખરાઈને પડી હતી. તે રાતે ફરી જોરનો વરસાદ થયો અને 'વિજ્ઞાપન વાલી લડકી મુસ્કુરાતી રહી!'**

યુવતી ટુવાલથી કેશ સુકવી રહી છે. સવા મહિનાથી પાટિયા પર ઝૂલતી યુવતી આખરે તેના ઘરમાં હતી. કોણ માનશે કે કંપનીએ જેના પર કરોડો ખર્ચ્યા, તે યુવતી તેના સાંકડમુંકડ ઘરે આવી હતી! તેણે યુવતીને ગરમ ચા અને નારિયેળનાં કરકરાં બિસ્કિટ આપ્યાં. સૂકાં કપડાં અને ચાદર ઓઢીને તે સૂઈ ગઈ. સવારે આંખો ખૂલતાં તેણે જોયું- સાધારણ હિંદુસ્તાની સ્ત્રીની જેમ પેલીએ ઓરડીનો સામાન ઠીકઠાક કરીને ગોઠવી દીધો હતો. તે દફ્તર જવા વહેલો નીકળી ગયો. બપોરના તડકામાં જોઈને ખાત્રી કરી લીધી- પાટિયા પર પેલી યુવતી નહોતી જ. પછી એક દિવસ તેણે હિંમત કરીને પૂછી નાખ્યું, 'તું મને ઓળખતી હતી?' 'હા,' યુવતી બોલી, 'તમે પહેલાં જ હતા, જેણે મને આત્મીય નજરથી જોઈ.' વાતચીતોથી તેઓ સમીપ આવવા લાગ્યાં. યુવતીની કાયાની ખુશ્બુ તેના નાકે પડવા લાગી. શ્વાસોચ્છ્‌વાસ સાથે ઊંચું-નીચું થતું સૂતેલી યુવતીનું બદન તે જોતો હતો. તેનું ટોપ તસુભર ઉપર સરકી ગયું હતું અને જિન્સના બટનની ઉપર નાભિ દેખાતી હતી. તેની ત્વચામાં રંગત હતી, જાણે ખૂબ દૂધ રેડીને બનાવેલી ચહાની રંગત. તેમાંથી પસાર થતાં એક અલગ દુનિયાનાં બારણાં ખૂલતાં હતાં, જ્યાં રહેતાં હતાં હસમુખાં ઈમાનદાર લોકો, નાની નાની વાતોમાં ખુશી શોધતાં લોકો, જે બારણાંમાં તેને કદી પ્રવેશ નહોતો મળ્યો. તેણે જિન્સનું બટન ખોલી નાખ્યું. વાદળોનો ગડગડાટ થયો. યુવતીની આંખો ખૂલી ગઈ.

વળતી સવારે હાઈ વે પર એક લાવારિસ લાશ મળી, પેલા વિશાળ હોર્ડિંગ નીચે. લથપથ ભીંજાઈને અકડાઈ ગયેલું શરીર. એની ઓરડીની તલાશી લેવાથી કંઈ ઝાઝી જાણકારી ન મળી. કિચન પરથી જણાતું હતું કે બે'ક અઠવાડિયાથી કશું રંધાયું નથી. અખબારો અને સામયિકોથી કાપેલી જાહેરાતો વિખરાઈને પડી હતી. તે રાતે ફરી જોરનો વરસાદ થયો અને 'વિજ્ઞાપન વાલી લડકી મુસ્કુરાતી રહી!'

કાર્ટૂન કોર્નર - કાનજી




# સર્જનઃ પીડા કે અંધકાર વચ્ચેથી અવિરોધ સોંસરવા પસાર થવું

અબ હવાયેં હી કરેંગી
રૌશની કા ફૈંસલા
જીસ દિયે મેં જાન હોગી વો
દિયા રહ જાયેગા
- મહશર બદાયુની

અને સાચ્ચે જ, વિશ્વ કવિ રોબર્ટ ફ્રોસ્ટ (ઈ.સ. ૧૮૭૪-૧૯૬૩) એટલે અનેક વાવાઝોડાં વચ્ચે નવ દાયકાઓ સુધી ઝળહળેલી સર્જનની અખંડ જ્યોત! તેના ૧૮ કાવ્યસંગ્રહો અને ૩૫૦ કાવ્યો છે - જેને કાવ્ય પ્રેમીઓ આજે પણ ગણગણે છે. ચાર વખત પુલીત્ઝર પ્રાઈઝ મળ્યું અને સાહિત્યમાં નોબેલ પ્રાઈઝ માટે ૩૧ વખત નોમીનેટ થયાં. તેના કાવ્યોનો ઉજાસ વિષાદમાંથી અને પીડામાંથી આવ્યો છે. તેના પરિવારમાં તેણે સતત મૃત્યુને આવતા જોયું; તે અગીયારનો હતો ત્યારે પિતા પછી મેન્ટલ હોસ્પિટલમાં બેન, પછી કેન્સરમાં માતા મૃત્યુ પામી.

તેના સ્વયંના સંતાનોમાં પુત્ર એલીઓટ ચાર વરસે મૃત્યુ પામ્યો, કેરોલે આત્મહત્યા કરી, પુત્રી મારજોરી, પત્ની એલીનોર પણ તેને એકલો છોડી ગઈ. તે કહે છે, ‘ઓ ઈશ્વર, ચાલ તારી પરની મારી નાની-નાની મજાક તું માફ કરી દે, અને મારા પરની તારી મોટી-મોટી મજાક હું ભૂલી જાઉં!’ તેની પીડામાંથી પ્રગટેલ પ્રજ્ઞાનો એક અવિસ્મરણીય પ્રસંગ છે, આવો તેના સાક્ષી બનીએ.. તેમનો એંસીમો જન્મદિન ઉજવાઈ રહ્યો હતો. એક પત્રકાર સાથે તેમનો એક જ્યોર્તિમય સંવાદ સાંભળીએ..

**લેન્ડસ્કેપ**

**સુભાષ ભટ્ટ**

રે જોસેફ : તમારા જીવનના પ્રવાસો અને અનુભવોમાંથી તમને શું લાગે છે તમે જીવન પાસેથી સૌથી વધુ મુલ્યવાન વાત કઈ શીખ્યા?

રોબર્ટ ફ્રોસ્ટ : જીવન પાસેથી જે હું શીખ્યો છું તેનો સાર હું ત્રણ શબ્દોમાં કહીશ, it goes on.

બસ આટલો જ સંવાદ. આવો તેને સમજીએ. જીવન ચાલ્યું છે, ચાલે છે અને ચાલશે અને આપણે પણ ચાલ્યા કરવાનું છે. આપણાં કાર્યો, ધ્યેયો, જવાબદારીઓ નિભાવ્યા કરવાની છે. મારગમાં શિયાળો, શ્વેત બરફ, અંધકાર, થાક, મૃત્યુ પણ હશે. તેમ છતાં વ્યક્તિએ ચાલ્યા કરવાનું છે, જીવન ચાલ્યા કરશે. કાળ સાથે દલીલબાજી કે સંઘર્ષ નથી કરવાનો-તેનો સ્વીકાર કરવાનો છે. કાળની સમાંતરે જીવન પણ ચાલે છે-આપણે પણ ચાલીએ. કાળ પોરો નથી લેતું. થાક કે પરાજય વચ્ચે પણ તે નિરંતર ચાલે છે. સમય શિયાળામાં થીજતો નથી, અટકતો નથી, વિષાદમાં દુભાતો નથી. આપણે તો તેને આલિંગન આપવાનું છે. આ પીડા કે અંધકારની નીચેથી કે ઉપરથી, ડાબે કે જમણેથી બચીને નથી નીકળવાનું પણ તેમાંથી અવિરોધ સોંસરવા પસાર થવાનું છે. આપણું જીવન વચ્ચેથી ચાલ્યા કરવું : વિવશતા નથી વિકલ્પ છે, ગુલામી નથી પસંદગી છે.

આપણી સજગતા અને સમજ સાથે લેવાયેલ તે નિર્ણય છે. આખરે ફરિયાદ વિનાના સંઘર્ષ અને મૃત્યુને વહાલું કરવામાં માણસ વિજેતા બને છે. તેના એક કાવ્યમાં રોબર્ટ ફ્રોસ્ટ કહે છે, ‘વનમાં બે કેડીઓ ફંટાતી હતી. મેં ઓછી ખેડાયેલ પસંદ કરી અને તેણે તફાવત સર્જ્યો (કમાલ કરી).’ તો એક અન્ય પંક્તિમાં તે કહે છે કે ‘મારી વિશ્વ સામે પ્રેમી જેવી ફરિયાદો છે!’

આમ તો જીવન અવ્યાખ્યેય છે પણ રોબર્ટ ફ્રોસ્ટની વ્યાખ્યા ‘ઈટ ગોઝ ઓન’ માં બળ છે. કદાચ, કવિ અને તેનો શબ્દ અલગ નથી. જીવનમાંથી પ્રગટતો શબ્દ ઉર્જાવાન અને ઉજાસમય છે. તેથી તે દીર્ઘજીવી પણ છે. રોબર્ટ ફ્રોસ્ટ સ્વયં અનેક પીડા અને અંધાર વચ્ચે શબ્દ-જ્યોત લઈને નવ દાયકા ચાલ્યો છે તેને વંદન!

## હોટલાઈન

અનુસંધાન

કર્મચારીઓ જંતુમુક્ત કરવામાં ન આવ્યા હોય એવાં ‘અનસ્ટરાઈલ’ સાધનો વાપરે છે. ગાયને વાછરડું જન્મે એ પછી દૂધ પીતા વાછરડાને જબરજસ્તી માતાના આંચળથી છોડાવવામાં આવે છે. ગાય- ભેંસને લાઠી કે લોખંડની સાંકળથી ફટકારવામાં આવે છે. જ્યારે ઢોર દૂધ આપવાનું બંધ કરે ત્યારે વસૂકી ગયેલા ઢોરને કતલખાને મોકલી દેવામાં આવે છે.

એક ચોંકાવનારી માહિતી મુજબ વધુ દૂધ મેળવવા દૂધાળાં પ્રાણીઓ( ગાય, ભેંસ, બકરી)ને ઑક્સી ટૉક્સીનના ઈન્જેક્શન પણ અપાય છે. આવાં ઈન્જેક્શનનને કારણે ગાય કે ભેંસનાં હોર્મોન્સ ખૂબ ઝડપથી સક્રિય થાય છે અને તેનાં આંચળમાં જલદીથી દૂધ ઊતરી આવે છે. પરંતુ દૂધની સાથોસાથ ગાય કે ભેંસનાં લોહી અને હાડકાંના તત્ત્વો પણ આવે છે. દૂધ પીનારી વ્યક્તિ આ બધા જોખમી પ્રયોગથી સાવ અજાણ હોવાથી તે નિર્દોષપણે દૂધ પીને તંદુરસ્તી ટકાવી રાખવાનાં સપનાં નિહાળે છે પરંતુ સમય જતાં તેની તંદુરસ્તી તો ઠીક તેના આયુષ્ય સામે પણ જોખમ ઊભું થાય છે.

ઉપરાંત બનાવટી દૂધમાં ઉમેરાયેલા કોસ્ટિક સોડા અને યુરિયાને કારણે વ્યક્તિના પેટ અને આંતરડાને ગંભીર નુકસાન થાય છે. પેટમાં ચાંદા પડી જાય છે. તો ચામડીનાં દરદ પણ થાય છે. સાથોસાથ હાથ-પગમાં સોજા ચડે છે તો હૃદય,ફેફસાં અને આંખની દૃષ્ટિને પણ ભારે નુકસાન થાય છે. કહેવાનો અર્થ એ છે કે સિન્થેટિક અને દૂષિત દૂધને કારણે દેશની ઉછરતી પેઢીનું જીવન જોખમમાં છે.

એક તરફ દેશમાં રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમ દ્વારા શ્વેત ક્રાંતિનો પ્રયોગ થઈ રહ્યો છે. તો તેની વિરુધ્ધ કેટલાંક સ્વાર્થી તત્ત્વો એ સફેદ ષડયંત્ર ફેલાવ્યું છે. દેશમાં શ્વેત ક્રાંતિના નારા હેઠળ ડેરી વિકાસ યોજના શરૂ થઈ. ત્યારે સિન્થેટિક મિલ્કની મોટી સમસ્યા દેશ સામે ઊભી થઈ છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં દૂધની ભેળસેળનો ગોરખધંધો કદાચ દારૂના દૂષણ કરતા પણ વધુ જોખમી રીતે ચાલી રહ્યો છે. નકલી દૂધની સાથે દૂધના ફેટ જાળવી રાખવા માટે વપરાતા તત્ત્વો માનવીના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરે છે.

બાળરોગ નિષ્ણાત નકલી તથા કેમિકલવાળા ભેળસેળયુક્ત દૂધની આડઅસરો વિશે સ્પષ્ટ અભિપ્રાય આપે છે કે દૂધનું સૌથી વધુ સેવન બાળકો કરતા હોય છે માટે તેના કુમળા અવયવો ઉપર કેમિકલની ગંભીર માઠી અસર પડે છે. કેમિકલવાળા દૂધના કાયમી સેવનથી બાળકો આંતરડા, લીવર, કિડનીના રોગોનો ભોગ બને છે. ચામડીના રોગો થાય છે. આ ઉપરાંત મગજના વિકાસ પર ગંભીર અસર પડે છે. યુરિયા-પામતેલ જેવા તત્ત્વોના કારણે કુમળા હૃદયને ગંભીર હાની પહોંચે છે.

સમસ્યા એટલા માટે કહેવી પડે છે કે નકલી અને અસલી દૂધ વચ્ચેનો તફાવત પારખવો થોડો મુશ્કેલ છે. એટલે સુધી કે દૂધમાંની ઘનતા (ફૅટ) માપવા માટે વપરાતું લૅક્ટોમીટર પણ કૉસ્ટિક સોડા, યુરિયા અને ડિટરજન્ટ મિશ્રિત સિન્થેટિક મિલ્કને પકડી શકતું નથી. એટલે કે લેક્ટોમીટર દ્વારા પણ આવા મિલાવટી દૂધની તપાસ કરી શકાતી નથી. જો કે રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમ (કરનાલ) ના વિજ્ઞાનીઓ આ પ્રકારના કૃત્રિમ દૂધની પરખ કરવા એક ખાસ પ્રકારનું ઉપકરણ તૈયાર કર્યું હોવાનો દાવો કરે છે. પરંતુ આ ઉપકરણને સરકારી માન્યતા આપવા પ્રયાસો કરીને તેનો ઉપયોગ આખા દેશમાં કરવો જરૂરી છે.

અગાઉ ઉલ્લેખ કર્યો એ રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમ ફરી એકવખત દૂધ ઘીની નદીઓ વહાવવા પ્રયાસ કરી રહી છે ત્યારે બીજી તરફ રાતોરાત અમીર બની જવાનાં સ્વાર્થમાં કેટલાંક તત્ત્વો અમૃતતૂલ્ય દૂધમાં ઝેર ભેળવી ખતરનાક રમત રમી રહ્યાં છે.

## વારસો

અનુસંધાન

બેટા આનંદ, હું તને વારસામાં મારું મંદિર સોંપું છું. એ મંદિર કે જે તેં પણ મારી જેમ જ જાળવ્યું છે. અને એ મંદિરનું નામ છે સ્નેહ સદન. હા, બેટા આજથી સ્નેહ સદનનો વારસદાર તું છે. મને પૂરેપૂરી ખાતરી છે કે તું મારાં આ ઘર મંદિરનું મારી જેમ જ સિંચન કરીશ.

બેટા અમર, આ ઘર જેટલું આનંદનું છે તેટલું જ તારું પણ છે. મારી ગેરહાજરીમાં આનંદ એકલો ન પડે તે જોવાની જવાબદારી હું તને વારસામાં આપી જાઉં છું. મને પૂરેપૂરી આશા છે કે મારા આ નિર્ણયથી બંને ભાઈઓ સહમત હશો. બધાં રાજીખુશીથી રહેજો એ જ મારાં તમને બધાંને આશીર્વાદ છે..

લી. તમારા બાપુજી

આ પત્ર વાંચી અને બંને ભાઈઓની આંખમાંથી ઊર્મિઓ વહેવા લાગી. બાપુજીનો આ નિર્ણય બંને ભાઈઓએ આંખ માથે ચડાવ્યો. અને આવનારા સમયમાં બાપુજીના સંસ્કારોને જીવંત રાખવાનું મનોમન નક્કી કર્યું. અમરે પણ આનંદને કહ્યું કે હું ભલે સ્નેહ સદનમાં ન રહું પણ મનથી આપણે સહુ જોડાયેલાં છીએ અને કાયમ રહીશું, એ જ બાપુજીને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી ગણાશે. બંને ભાઈઓ એકબીજાને ભેટી પડ્યા. આ દ્રશ્યથી ક્યાંક કોઈકનો આત્મા અપાર પ્રસન્નતા અનુભવી રહ્યો હતો.. અચાનક પૂજાની ઘંટડીનો અવાજ આવ્યો.. જોયું તો આનંદનો નાનો દીકરો મંદિર સામે ઊભો ઊભો ઘંટડી વગાડી રહ્યો હતો...

## ઝાકળઝંઝા

અનુસંધાન

‘મરી ગયું તે બાળક દીકરો હતો કે દીકરી?’ - રુદ્રે સવાલ કર્યો. ડોક્ટર તેની સામે વિસ્ફારીત નજરે જોઈ રહ્યા.

‘દીકરી.’ - ડોક્ટરે કહ્યું.

‘દીકરી જ હતી ને. હજી દીકરો તો જીવે છે ને? મારો વારસદાર તો છે જ ને?’ - રુદ્ર નફ્ફટાઈથી બોલ્યો.

ડોક્ટર હજું કંઈ બોલે તે પહેલાં જ નર્સ દોડતી આવી, ડોક્ટર વૈદેહી બેનના દીકરાની પલ્સ જતી રહી છે. પ્લીઝ જલદી આવો.’ ડોક્ટર અને રુદ્ર ત્યાં પહોંચ્યા ત્યારે મોનિટર શાંત થઈ ગયું હતું. એક લીલા રંગની સીધી લાઈન ચાલ્યા કરતી હતી. રુદ્ર સાવ ડઘાઈ ગયો. તેની આંખ સામે તેનો આખો સંસાર વેરવિખેર થઈ ગયો હતો.

તે ધીમા પગલે પાછો વૈદેહી પાસે ગયો. વૈદેહીએ તેની સામે તિરસ્કારભરી નજરે જોયું. રુદ્ર તેના બેડ પાસે ઘુંટણીયે પડીને રડવા લાગ્યો,

‘રુદ્ર તે વિલાપ કરવાનો પણ અધિકાર ગુમાવી દીધો છે. તું લાગણીથી નહીં પણ સ્વાર્થ રૂદન કરી રહ્યો છે. તારા સંતાનો નહીં પણ તારા વારસદારો ગુમાવવાનો આ વિલાપ છે. હવે તું તારી પત્ની પણ ગુમાવીશ.’ - વૈદેહીએ કહ્યું. રુદ્ર માત્ર તેના પગ પકડીને રડતો રહ્યો.

થોડા સમયમાં વૈદેહી હોસ્પિટલમાંથી રજા લઈને પોતાના પિતાને ત્યાં જતી રહી અને રુદ્ર પોતાના ઘરે.

આકાશમાં વિશાળ ફટાકડો ફૂટ્યો અને રુદ્રની તંદ્રા તુટી. દૂર હવે રાવણનું પુતળું બળીને નીચે પડી ગયું હતું અને મનમાં તેના અહંકારની ઈમારત પણ ફરી એક વખત બળીને ખાખ થઈ ગઈ હતી.

## કેમ છે, દોસ્ત

અનુસંધાન

એ પછી વાચાને એકલી રાખી પાઠ ભણાવવાને ઈરાદે પ્રારબ્ધ ઘર છોડી પોતાના મોટાભાઈના ઘરે મુંબઇ પહોંચી ગયો હતો. મુંબઈમાં ભાઈનો નાનકડો ફ્લેટ અને એમાં રહેનાર છ જણ. ભાઈ, ભાભી, ભત્રીજો, ભત્રીજા વહુ અને બે બાળકો.

પ્રારબ્ધની બેગ જોઈ ભત્રીજાવહુ વંશિકાએ કહ્યું : ‘કાકા, ક્યાંય જાત્રાએ જવા નીકળ્યા છો કે શું?’ ‘ના, ના હું તો થોડા દિવસ મોટાભાઈ સાથે રહેવા આવ્યો છું, મનની શાંતિ માટે. ગમશે ત્યાં સુધી રહીશ.’

‘એ તમારી ભાવના સાચી, પણ હું અને તમારો ભત્રીજો નિર્ણય બન્ને નોકરિયાત. આ ફ્લેટ પણ ભાડાનો છે. એટલે ઘરખર્ચને પહોંચી વળવું અમારે માટે મુશ્કેલ છે. તમારે ઘેર પાછા જવું હોય તો રેલવેનું ટિકિટબુકીંગ કરાવી આપું?’ વંશિકાવહુ એક-એક શબ્દ તોળી તોળીને બોલતી હતી.

પ્રારબ્ધનું મોટાભાઈ સાથે રહેવાનું સ્વપ્ન ખંડિત થયું... વાચાને બતાવી દેવા માગતો હતો કે તેના વગર પોતે એકલો રહી શકે છે. પણ વંશિકાવહુની વાત સાંભળીને એનું મન ભાઈના ઘર પરથી ઊઠી ગયું હતું.

વંશિકાવહુની આગળ મોટાભાઈ કે ભાભીનું પણ કશું ચાલતું નહોતું. એટલે પ્રારબ્ધે પોતાનો બાળપણનો સાથી વિશ્વાસ પણ મુંબઈમાં રહેતો હતો એના ઘરે જવાનું વિચાર્યું. અને પ્રારબ્ધ અંધેરીમાં રહેતા તેના મિત્ર વિશ્વાસના ઘરે પહોંચી ગયો. પ્રારબ્ધને એકાએક આવેલો જોઈને વિશ્વાસે કહ્યું : ‘યાર, એકાએક વગર જાણ કરે કેમ આવી ગયો? વાચાભાભીએ ડાયવોર્સ તો નથી આપ્યાને?’

‘ના રે ના, આ તો ઘણાં વખતથી આપણે મળ્યાં નથી, એટલે તારી સાથે રહેવાના કોડ જાગ્યા. સ્નેહસંબંધમાં ફોર્માલિટીને ક્યાં સ્થાન હોય છે?’ પ્રારબ્ધે કહ્યું.

‘પ્રારબ્ધ આજે અહીં રહે, કાલે એક સરસ હોટલમાં તારી રહેવાની ગોઠવણ કરી દઈશ. ત્યાં જમવાની પણ વ્યવસ્થા છે. દર આંતરે દિવસે આપણે મળતાં રહીશું.’

જે વિશ્વાસે પ્રારબ્ધે ઘર છોડ્યું હતું એ વિશ્વાસ ભાંગીને ભુક્કો થઇ ગયો હતો. ‘ગમે તેવી તોય વાચા સહનશીલ બની પોતાને નિભાવતી હતી. અહંકારે જ પોતાનું જીવન બરબાદ કરી નાખ્યું છે’... આમ પ્રારબ્ધને પશ્ચાતાપ થયો હતો.

એણે પોતાના ઘેર પાછા જવાનું નક્કી કર્યું. અને પોતાની રીતે નહીં પણ વાચાની રીતે જીવીને શાંતિ અનુભવવાનો દ્રઢ નિર્ધાર કર્યો.

પ્રારબ્ધે પોતાના ઘર તરફ પ્રસ્થાન કર્યું. સ્ટેશનેથી ઉતરીને તે રિક્ષામાં બેસીને ઘરે જતો હતો ત્યાં રસ્તામાં એક સ્મશાનયાત્રાએ જતાં ડાઘુ નજરે પડ્યા. એમાં સૌથી મોખરે વાચા ચાલતી હતી. પ્રારબ્ધે પોતાની બેગ નજીકની એક દુકાનમાં મૂકી દીધી. ડાઘુ ઓને પૂછ્યું એટલે જાણવા મળ્યું કે સાવિત્રીદાદીનું અવસાન થયું છે.

પ્રારબ્ધ રડી પડ્યો, એ સ્મશાનયાત્રામાં જોડાઈ ગયો. સાવિત્રીદાદીનો અગ્નિસંસ્કાર વાચાએ કર્યો. અગ્નિસંસ્કાર પૂરો થતાં પ્રારબ્ધ ચૂપચાપ વાચાની પાછળ ચાલવા માંડ્યો છે. ઘરે પહોંચીને પ્રારબ્ધે વાચાના પગ પકડી લીધા અને કહ્યું : ‘વાચા, મેં જિંદગી સાથે ચેડાં કર્યાં છે, મારા અહંકારને મને ભરમાવ્યો છે. મને માફ કરી દે વાચા.’

વાચાએ પ્રારબ્ધના હાથમાં એક કવર મૂક્યું. સાવિત્રીદાદીએ કરેલા વીલનાં તેમાં કાગળો હતાં અને એક પત્ર હતો. દાદીએ લખ્યું હતું : ‘પ્રારબ્ધ, મેં વાચાને દત્તક પુત્રી સમાન ગણી છે. હું ઈચ્છું છું કે તમે બન્ને ભૂતકાળ ભૂલી જઈને મારા પ્રત્યેની લાગણીને ખાતર સાથે જીવો. મને પાકો ભરોસો છે કે, બેટા તું પાછો આવીશ અને તારા વીખરાયેલા માળાને ફરી પાછો સુંદર બનાવીશ.’

પ્રારબ્ધે સાવિત્રીદેવીના ફોટાને વંદન કરી મનોમન ક્ષમા માંગી હતી. થાકેલો પ્રારબ્ધ દાદીના ફોટા આગળ જ ઊંઘમાં સરી પડ્યો હતો. સવારે વાચાએ કહ્યું : ‘પ્રારબ્ધ ઊઠો, હવે નવી સવારનું સ્વાગત કરો.’

## સ્પેક્ટ્રોમીટર

અનુસંધાન

મહાકવિ ભવભૂતિ ‘માલતીમાધવ’માં લખે છે : उरसि निहितहस्तः पृष्ठतश्चौपनूढः स्तनभरपरिखेदादीपदामुक्तकण्ठः अनुपमतरसौख्यं यत्र तस्याः कटीतः स्फुरति वलयलीला सा प्रिया मे पुनातु॥ અર્થ : ‘જે મારી છાતી પર હાથ રાખી, મને પાછળથી યાને પીઠથી ગાઢ આલિંગનમાં લઈ લે છે, અને સ્તનોના અતિશય દબાણની પીડાને લીધે જેણે પોતાની ગરદનને સહેજ નમાવી દીધી છે; તેવા આલિંગન સમયે જેની કમર પરથી અનુપમ અને પરમ સુખ આપતી કંદોરાની રણઝણતી લીલા પ્રગટી રહી છે, તે મારી પ્રિયા મને પવિત્ર કરો!’

પણ હજુ જેને ગળે ગુટકાનું થૂંક ઉતરે પણ રસનો ઘૂંટડો ના ઉતરે એવો કોઈ ચીકાશચંપક એવું માને કે પણ આ તો દેવી ભગવતીની ઉપાસનાનો ઉત્સવ... તો રુકો જરા સબર કરો ને મૂળ પાઠ વાંચવા આંખ નહિ દિમાગ ખુલ્લું કરો. ચંદ સેમ્પલ લેખની સાઈઝની લિમિટ જોતા.

‘મૂકપંચશતી’નું નામ સાંભળ્યું છે? એમાં કાંચીપુરમની અધિષ્ઠાત્રી દેવી ભગવતી કામાક્ષીના દિવ્ય, અલૌકિક અને સમગ્ર બ્રહ્માંડને આશ્રય આપનારા જગદંબા સ્વરૂપની પ્રશંસા છે. એના ‘જઘનશતકમ્’નો મનાતો શ્લોક છે : नितम्बप्राग्भारः शिथिलयति मातुस्वगतिः जघन्याद्याकारः पृथुलतरभावं वहति च । नभो भूमें पृष्ठं कलयति च मज्जा तव सतां वचोतीतं रुपं सकलतभुवनाधारजघनम् ॥ અર્થ : ‘હે કામાક્ષીદેવી! આપના દિવ્ય નિતંબોનો ભારે ગૌરવશાળી ભાર આપની ચાલને મંદ, મનોહર અને રાજવી ગરિમા આપે છે. આપનો આ કટિપ્રદેશ એટલી વ્યાપકતા ધારણ કરે છે કે આપનો પૃષ્ઠભાગ પૃથ્વીથી લઈને આકાશ સુધી બધે જ વિસ્તરેલો પ્રતીત થાય છે. સજ્જનોના મનને પોતાનામાં લીન કરતા આ ચૌદ ભુવનનો આધાર (જે પીઠ પર છે) એનું વર્ણન વાણીથી શક્ય નથી! એવો એક શાક્તપૂજાનો શ્લોક છે : लसत्कटितटवच्छटा ललित–कांची कांचनप्रभा मिलन्मणिकिरणोज्जवलत पृष्ठभाग भास्वतकले। અર્થ : હે જગદંબા, તમારી સુંદર કમર પર શોભી રહેલા કંદોરાના સુવર્ણની દિવ્ય ચમક અને તેમાં જડેલા મણીઓના કિરણો એકબીજા સાથે ભળવાથી, તમારો પાછળનો ભાગ અને આખું સ્વરૂપ અત્યંત તેજોમય અને પ્રજ્વલિત દેખાઈ રહ્યું છે.

જગદગુરુ આદિ શંકરાચાર્યની ‘સૌંદર્યલહરી’નો આગળનો ભાગ ‘આનંદલહરી’ કહેવાય છે. એમાંથી પ્રેરિત એક જૂની સ્તુતિ છે : वललल्मनामोभोग प्रकटितानिम्बप्रक्टता पुनातु पृष्ठं नः पुरमथनमूर्तें प्रियतमा ॥ અર્થ : જેમની પાતળી કમરના વળાંકના કારણે તેમના કટિ-પ્રદેશ અને નિતંબોની ભવ્યતા દિવ્ય રીતે પ્રગટ થઈ રહી છે. ત્રિપુરારિ ભગવાન શિવના તે પરમ પ્રિયતમા અમારી પીઠ યાને અમારી પાછળ રહેલા બધા બધા પાપ અને કષ્ટને પવિત્ર કરે. તો ‘શ્યામલાદંડકમ્’ કે ‘કૃષ્ણકર્ણામૃતમ્’ની મનાતી મા માતંગીની સ્તુતિ છે : मुक्ताकलापकृतवेन्यवनद्धहस्ता नीलालिकुलसकलच्छवि पृष्ठभागे कांचीकलापरिणितेन च नादिताअंगी सा पातु नः सततमुन्नतपृष्ठरम्या॥ અર્થ : જેમની પીઠ (પૃષ્ઠભાગ) પર મોતીઓથી ગૂંથેલોચોટલો અને ભમરા જેવા કાળાભમ્મર કેશ લહેરાય છે, અને જેમના કમરથી નીચે સરકતો પર બાંધેલો કંદોરો મધુર અવાજથી આખું અંગ ઝંકૃત કરે છે, તે ઉન્નત અને અત્યંત સુંદર પીઠવાળા દેવી અમારું રક્ષણ કરો.

અને કવિકુલગુરુ કાલિદાસ! કુમારસંભવમ્ (તૃતીય સર્ગ, શ્લોક ૫૪)માં દેવી પાર્વતીનું વર્ણન : आवर्जिता किंचिदिव स्तनाभ्यां वासो वसाना तरुणार्करागम् । पर्याप्तपुष्पस्तबकावनम्रा सञ्चारिणी पल्लविनी लतेवा॥ અર્થ : પોતાના ઉન્નત વક્ષસ્થળના કારણે જેમની પીઠ અને કાયા આગળથી સહેજ નમેલી છે, અને જેમણે ઊગતા સૂર્ય જેવા લાલ રંગના વસ્ત્રો ધારણ કર્યા છે - તે પાર્વતી જાણે ફૂલોના ગુચ્છાથી નમેલી કોઈ સુંદર ચાલતી-ફરતી લતા સમાન શોભે છે. આને મળતું આવતું એક વર્ણન પણ છે એક પુરાતન શ્લોકમાં દેવીસૌંદર્યનું. सुमध्यमा सुदन्ती च प्रमदां प्रमदोत्तमाम् । उन्नतस्तनभारार्तां पृथुश्रोणीपयोधराम् । पृष्ठभागे सुजातां च विमला मदनार्दिताम । અર્થ : જેમની કમર અત્યંત પાતળી અને આકર્ષક છે, જેમના દાંત સુંદર છે, અને જેઓ સ્ત્રીઓમાં સર્વશ્રેષ્ઠ છે. ઉન્નત વક્ષને કારણે જેમની કાયા આગળથી સહેજ નમેલી છે, જેમનો શ્રોણિ અને પીઠનો નીચલો ભાગ અત્યંત સુડોળ અને ભવ્ય છે, અને પાછળથી જોતાં જેમનો વાંસો એકદમ સપ્રમાણ અને (કોઈ ડાઘ વિનાનો) નિષ્કલંક છે એવી તે સાક્ષાત સૌંદર્યની મોહિની છે.

પુરું કરતા પહેલા આ શ્લોકો પણ જોઈ લો : तनुमध्या सुकेशान्तां सुश्रोणी सुप्रतिष्ठताम्। पृष्ठभागे लसदवेणी नीलनागवधूमिवां અર્થ : તે નાજુક અને પાતળી કમરવાળી છે, જેના નિતંબ અને પીઠનો બાંધો અત્યંત આકર્ષક છે. પોતાની સુંદર પીઠ પર ઘૂંટણ સુધી લહેરાતો લાંબો કાળો ચોટલો કોઈ સુંદર કાળી નાગણ પીઠ પર સરકતી હોય એમ શોભે છે! અને આ કાલિદાસની શૈલીમાં : पृष्ठभागे लसति नितरां चामरीव प्रकीर्णा वेणी तस्याः कनकवलयैः वेष्टिता भाति रम्या ॥ તેની સુંદર પીઠ (વાંસા) પર મોતીઓ અને સોનાના આભૂષણોથી ગૂંથેલી કાળી ભમ્મર ચોટલી એવી રીતે લહેરી રહી છે, જાણે કોઈ ચામર ઢોળાતી હોય અને તેની પીઠની સુંદરતાને બેવડી કરતી હોય.

પદ્યના આ પુરાવા પથ્થરમાં જોવા હોય તો ભારતમાં હજારો છે. પણ આ પાંચ જગ્યા તો ખરેખર સંસ્કૃતિમાં રસ હોય તો જોવા જજો : (૧) ચેન્નાકેશવ મંદિર, બેલુર (કર્ણાટક) - હોઈસળ શૈલી. સોપસ્ટોન પથ્થરમાંથી બનેલી જગપ્રસિદ્ધ ‘મદનિકા’: જેમાં કપૂરમંજરી નૃત્યમુદ્રાના શિલ્પમાં નાયિકા પોતાની પીઠ ફેરવીને, આખી કરોડરજ્જુનો સુંદર વળાંક (ત્રિભંગ પોઝ) દર્શાવતી ઊભી છે. કેશ-પાશ હસ્તિનીમાં સ્નાન કરીને પોતાના લાંબા વાળને નીચોવતી નાયિકા. જે શિલ્પને રિઅર વ્યુમાં જુઓ તો, તેની ખુલ્લી પીઠ પરથી સરકતા પાણીના ટીપાં અને તેના નિતંબ પર ઝૂલતો કંદોરો પણ કંડારેલા છે! (૨) કંદારિયા મહાદેવ અને લક્ષ્મણ મંદિર, ખજુરાહો( મધ્યપ્રદેશ) - ચંદેલ શૈલી : આલસ-કન્યા પોતાના બંને હાથ માથા પાછળ બાંધીને આળસ મરડતી આ સુંદરીની પીઠનો નીચેનો ભાગ સહેજ બહાર નીકળેલો ને વચ્ચેનો ભાગ અંદર નમેલો દેખાય છે, એટલે એની કાયા લવચીક યાને ઈલાસ્ટિક લાગે! પૃષ્ઠ-શૃંગાર શિલ્પમાં નાયિકા પ્રેક્ષકો તરફ પીઠ કરીને સહેજ મોં ફેરવીને પાછળ જુએ છે એમાં તેની પીઠના મધ્ય ભાગમાં પડતો ખાડો અને નિતંબ પર કંડારેલા આભૂષણોની બારીકાઈ લાજવાબ!

(૩) કોણાર્ક સૂર્ય મંદિર, પૂરી (ઓરિસ્સા) - કલિંગ શૈલી : નૃત્ય મંડપની પથ્થરની જાળીઓ પર એવી નર્તકીઓ કંડારેલી છે જેઓ નૃત્યની મુદ્રામાં તરસતી પીઠ દર્શાવે! વાંસાના સ્નાયુઓમાં નૃત્યની ગતિ પથ્થરમાં પણ મહેસૂસ થાય! (૪) રાણકી વાવ, પાટણ (ગુજરાત) - સોલંકી શૈલી : ગુજરાતમાં તો જરૂર જુઓ દર્પણ-ધારિણી અને વિલાસવતી! વાવમાં એવી એવી અપ્સરાઓ છે જેઓ પાછળ ફરીને, પોતાના સુંદર વાંસા પર લટકતી ચોટલી અને પીઠના નીચલા ભાગમાં કટિસૂત્ર બાંધતી નજરે પડે! (૫) ભુવરાહ સ્વામી મંદિર, શ્રીમુષ્ણમ (તમિલનાડુ) - નાયક શૈલી : દીર્ઘ વેણી નાયિકા : આ વિશિષ્ટ શિલ્પમાં સ્ત્રી સંપૂર્ણપણે પાછળ ફરીને ઊભી છે. તેની આખી પીઠ ખુલ્લી છે અને તેની પીઠની બરોબર મધ્યમાંથી પસાર થતી તેની કરોડરજ્જુની રેખા અને નીચલા વાંસાના ખાડા (જેને ડિમ્પલ ઓફ વિનસ કહેવાય) ક્યા મહાન શિલ્પીએ કોતર્યા હશે આમ!

રિમેમ્બર, આ વર્ણન નથી કોઈ બોલીવુડ ફિલ્મના કે કોઈ વેસ્ટર્ન કલ્ચરની પાર્ટીના. આ શુદ્ધ અસલી ભારત છે જેની એના નામની ઠેકેદારી કરતા ઠોઠઠોબારાને ખબર નથી. આ છે સનાતનના એ પૂર્વજોનો વારસો જેમના માટે સૌંદર્યનું રસપાન પણ એક પૂજા હતી ચૈતન્યની, પાપ નહિ. એટલે દરેક અંગોને વર્ણવતા એ પરમાત્માને પ્રણામ કરતા મનોમન એ ઘડવા માટે! પીઠ ડોક્ટરને દુઃખાવા માટે બતાવવા માટે નથી. પીઠને પણ કોમળ, સુખ આપનાર અને આકર્ષક ગણતું આટલું જુનું સાહિત્ય બીજી કઈ ભાષામાં છે જગતમાં? અને આપણને એની ખબર પણ નથી ને ઘડી ઘડી સંસ્કાર ને મર્યાદાના નામે સંકુચિત સણકા નીકળે છે. આવા અરસિક હોઈને સિક, માંદા થયેલા સમાજ સાથે કેટલા લમણા લેવા!

## ફાસ્ટ ફોરવર્ડ

**વિદ્યાપીઠ : કર્વી બ્યુટી હીરોઈન વિદ્યા બાલનની પીઠ! ખીખીખી.**

## સિનેમા એક્સપ્રેસ

અનુસંધાન

પણ સમજોને કે, પેઈંગ ગેસ્ટ તરીકે. બન્ને વચ્ચે પુનઃ લાગણીનો સંબંધ બંધાયો અને છૂટાછેડાના ૩૮ વર્ષ પછી, તેમણે ફરીથી લગ્ન કર્યાં.

‘અ બ્યુટીફુલ માઈન્ડ’ ફિલ્મ સિલ્વિયા નાસર લિખિત આ જ શીર્ષક ધરાવતા પુસ્તકના આધારે બની છે. ફિલ્મ કંઈ ૪૮૦ પાનાંના પુસ્તકનું બેઠ્ઠું સિનેમેટિક વર્ઝન નથી. હોઈ પણ ન શકે. અસલી જોન નેશ ફિલ્મમાં રસેલ ક્રોએ જે ફિલ્મી પાત્ર ભજવ્યું એના કરતાં ઘણા વધારે કોમ્પ્લીકેટેડ હતા. ફિલ્મમાં જોન નેશને એવી રીતે પેશ કરવામાં આવ્યા છે કે જેથી આપણને એમના પ્રત્યે સહાનુભૂતિ થાય. અસલી જોન નેશ અત્યંત મેધાવી તો હતા જ, પણ સાથે સાથે અહંકારી, વિચિત્ર, તોછડા, અણઘડ અને કંઈક અંશે સ્વાર્થી પણ હતા. ડિરેક્ટર રોન હોવર્ડ અને સ્ક્રિપ્ટરાઈટર અકિવા ગોલ્ડ્સમેની દિશા સ્પષ્ટ હતીઃ અમારે એક એવા જિનિયસની વાર્તા કહેવી છે, જે પોતાના તૂટી ચૂકેલા, દુશ્મન બની ગયેલા મન સામે લડે છે અને વિજયી બને છે.

સિલ્વિયા નાસરે પોતાના પુસ્તકમાં જોન નેશના જીવનની કેટલીય અંગત અંગત અને નાજુક નાજુક વાતો લખી છે. જેમ કે, એલિસિયા સાથે લગ્ન થયાં તે પહેલાં જોન નેશના જીવનમાં ઈલેનોર સ્ટીયર નામની સ્ત્રી આવી હતી. તેમને એક પુત્ર પણ હતો - જ્હોન ડેવિડ સ્ટીયર. જોન નેશે પોતાની પ્રેમિકા અને સંતાન બન્નેને તરછોડી દીધા હતા. વર્ષો સુધી પુત્ર સાથેનો તેમનો સંબંધ અત્યંત તણાવપૂર્ણ રહ્યો હતો. જોન નેશ કદાચ એવા માણસ હતા, જેમના માટે એમની ખુદની મહત્ત્વાકાંક્ષા સર્વોપરી હતી. પોતાની આસપાસના લોકોની ઈચ્છાઓ અને અપેક્ષાઓ એમના માટે ગૌણ બની જતી. પુસ્તકમાં તો એવુંય લખાયું છે - અને તે સાચું પણ છે કે - જોન નેશ સ્ત્રી અને પુરૂષો બન્ને પ્રત્યે શારીરિક આકર્ષણ અનુભવતા. આ બધું ફિલ્મમાંથી ઉડાવી દેવામાં આવ્યું છે. શા માટે? કારણ કે જો આ બધી વિગતોને સ્ક્રિપ્ટમાં વણી લેવામાં આવે તો ફિલ્મની મુખ્ય થીમ (પોતાની ભયંકર માનસિક બીમારી પર વિજય મેળવતા તેજસ્વી પુરૂષની વાત) ગૂંચવાઈ ગઈ હોત.

અસલી જોન નેશને યુવાનીમાં પોતાની બૌદ્ધિક શ્રેષ્ઠતાનો ભારે અહંકાર હતો. તેઓ કોઈ પરંપરામાં માનતા નહીં. સિનિયર ગણિતશાસ્ત્રીઓને ગણકારતા નહીં. બીજા લોકોમાં તેઓ જાણે-અજાણે હીન ભાવના પેદા કરતા. અરે, એલિસિયા સાથે પણ તેઓ ઘણી વાર ક્રૂર થઈ જતા. જોન નેશ પોતાની પત્ની સાથે ક્યારેક એવો વર્તાવ કરતા જાણે એ જીવતી-ધબકતી સ્ત્રી નહીં, પણ નિર્જીવ ફરનિચર હોય. એક વાર મેથ્સ ડિપાર્ટમેન્ટના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ પિકનિકમાં ગયેલા, ત્યારે જોન નેશે બધાની વચ્ચે એલિસિયાને ઉતારી પાડી હતી. ફિલ્મમાં જોન નેશના વ્યક્તિત્વને વાંધાજનક દેખાડવાને બદલે માત્ર થોડું અતરંગી દેખાડ્યું છે. ફિલ્મમાં જોનની પર્સનલ લાઈફ અને મેરીડ લાઈફને વધુ પડતી ચોખ્ખી ને શુદ્ધ (સેનિટાઈઝ) કરી નાખવામાં આવી છે. તેથી જ ફિલ્મમાં એલિસિયા સાથેની તેમની લવસ્ટોરી વાસ્તવિકતામાં હતી એના કરતાં ઘણી વધુ સુષ્ઠુ સુષ્ઠુ અને ગુલાબી ગુલાબી બની ગઈ છે.

૧૯૫૭માં જોન નેશ અને એલિસિયાનાં લગ્ન થયાં અને ૧૯૫૯ પછી જોન નેશની ગંભીર માનસિક બીમારી અને વારંવાર હૉસ્પિટલમાં દાખલ થવાના કારણે લગ્નજીવન પર ભારે બોજ વર્તાવા લાગ્યો. એક તો જોન નેશનો અણઘડ સ્વભાવ ને એટલું જાણે ઓછું હોય તેમ સ્કિઝોફ્રેનિયા જેવી ખતરનાક બીમારી - આ બધું સહન કરવું આસાન નથી જ. તેથી ૧૯૬૩માં એલિસિયા ડિવોર્સ લઈને પોતાના પુત્ર ચાર્લ્સ માર્ટિનને લઈને અલગ રહેવા જતી રહી. અલબત્ત, છૂટાછેડા લીધા પછીય એલિસિયા તેમના જીવનમાંથી સંપૂર્ણપણે ગાયબ નહોતી થઈ ગઈ. તેણે જોન નેશને ટેકો આપવાનું ચાલુ રાખ્યું અને જરૂર પડ્યે એમને મદદ પણ કરતી રહી. ૧૯૭૦માં એલિસિયા પોતાના આ ભૂતપૂર્વ પતિને પ્રિન્સટન ખાતેના પોતાના ઘરમાં પાછા લઈ આવી. શરૂઆતમાં પતિ તરીકે નહીં, પણ એક પેઈંગ ગેસ્ટ (બોર્ડર) તરીકે. જોન નેશની હાલત ત્યારે બહુ ખરાબ હતી. તે વખતે ન તો એમની પાસે નોકરી હતી, ન પૈસા હતા, નહોતી કોઈ સ્થિરતા. આવા કપરા સમયમાં એલિસિયાએ એમને સાચવી લીધા.

૧૯૭૦થી શરૂ કરીને૧૯૯૦ના દાયકા દરમિયાન તેઓ ધીમે ધીમે ફરીથી દંપતી બન્યા. આ જ સમયગાળા દરમિયાન જોન નેશ ક્રમશઃ પોતાની બીમારીમાંથી બહાર આવી રહ્યા હતા. સદભાગ્યે, ઉંમર વધવાની સાથે જોન નેશ વધુ માનવીય બનતા ગયા હતા. તેઓ વધુ સેલ્ફ-અવેર બન્યા. તેઓ હવે રમૂજ કરી શકતા, બીજાઓમાં રસ લેતા થયા અને સંબંધ વન-વે નહીં પણ ટુ-વે સ્ટ્રીટ છે, મારે પણ મારા પાર્ટનરની કદર કરવી જોઈએ, એની જરૂરિયાત પ્રત્યે સભાન રહેવું જોઈએ એવું તેઓ સમજતા થયા. ૧૯૯૪માં જોન નેશને નોબલ પ્રાઈઝ મળ્યું અને એના સાત વર્ષ પછી બન્નેએ પાછાં લગ્ન કરી લીધા. એલિસિયાએ ત્યારે સરળતાથી કહ્યું હતું, ‘અમે ૩૮ વર્ષ બાદ પાછાં લગ્ન કર્યાં એમાં નવાઈ પામવા જેવું શું છે? અમે અલગ ક્યાં થયા જ હતા? જિંદગીનો મોટા ભાગનો સમય અમે સાથે જ વીતાવ્યો છેને!’

‘અ બ્યુટીફુલ માઈન્ડ’ ફિલ્મ એવા જીનિયસની વાર્તા કહે છે જે પોતાના મનનાં ભૂતને હરાવે છે, જ્યારે પુસ્તક એવા જીનિયસની વાર્તા કહે છે જેને આ સફર દરમિયાન એક સાચો અને સારો માણસ બનતાં પણ શીખવું પડે છે. આટલું વાંચીને જો ‘અ બ્યુટીફુલ માઈન્ડ’ જોવાની ઈચ્છા થઈ ગઈ હોય તો એમેઝોન પ્રાઈમ વીડિયો પર લટાર મારજો. ફિલ્મ જોજો. જલસો પડશે.

## શો સ્ટોપર

**‘તમે કોઈને ખરેખર પ્રેમ કરતા હો અને ઈચ્છતા હો કે તમારો સંબંધ ટકી રહે તો એને એક હજાર વખત ‘સોરી’ કહેવામાં પણ તમને વાંધો નહીં આવે.’**

**- સોનુ નિગમ**

# ચાર કરોડ વર્ષનો ભેદ : ખોટા ખાનામાં પુરાયેલો મગર

ફ્યુચર સાયન્સ

કે.આર.ચૌધરી

ગીઝાના ધગધગતા પઠાર પર, હજારો વર્ષોની તડકી-છાંયડી વેઠીને શાંત ઊભેલો ગ્રેટ સ્ફિંક્સ, માનવ ઈતિહાસ અને પ્રાચીન સ્થાપત્યકળાનું સૌથી જાણીતું પ્રતીક ગણાય છે. જ્યારે પ્રવાસીઓ તેના ભવ્ય ચહેરા સામે આંખો પહોળી કરીને ઊભા રહે છે, ત્યારે કદાચ ભાગ્યે જ કોઈને વિચાર આવતો હશે કે 'જે પથ્થર પર આ અજાયબી કોતરાઈ છે, તે ધરતીના ઊંડાણમાં કેટલાં જૂનાં રહસ્યો સંઘરીને બેઠો હશે? સામાન્ય રીતે આપણે ઈજિપ્તના સ્મારકોને આશરે ૪,૫૦૦ વર્ષ જૂના ગણીને આશ્ચર્ય અનુભવતા હોઈએ છીએ. પરંતુ વિજ્ઞાન જ્યારે ભૂતકાળના પડદા ખોલે છે, ત્યારે માનવ ઈતિહાસ કરતાં કુદરતનો ઈતિહાસ ક્યાંય વધુ પ્રાચીન, ગહન અને વિસ્મયકારક સાબિત થાય છે. એ જમાનામાં ઉત્તર ઈજિપ્તનો મોટો હિસ્સો, પ્રાચીન ટેથિસ મહાસાગર સાથે જોડાયેલો હતો. તેનો કેટલોક ભાગ ગરમ, છીછરા દરિયાના તરંગોથી ઢંકાયેલો રહેતો હતો. વિખ્યાત ઓસ્ટ્રિયન ભૂસ્તરશાસ્ત્રી એડવર્ડ સુએસે, પોતાના મહાગ્રંથ 'ડાસ એન્ટલિટ્ઝ ડેર એર્ડે'માં આ વિરાટ લુપ્ત મહાસાગરને 'ટેથિસ' નામ આપ્યું હતું. લાખો વર્ષો સુધી એ દરિયાના તળિયે જમા થતા રહેલા કાંપના સ્તરોમાંથી, સમય જતાં મોકટ્ટમ રચનાના ખડકો તૈયાર થયા હતાં. જેમાં આજે એ લુપ્ત દુનિયાના અસંખ્ય જૈવિક પુરાવા સચવાઈ રહ્યા છે.







## પથ્થર એ જ, જોવાની નજર બદલાઈ

માનવીએ કૈરોની આસપાસ ભવ્ય સ્મારકો અને ગ્રેટ સ્ફિંક્સનું નિર્માણ કરવા માટે, જે ચૂનાપથ્થરની ભૂસ્તરીય શ્રેણીનો ઉપયોગ કર્યો હતો. તે પથ્થરો માનવજાતના જન્મ કરતાં પણ કરોડો વર્ષ જૂના હતા. આ જ મોકટ્ટમ ખડકોમાંથી, વર્ષો પહેલાં લાંબા જડબાંવાળા મગરની એક ખોપરી મળી આવી હતી. જે મગરોની ગેવિયાલોઈડ શાખા સાથે સંબંધ ધરાવતી હતી. પરંતુ અશ્મિ પુરાવા દર્શાવે છે કે 'આજની સરખામણીએ, આ વર્ગના સગાંઓ પૃથ્વી પર, એક સમયે ઘણા મોટા ભૌગોલિક વિસ્તારમાં સામ્રાજ્ય ભોગવતા હતા.- ઈજિપ્તના મધ્ય ઈઓસીન કાળના મગરોની ગાથામાં, બ્રિટિશ પેલિયોન્ટોલોજિસ્ટ ચાર્લ્સ વિલિયમ એન્ડ્રુઝનું યોગદાન પાયાનું રહ્યું છે. ૧૮૬૬માં જન્મેલા એન્ડ્રુઝે લંડનના વિખ્યાત બ્રિટિશ મ્યુઝિયમ - નેચરલ હિસ્ટરીમાં સેવાઓ આપી હતી. ૧૯૦૧માં તેમણે કસર અલ-સાગા રચનામાંથી મળેલા એક મગરમચ્છનું નામકરણ 'ટોમિસ્ટોમા આફ્રિકેનમ' તરીકે કર્યું હતું. ત્યારબાદ ૧૯૦૬માં તેમનો સીમાચિહ્નરૂપ સંદર્ભ ગ્રંથ 'અ ડિસ્ક્રિપ્ટિવ કૅટલોગ ઑફ ધ ટર્શિયરી વર્ટિબ્રેટા ઑફ ધ ફયૂમ' પ્રકાશિત થયો હતો. આ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ વચ્ચે, ૧૯૨૦ના દાયકામાં ઈજિપ્તમાંથી મગરમચ્છની એક વિશિષ્ટ અશ્મિભૂત ખોપરી મળી આવી હતી. ૧૯૨૭માં તેનું પ્રથમ વૈજ્ઞાનિક વર્ણન કરવામાં આવ્યું. તે સમયે ખોપરીની અંદરની જટિલ રચના તપાસવાની તકનીકી સુવિધાઓ પણ મર્યાદિત હતી. પરિણામે એ અશ્મિને સીધું જ 'ટોમિસ્ટોમા' એટલે કે ખોટા ઘડિયાલની જાણીતી પ્રજાતિના ખાનામાં ગોઠવી દેવામાં આવ્યું હતું. પરંતુ એક સાદું ઉદાહરણ લઈએ : જૂની ટપાલના મોટા ઢગલામાં, જો કોઈ અગત્યનો પત્ર ઉતાવળે ખોટા ખાનામાં મુકાઈ ગયો હોય, તો તે વર્ષો સુધી ત્યાં જ પડ્યો રહે છે. પણ જ્યારે નવી સુધારેલી યાદી હાથમાં આવે અને કોઈ તેને પારખુ નજરે ફરી તપાસે, ત્યારે જ એ પત્ર પોતાના સાચા સરનામે કે સાચા ખાનામાં પહોંચી શકે છે! બરાબર આવું જ સંગ્રહાલયોમાં સચવાયેલા અશ્મિઓ સાથે પણ બનતું હોય છે. નવી તકનીકો અને નવા પુરાવા મળતાં વૈજ્ઞાનિકો જૂના નમૂનાઓનું પુન:પરીક્ષણ કરે છે.

## પથ્થરમાં પોઢેલો એક અદ્રશ્ય સમુદ્ર

આ સંશોધનનું વૈજ્ઞાનિક મહત્ત્વ ત્રણ મુખ્ય પરિમાણો પર આધારિત છે. પ્રથમ, આ અશ્મિ માત્ર લુપ્ત જીવોની યાદીમાં વધારો કરતું નામ નથી, તે ઐતિહાસિક પુરાવો આપે છે કે 'ઈઓસીન કાળ દરમિયાન ગેવિયાલોઈડ મગરોની જૈવવિવિધતા પ્રાચીન ભૂમધ્ય વિસ્તાર સુધી વ્યાપકપણે ફેલાયેલી હતી. - આજના જીવંત મગરો તો, લાખો વર્ષો જૂની મહાકાય ઉત્ક્રાંતિ યાત્રાના બચેલા નાનકડા અંશો માત્ર છે. આજે ભલે આપણે ગેવિયાલોઈડ વંશાવળીને મુખ્યત્વે એશિયા ખંડ સાથે જોડતા હોઈએ, પરંતુ ઈજિપ્તનો આ પુરાવો સમજાવે છે કે તેઓ ભૂતકાળમાં ક્યાં વસવાટ કરતા હતા? તેમનો ભૌગોલિક ફેલાવો કેવો હતો? યુગો દરમિયાન આવેલા આબોહવાકીય પર્યાવરણીય ફેરફારોએ, તેમનું વૈશ્વિક વિતરણ કેવી રીતે બદલી નાખ્યું હતું.

બીજું મોટું તારણ એ છે કે 'સંગ્રહાલયોના સંગ્રહસ્થાનમાં સદીઓથી પડેલા અશ્મિઓનું મૂલ્ય ક્યારેય ઘટતું નથી. આધુનિક ડિજિટલ ઈમેજિંગ અને ઊંડા તુલનાત્મક અભ્યાસો જૂના નિષ્કર્ષોને પલટાવવાની અદભુત ક્ષમતા ધરાવે છે.-ભૌતિક દુનિયા કે પથ્થર બદલાયા વગર પણ વિજ્ઞાન કેવી રીતે આગળ વધે છે? તેનું આ જ્વલંત ઉદાહરણ છે : અશ્મિ તો એ જ સદી જૂનું રહ્યું છે. ફક્ત તેને જોવાની અને તપાસવાની માનવીય ક્ષમતા બદલાઈ ગઈ છે!

આ બાબતનો ભારતીય ભૂસ્તરીય સંદર્ભ પણ એટલો જ અચરજ પમાડે તેવો છે. જે ટેથિસ મહાસાગરના તળિયે આ મગરના અવશેષો અને કાંપ જમા થતા હતા, એ જ ટેથિસ સમુદ્રના તળિયાના સ્તરો ભારતીય ટેક્ટોનિક પ્લેટની ઉત્તર તરફની પ્રચંડ અથડામણને કારણે કરોડો વર્ષોમાં ઊંચકાઈને હિમાલયની ગગનચુંબી પર્વતમાળાઓ બન્યા છે. નેપાળ અને ભારતમાં વહેતી કાળી ગંડકી નદીમાંથી મળતા પવિત્ર 'શાલિગ્રામ' પથ્થરો, વાસ્તવમાં એ જ લુપ્ત ટેથિસ સમુદ્રના કરોડો વર્ષ જૂના એમોનાઈટ દરિયાઈ જીવોના અશ્મિઓ છે. જેને ભારતીય સંસ્કૃતિ સદીઓથી પૂજતી આવી છે. પૃથ્વીના એક છેડે એ જ સમુદ્ર સ્ફિંક્સના પથ્થરો અને મગરના અશ્મિ સર્જે છે, તો બીજે છેડે હિમાલય અને શાલિગ્રામનું નિર્માણ પણ કરે છે!

## સદી જૂની ખોપરીને નવું નામ

આજના પ્રતિભાશાળી સંશોધક પૉલ બર્કે,લગભગ એક સદી જૂના અશ્મિને નવી ઓળખ અપાવવાનું બીડું ઝડપ્યું છે. ૨૦૨૪માં તેમણે સેસિલી નિકોલ, બેથની પિટાર્ડ, હેશામ સલ્લામ અને ફિલિપ માનિયન જેવા વિદ્વાનો સાથે મળીને, ઈજિપ્ત અને લિબિયાના પ્રારંભિક માયોસીન કાળના 'ટોમિસ્ટોમા ડાઉસોની'નું પુનઃવર્ગીકરણ કર્યું હતું. તેમણે આ જીવને તદ્દન નવી પ્રજાતિ 'સુતેખસુકસ'માં સ્થાન આપ્યું હતું. તેમનું સંશોધન વિખ્યાત 'જર્નલ ઑફ સિસ્ટમેટિક પેલિયોન્ટોલોજી'માં પ્રકાશિત થયું હતું. જેણે દાયકાઓથી ચાલતા ગંગેય ઘડિયાલ અને ખોટા ઘડિયાલ વચ્ચેના, પારસ્પરિક સંબંધોના ઉત્ક્રાંતિ વિવાદ પર નવો પ્રકાશ પાડ્યો છે. જે આજે IUCNની લાલ યાદીમાં 'અતિ સંકટગ્રસ્ત' શ્રેણીમાં મુકાયેલો છે. હાલમાં 'ઈઓસુકસ લેરિચેઈ'ની ખોપરીની આંતરિક રચનાનો મહત્ત્વપૂર્ણ અભ્યાસ પણ રજૂ થયો છે. હવે સવાલ એ થાય કે આ સદી જૂની ખોપરીની અંદર ડોકિયું કરીને, આખરે નવી ઓળખ કેવી રીતે સ્થાપિત કરવામાં આવી છે? સંશોધકોએ કોઈ પરંપરાગત તોડફોડ કરવાને બદલે, અત્યાધુનિક ત્રિ-પરિમાણીય એક્સ-રે ઈમેજિંગ પદ્ધતિનો આશરો લીધો છે. આ પદ્ધતિ હકીકતમાં તબીબી ક્ષેત્રે વપરાતા સીટી સ્કૅન જેવી જ કાર્યક્ષમ અને ચોક્કસ હોય છે. જેમ કોઈ બંધ લાકડાની પેટીને તોડ્યા વગર, અંદર રહેલો સામાન સ્કેનિંગ દ્વારા સ્પષ્ટ જોઈ શકાય છે. તેવી રીતે ખોપરીના ખડકાળ બંધારણને, સહેજ પણ નુકસાન પહોંચાડ્યા વિના, તેની અંદર છુપાયેલી સૂક્ષ્મ રચનાઓ કમ્પ્યુટર સ્ક્રીન પર જીવંત કરી શકાય છે. પૉલ બર્ક અને તેમના સાથીઓએ, આ અત્યાધુનિક ડિજિટલ માહિતીને, વિગતવાર શારીરિક સરખામણીઓ સાથે મૂલવી જોઈ હતી. પરિણામે આ અશ્મિભૂત ખોપરી, જૂના 'ટોમિસ્ટોમા'ના વર્ગીકરણમાં રહી શકે તેમ નથી. તેની આંતરિક રચના અને ઉત્ક્રાંતિ ઓળખ એટલી બધી ભિન્ન હતી કે - તેના માટે જીવવિજ્ઞાનમાં એક નવી જ પ્રજાતિ અને નવી જાતિનું નિર્માણ કરવું અનિવાર્ય બન્યું ગયું છે. સંશોધકોએ તેને વિધિવત નામ આપ્યું : હેરુગેવિયાલિસ કાઈરેન્સિસ. આ મહાકાય જીવ આજથી આશરે ૪.૫ કરોડ વર્ષ પહેલાં, મધ્ય ઈઓસીન કાળના છીછરા સમુદ્રમાં જીવતો હતો.

## ખોટા ખાનામાં પુરાયેલો મગર

યાદ રહે કે આ કોઈ ગીઝાની રેતીમાંથી તાજેતરમાં મળેલું નવું ખોદકામ નથી. અહીં કોઈ મગરનું આખું સાબૂત હાડપિંજર પણ મળ્યું નથી. -આ તો સંગ્રહાલયની પેટીમાં વર્ષોથી પડેલા એક અશ્મિની સાચી ઓળખ માત્ર છે. આ નવા વૈજ્ઞાનિક નામકરણમાં પણ ઈજિપ્તનો પ્રાચીન સાંસ્કૃતિક રંગ ઘૂંટાયેલો છે. તેમાં વપરાયેલો 'હેરુ' શબ્દ ઈજિપ્તના પ્રાચીન બાજ-મુખી દેવ હોરસ સાથે સંબંધિત છે. જ્યારે 'કાઈરેન્સિસ' શબ્દ કૈરો શહેરની ભૌગોલિક સ્મૃતિ કરાવે છે. નામકરણ પાછળ એક રસપ્રદ સંયોગ પણ રહેલો છે : આ અશ્મિભૂત ખોપરીના લાંબા મુખના આગળનો છેડો તૂટેલો હતો. સામે પક્ષે ગીઝાના સ્ફિંક્સનું નાક પણ ખંડિત થયેલું છે! પરંતુ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ આ સામ્ય માત્ર એક રોચક સંયોગ છે; તે પ્રાણી અને સ્મારક વચ્ચેના કોઈ ઐતિહાસિક સંબંધનો જૈવિક પુરાવો નથી.

ખોપરીના આધારે તેના ખોરાક કે શિકાર પદ્ધતિ વિશે બાંધવામાં આવેલા અનુમાનો, અંતે તો પરિકલ્પના જ રહે છે. વિજ્ઞાન જગતમાં 'સ્ફિંક્સનું અદભુત રહસ્ય' કે 'મૂર્તિમાંથી નીકળ્યો મગર' જેવી સનસનાટીભરી અફવાઓ, હંમેશાં સાચા સંશોધનને મોટું નુકસાન પહોંચાડતી હોય છે. આ શોધ પાછળની સાચી કડી તો, સંપૂર્ણપણે ભૂસ્તરીય છે. જે જીવન, નિર્જીવ ખડક અને માનવ સભ્યતા વચ્ચે ગૂંથાયેલી પૃથ્વીની કરોડો વર્ષોની અખંડ સ્મૃતિને ઉજાગર કરે છે. આ સંશોધન આપણને કેટલાક ગંભીર પ્રશ્નો તરફ પણ દોરી જાય છે :વિશ્વભરના અને આપણા સંગ્રહાલયોમાં ધૂળ ખાતા અશ્મિઓ, હજુ પૃથ્વીના ઈતિહાસના બીજાં કેટલાં અજાણ્યાં રહસ્યો ખોલી શકે તેમ છે? જો માત્ર ૪.૫ કરોડ વર્ષના ગાળામાં હરિયાળું દરિયાઈ ઈજિપ્ત સૂકા રણમાં ફેરવાઈ જતું હોય, તો આગામી લાખો વર્ષોમાં, આપણી આ ધરતીનું સ્વરૂપ કેવી રીતે બદલાશે? સૌથી મહત્ત્વનું, એક રોચક વૈજ્ઞાનિક સત્ય અને લોકપ્રિય સનસનાટી વચ્ચે વિજ્ઞાન પ્રત્યાયને પોતાની લક્ષ્મણરેખા ક્યાં દોરવી જોઈએ? સ્ફિંક્સ આશરે ૪,૫૦૦ વર્ષ જૂનું સ્થાપત્ય ગણાય છે, જ્યારે આ મગર તેના કરતાં પણ લગભગ દસ હજાર ગણો, જૂનો સાબિત થાય છે. કુદરતની આ લાંબી યાત્રા સામે અહીં માનવ ઈતિહાસ તો પલકારા જેટલો જ ભાસે છે.

# હેમંતનો મંત્ર : 'લીવ યોર પેશન'

આજકાલ

પ્રીતિ શાહ

દિલ્હીના નવ વર્ષના હેમંત સચદેવને પ્રિન્સિપાલે તેમની કેબિનમાં બોલાવ્યા. તેમની પાસે બરફ પર સરકવાના સ્કી હતા. પ્રિન્સિપાલે તેને પૂછ્યું કે તેને આમાં મજા આવે છે? ત્યારે હેમંત સચદેવે કહ્યું, 'આઈ લવ સ્પૉર્ટ્સ.' તેમને આવા જવાબની આશા નહોતી. તેમનાં ભવાં ચડી ગયાં અને કહ્યું કે સારો અભ્યાસ કરવાથી સારા માર્ક્સ આવે અને સારી કૉલેજમાં પ્રવેશ મળે. બધા તેને શૈક્ષણિક કારકિર્દી સારી બને તે માટે વારંવાર ટકોર કરતા અને એમ પણ કહેતા કે જીવનમાં એ જ સફળતાની ચાવી છે. તેને સારા માર્ક્સ ન આવ્યા અને તેથી આત્મવિશ્વાસ પણ ઓછો થયો. ત્યારબાદ ઘણા પ્રયત્ન પછી સારા માર્ક્સ સાથે પાસ થઈને સારી કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. કૉલેજના પ્રથમ વર્ષમાં મિત્રો સાથે ટ્રેકિંગ કરવા ગયા અને જીવનમાં એક નવો વળાંક આવ્યો. પર્વતોમાં ફરવું તે તેમનું પેશન બની ગયું. વેકેશનમાં બે, ત્રણ, ચાર મહિના સુધી હિમાલયની આસપાસ જ ભ્રમણ કરતા. કૉલેજ પૂરી થઈ અને જીવનમાં એક સફળ આંત્રપ્રેન્યોર બન્યા, પરંતુ પર્વતો પ્રત્યેનો પ્રેમ એટલો જ રહ્યો.



તેમનો પર્વતારોહણ પ્રત્યેનો પ્રેમ એમને ૨૦૧૩માં માઉન્ટ એવરેસ્ટ પર આરોહણ કરવા સુધી લઈ ગયો.ખુમ્બુ આઈસફોલ પાર કરતી વખતે બે દોરડાની સહાયથી એક મોટી તિરાડ પાર કરી રહ્યા હતા, ત્યારે અચાનક એક દોરડું તૂટી ગયું. એક દોરડા પર લટકેલા હેમંત સચદેવને નજર સામે મૃત્યુ દેખાયું. કુટુંબ, ભગવાન, સમગ્ર દુનિયા નજર સામેથી પસાર થવા લાગી, પરંતુ સદ્નસીબે આગળ ગયેલો મિત્ર અનુભવી હોવાથી હેમંતને ન જોતા તે પાછો આવ્યો અને તેને ખેંચીને સલામત રીતે બહાર કાઢ્યો. હવે તેની પાસે બે વિકલ્પ હતા. એક તો ઉપર પહોંચવું અથવા ભયથી ગભરાઈને પાછા નીચે જવું. હેમંત સચદેવે હિંમત કરીને એવરેસ્ટ પર આરોહણ કરવાનું નક્કી કર્યું. અઠવાડિયા પછી ૧૯મે, ૨૦૧૩ના રોજ સવારે સાડા ચાર વાગ્યે માઈનસ પચાસ ડિગ્રીમાં તે ચાર મિત્રો શિખર પર પહોંચ્યા, ત્યારે તેઓ એકલા જ હતા. આ ક્ષણે તેમને ઘણું આપ્યું.

ત્રણ વર્ષ પછી એક સવારે નાસ્તો કરતા હતા, ત્યારે ટી.વી. પર સમાચાર આવ્યા કે સિયાચીનમાં દસ સૈનિકો દટાઈ ગયા છે અને ઘણા દિવસથી મળતા નથી. તેમણે વિચાર્યું કે તેમના જેવાને મદદ મળે છે તો આ લોકોને મદદ કેમ ન મળે? સિયાચીનમાં જાન્યુઆરી ૨૦૧૬માં આવેલા આ વિનાશક હિમપ્રપાતમાં તેઓ ફસાઈ ગયા હતા. તેઓ જ્યારે મળી આવ્યા, ત્યારે નવ સૈનિક મૃત્યુ પામ્યા હતા અને એક સૈનિક જીવતો હતો, જે બે દિવસ પછી મૃત્યુ પામ્યો. આ દુર્ઘટનાએ હેમંત સચદેવને વિચારતા કરી મૂક્યા. ફરી તેને એક જ પ્રશ્ન થયો કે તેમના જેવા સામાન્ય પર્વતારોહકને એવરેસ્ટ પર આવી ખતરનાક પરિસ્થિતિમાંથી બચાવી શકાય તો ફરજ પર આત્યંતિક વાતાવરણમાં મહિનાઓ વીતાવનારા આ સૈનિકોને સહાય કેમ ન મળે? અંતે તેઓ બે મહિના પછી કેટલાક આર્મી કમાન્ડરને મળ્યા.

આપણા સૈનિકોને કેવી રીતે બચાવી શકીએ તેની વિચારણા માટે ઘણી મિટિંગો થઈ, ઘણી ચર્ચાઓ થઈ. છેવટે તેમણે આ પડકાર ઝીલ્યો અને તેમાંથી ભારતનું પ્રથમ વ્યવસાયિક સંગઠન તિરંગા માઉન્ટેન રેસ્ક્યૂની સ્થાપના થઈ.

તિરંગા માઉન્ટેન રેસ્ક્યૂમાં શરૂઆતમાં સોળ વ્યક્તિ સાથે તેની પાંચ ટીમ હતી. હેમંત સચદેવ સામે ઘણા પડકારો હતા. કોઈ માનવા તૈયાર નહોતા કે આર્મી અન્ય વ્યક્તિને બચાવકાર્ય માટે શા માટે સ્વીકારે? બચાવકાર્યમાં ખર્ચ ઘણો થતો હોય છે, તો આવું સંગઠન ટકશે કેવી રીતે? હેમંત સચદેવે કોઈ વાત ધ્યાનમાં લીધી નહીં. તેમણે નક્કી કર્યું કે તેઓ દેશ અને સૈનિકો પ્રત્યે પ્રતિબદ્ધતાથી કામ કરશે. આજે તિરંગા માઉન્ટેન રેસ્ક્યૂમાં સોળ ટીમ કાર્યરત છે. બચાવકર્તાઓ યુરોપમાં તાલીમ લે છે. દર શિયાળાના છ મહિના ગુલમર્ગથી તવાંગ સુધી બસોથી વધુ પોસ્ટની મુલાકાત લે છે. દરેક પોસ્ટ પર ટીમ ભૂપ્રદેશોનો અભ્યાસ કરીને જોખમોનું મૂલ્યાંકન કરે છે. દર વર્ષે દસ હજારથી પણ વધુ સૈનિકોને હિમપ્રપાત વખતે રાખવાની જાગૃતિ, પર્વતીય તોફાનથી બચવા શું કરવું અને ભૂપ્રદેશ મૂલ્યાંકન અંગે તાલીમ આપે છે. ૨૦૨૨માં તવાંગ નજીક તિરંગા માઉન્ટેન રેસ્ક્યૂ ટીમે ચાર કલાકની અંદર સાત ગુમ થયેલા સૈનિકોને શોધી કાઢ્યા હતા.

**હેમંત સચદેવ કહે છે, 'લીવ યોર પેશન'. એ તમને પહેલાં આનંદ આપશે, પછી સંતોષની અનુભૂતિ કરાવશે અને એમાં આવનારા પડકારો તમારો આત્મવિશ્વાસ વધારીને જાતની ઓળખ કરાવશે.**

હવે તો ટૅક્નૉલૉજીની ઘણી મદદ મળે છે. હેમંત સચદેવ જણાવે છે કે ૨૦૨૦થી તિરંગા માઉન્ટેન રેસ્ક્યૂનું સંપૂર્ણ મેનેજમેન્ટ સંસ્થા કરે છે. ૨૦૨૦થી ૨૦૨૫ સુધીમાં સૈનિકોના મૃત્યુમાં નેવું ટકા ઘટાડો થયો છે. ૧૯૮૪થી દર વર્ષે આશરે ચાળીસથી પચાસ સૈનિકો મૃત્યુ પામતા હતા. ૨૦૨૪નું પ્રથમ વર્ષ એવું હતું કે એક પણ સૈનિકનું મૃત્યુ થયું નહોતું. હેમંત સચદેવ કહે છે, 'લીવ યોર પેશન'. એ તમને પહેલાં આનંદ આપશે, પછી સંતોષની અનુભૂતિ કરાવશે અને એમાં આવનારા પડકારો તમારો આત્મવિશ્વાસ વધારીને જાતની ઓળખ કરાવશે. તમારું લક્ષ્ય નાનું હોય કે મોટું, પરંતુ તે તમને પોતાની જાતને વધુ પ્રેમ કરતા શીખવશે.'

# ખુશ્બુની સેવા 'સેવાકનેક્ટ'

મહારાષ્ટ્રના વર્ધાના મધ્યમ વર્ગના પરિવારમાં ખુશ્બુ તાઓરી મોદીનો જન્મ થયો હતો. તેના પિતા ફોજદારી વકીલ હતા, તેથી એ પણ કાયદાનો અભ્યાસ કરવા માગતી હતી, પરંતુ નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી હોવાથી પરિવારે ડૉક્ટર બનવા માટે તેને પ્રોત્સાહન આપ્યું. નાગપુરની ઈંદિરા ગાંધી સરકારી મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવીને ડૉક્ટર બની. ત્યારબાદ મુંબઈમાં રહીને એણે ૨૦૧૩માં કોમ્યુનિટી મેડિસિનમાં એમ.ડી. કર્યું. નાનપણથી સામાજિક મુદ્દાઓમાં તેને રસ હતો. તે છ વર્ષની હતી, ત્યારે ક્યારેક લોકોના ખિસ્સામાંથી તમાકુના પેકેટ કાઢીને ફેંકી દેતી અને માનતી કે તે લોકોને વ્યસન છોડવામાં મદદ કરી રહી છે. એ જ્યારે મેડિકલનો અભ્યાસ કરતી હતી, ત્યારે કૅન્સર સામે ઝઝૂમી રહેલા એક બાળકે આર્થિક મુશ્કેલીને કારણે સારવાર લેવાનું છોડી દીધું. ખુશ્બુએ તે બાળકની તપાસ કરી ત્યારે તેની પરિસ્થિતિ વિશે જાણવા મળ્યું. એક મિત્રની મદદથી તે બાળકને શોધી કાઢ્યું. તેને માટે વિદ્યાર્થીઓ અને અન્ય લોકો પાસેથી ભંડોળ એકઠું કર્યું. તેમાંથી લોહી, પ્લેટલેટ અને દવાનો ખર્ચ કર્યો અને બાળક બચી ગયું.

આ અનુભવથી તેને સમજાયું ઘણા લોકો મદદ કરવા તૈયાર હતા, પણ જેમને જરૂર છે તેવી વ્યક્તિને શોધવામાં તકલીફ પડતી હતી. ડૉક્ટર બન્યા પછી ૨૦૧૪માં ખુશ્બુ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ક્લાસ વન સરકારી તબીબી અધિકારી તરીકે જોડાઈ. તેણે દસ વર્ષ સુધી તબીબી અધિકારી, શાળા આરોગ્ય અધિકારી, ટી.બી. ઑફિસર અને કોવિડ સમયે ઈન્ચાર્જ તરીકે કામ કર્યું. ટી.બી. ઑફિસર તરીકે તેણે અનુભવ્યું કે સીએસઆરની ભાગીદારી જાહેર આરોગ્યસંભાળને કેવી રીતે વ્યવસ્થિત અને મજબૂત બનાવી શકે છે. તે ફંડમાંથી અદ્યતન ઉપકરણો ખરીદીને ઝડપી નિદાન અને સારવાર આપી શકાય છે.



ખુશ્બુ વારંવાર સ્વયંસેવકો, વ્યવસાયિક કુશળતા ધરાવતા લોકો અને આર્થિક ભંડોળનો અભાવ હોય તેવાં સંગઠનોને મળતી હતી. તો બીજી બાજુ એવા લોકો પણ મળતા હતા કે જેઓ મદદ કરવા માગતા હોય, પરંતુ તે મદદ ક્યાં કરવી, કેવી રીતે કરવી તે જાણતા ન હતા. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે ખુશ્બુએ પોતાની સુરક્ષિત નોકરી છોડી દીધી. ઘણા લોકોએ બીજી નોકરી મેળવ્યા વિના આવી નોકરીમાં રાજીનામું આપવાના નિર્ણય પર પ્રશ્નો ઉઠાવીને આશ્ચર્ય વ્યક્ત કર્યું, પરંતુ પતિ ગોપેશ મોદી અને નજીકના મિત્રોએ તેને સાથ આપ્યો. તેણે નોકરીમાં કોઈ સમસ્યા હોવાથી કે નારાજગીથી નોકરી નહોતી છોડી, પરંતુ તે સમાજમાં અલગ રીતે યોગદાન આપવા માંગતી હતી. નોકરી છોડ્યા પછી ખુશ્બુએ શરૂઆતમાં ગિવ ઈંડિયા, આઈ વોલેન્ટીયર અને કનેક્ટ ફોર જેવા પ્લેટફોર્મ સાથે સહયોગ માટે વિચાર કર્યો.

ખુશ્બુએ અનુભવ્યું કે પાયાના સંગઠનો અને સ્વૈચ્છિક જૂથોને સમર્થકો શોધવા અને એકબીજા સાથે સહયોગ કરવા માટે કોઈ ઉપાયની જરૂર હતી. ૨૦૨૪માં તેની ટીમે સોશિયલ મીડિયા દ્વારા 'સેવાકનેક્ટ' બનાવવાનું, માહિતી એકત્ર કરવાનું અને સંબંધો વિકસાવવાનું શરૂ કર્યું અને સેવાકનેક્ટ વેબસાઈટ શરૂ થઈ. સેવાકનેક્ટનું લક્ષ્ય નવા પ્રોજેક્ટ બનાવવાનું નથી, પરંતુ ચાલી રહેલા નવા કાર્યને સહયોગ આપીને મજબૂત બનાવવાનું છે. સંસ્થાઓ, સ્વૈચ્છિક જૂથો, વ્યવસાયિકો, સીએસઆર ટીમો અને સામુદાયિક જૂથોએ નોંધણી કરાવવા એક ફોર્મ ભરવાનું હોય છે. તેની સાથે દસ્તાવેજો આપવાના હોય છે. તેની ચકાસણી કરીને તેને સેવાકનેક્ટ સાથે જોડતા પહેલાં તેના કાર્યને સમજે છે. સેવાકનેક્ટ પ્લેટફોર્મ પર બે પગારદાર ઈન્ટર્ન, પંદર સ્વયંસેવકો અને પાંચ વ્યક્તિઓની કોર ટીમ છે. પગરિયા વેલ્ફેર ફાઉન્ડેશન સમુદાય શિક્ષણ કેન્દ્રો વિકસાવી રહ્યું હતું અને સેવા સહાય ફાઉન્ડેશન પાસે એક અભ્યાસક્રમ હતો જ. આ બંનેને સેવાકનેક્ટે જોડી આપ્યા. આનાથી કોમ્યુનિટી લર્નિંગ સેન્ટર, પાંચ રમકડાંની લાઈબ્રેરી, બ્રેઈન જીમ સેન્ટર અને એક કમ્પ્યૂટર લર્નિંગ સેન્ટર ઉભું થઈ શક્યું. બોલવામાં તકલીફ ધરાવતી અઢાર વર્ષની છોકરીને મુંબઈના ચેમ્બુરમાં સ્વયંસિદ્ધા સેન્ટર સાથે જોડી આપી.

સેવાકનેક્ટ નિ:શુલ્ક છે, જે પોતે દાન પ્રાપ્ત કરતું નથી, પરંતુ સીએસઆર તરફથી મળતું યોગદાન સીધું જ સહાય મેળવતી સંસ્થાને જાય છે. કોઈ પણ નવું કાર્ય શરૂ કરતાં પહેલાં તે ચકાસે છે કે હાલ કોઈ સંસ્થા પહેલેથી જ એવું કાર્ય કરી રહી હોય તો તેને મજબૂત બનાવવાથી વધુ અસર થઈ શકે તેમ છે કે નહીં. આ બધાની સાથે ખુશ્બુ વ્યસનવિરાધી જાગૃતિનું કામ કરે છે અને સિત્તેર હજાર જેટલાં બાળકો અને યુવાનો સુધી તેનું આ કામ પહોંચ્યું છે. આજે સેવાકનેક્ટ મહારાષ્ટ્રના થાણે, નવી મુંબઈ, રાયગઢ, પુણે, નાસિક, વર્ધા, યવતમાળ, બીડ અને નાંદેડમાં ચાલે છે. તે સેવાકનેક્ટનો વિસ્તાર વધારવાને બદલે તેને સ્વ-નિર્ભર ઈકોસિસ્ટમમાં ફેરવવા માગે છે અને ઉત્તરાધિકારીની યોજના બનાવી તેને સોંપવા માગે છે. ખુશ્બુનું માનવું છે કે સેવાકનેક્ટ તેનાથી સ્વતંત્ર થઈને કાર્ય કરી શકે તેમાં જ તેની સફળતા છે. અત્યાર સુધીમાં એકસોથી વધુ સંસ્થાઓને ટેકો આપ્યો છે. પચાસથી વધુ એનજીઓને સહયોગ આપ્યો છે. એક કરોડથી વધુ સીએસઆર ભંડોળ મેળવ્યું છે અને એકસોથી વધુ સ્વયંસેવકોને જોડ્યા છે. વાસ્તવમાં ભારતમાં અન્યને મદદ કરવા ઘણા લોકો તૈયાર છે અને સારું કામ કરનારા લોકોની પણ કમી નથી, પરંતુ તે બંને વચ્ચેના વિશ્વસનીય જોડાણનો અભાવ હોય છે તેને દૂર કરવો જોઈએ.

# ભારતીય સમાજની વિટંબણા

આજમાં ગઈકાલ

ભગીરથ બ્રહ્મભટ્ટ

આજથી પાંચ સાત દાયકા પૂર્વે પરિવાર દીઠ છ સાતભાઈબહેનો હતાં, એટલે કે દરેક બાળકને કાકાઓ અને ફોઈઓ, માસીઓનું ઠીકઠીક પ્રમાણ હતું. મામાઓ-મામીઓની સંખ્યા પણ સારી, બાળકને સ્વજનોનું વર્તુળ હતું અથવા કેન્દ્રમાં બાળક અને પરિઘ ઉપર અપાર સ્વજનો હતાં. એની દરકાર પરોક્ષ રીતે, દાદા, દાદી, બાપા, મોટાકાકા, કાકા અને મામા-મામી, માસા-માસી નાના-નાની, ફોઈ-ફૂઆ, રાખતાં. બાળકને એકલા પડ્યાનો કે એકલતાનો અનુભવ જ ન્હોતો થતો. વેકેશન પડે એટલે બાળક મામા-માસા કે કાકાને ત્યાં અડ્ડા જમાવે, ત્યાંના વાતાવરણમાં ભળી જાય. ત્યાંના સ્વજનોનો પ્રેમ પામે. ત્યાંના વાતાવરણના સંસ્કારો મેળવે. ખેતી-પશુપાલનનું કામ કરે. આનંદ કરે. આ વગર ફીની તાલીમ હતી. આવી પારિવારિક તાલીમી સંસ્થાઓમાં જ બાળકનું ઘડતર થતું, બાળક સાહસિક બનતું, તેજસ્વી બનતું સંસ્કારી બનતું. આવી પારિવારિક તાલીમી સંસ્થાઓ પડી ભાંગવા બેઠી છે. સંયુક્ત કુટુમ્બપ્રથા નષ્ટપ્રાય થઈરહી છે. બાળક જ નહિ, બાળકનો બાપ અને મા પણ એકલાં પડી રહ્યાં અને એકલતાની ઊધઈનો સમાજમાં સડો દાખલ થઈ ગયો છે. એનું કોઈને ભાન નથી. 'મોડાં લગ્ન' ફેશન થઈ ગઈ છે. તૂટતી જતી સમાજ વ્યવસ્થામાં 'બાળક'નો વિચાર થતો નથી.



સાંપ્રત સમાજમાં શું ચાલે છે? સાઈઠ પાંસઠ વર્ષનો બાપ પોતાની ત્રીસ બત્રીસ વરસની દીકરી માટે છોકરા શોધે છે થાકી ગયો છે. દીકરી પણ હા-ના કર્યા કરે છે. દીકરો પણ નોકરી વગરનો છે, રોજી રોટીના પ્રશ્નો છે ત્યાં લગ્નની ઉપાધિની સમસ્યા સમાજને સતાવે છે. મોટી વયે દીકરાને મળતું નથી. દીકરી પરણવાની ના પાડે છે. પદ, પ્રતિષ્ઠા અને પૈસાને મહત્ત્વ વધારે અપાઈ રહ્યું છે. સામાજિક માળખું તૂટવા માંડ્યું છે. 'લગ્ન' નામની સંસ્થામાં હવે વિશ્વાસ રહ્યો નથી એ સંસ્થાએ પોતાનું ગૌરવ ઘટાડ્યું છે કે આદર અને વિશ્વાસ ગુમાવ્યાં છે - લગ્નની વય મોડી થતી જાય છે.

કેટલાયે પરિવારોમાં ભણેલી-ગણેલી તેજસ્વી દીકરીઓને પરણવું જ નથી. કારકિર્દી બનાવવી છે. ગામડું ગમતું નથી અને શહેર મળતું નથી. જવાબદારીવાળું સાસરું ગમતું નથી અને જવાબદારી વગરનું સાસરું મળતું નથી. નોકરી કરવી છે, લગ્ન નથી કરવાં. આવા બહાનાં હેઠળ મહિલાઓની વય વધતી જાય છે. ઉચ્ચશિક્ષણ અને કારકિર્દીનો ખ્યાલ આગળ રાખીને નૂતન જીવનનું ઘડતર કરવાનો વિચાર કરતી આજની યુવતી ભાવિ બાળકના અંધકારમય ભાવિ અંગે વિચાર કરતી નથી. પાંત્રીસ વર્ષે લગ્ન થાય, એ મોટી ઉંમરે થયેલા બાળક પછી બીજું બાળક નહિ કરવાનો નિર્ધાર હોય, ત્યારે એ બાળકના ઉછેરની સમસ્યાઓ અંગે વિચાર થતો નથી. સંયુક્ત પરિવારમાં બાળક ખબર ન પડે એમ મોટું થઈ જતું. આજે? પરદેશમાં તો પગારદાર માણસો સાચવે આપણે ત્યાં હવે બાળકોને પડોશમાં રમતાં હસતાં મૂકીને નોકરી કરવાના દિવસો પણ પૂર્ણ થતા જાય છે. બહેનોને સ્વાવલંબી બનવાના ઓરતા છે, તેમને આજની સ્થિતિમાં કોઈના પર આધારિત રહેવાનું નથી ગમતું. સ્વતંત્રતાનો ખ્યાલ અહમનો વ્યાપ વધારી રહ્યો છે. જાતે નિર્ણયો લેવા પડે છે. ક્યાંક અનુભવના અભાવે તે ખોટા પણ પડે છે... (દા.ત. 'મા' નહિ બનવાની શરતે લગ્નો થાય છે) નવા ખયાલો પરંપરાગત ખ્યાલોની આડે આવતાં, પરંપરાગત સામાજિક માળખું તૂટવા માંડે છે. મા-બાપને રાખવાની વહુ-વરની તૈયારી ના હોય તો બાળકને સાચવવાની મા-બાપ પાસે અપેક્ષા કેમ રખાય? બાળકો દાદા-દાદીના પ્રેમથી વંચિત થતાં જાય છે. બીજી તરફ છોકરાઓ પણ મોટી ઉંમરે પરણતાં નથી અને સમસ્યા બને છે.

**બાળકને એકલા પડ્યાનો કે એકલતાનો અનુભવ જ ન્હોતો થતો. વેકેશન પડે એટલે બાળક મામા-માસા કે કાકાને ત્યાં અડ્ડા જમાવે, ત્યાંના વાતાવરણમાં ભળી જાય**

આજે સમાજમાં અવિવાહિત પુરુષોની સંખ્યા વધી રહી છે. કુંવારી અપરણિત સ્ત્રીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. વૃધ્ધો એકાકી બન્યા છે. વૃધ્ધાશ્રમોની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. વૃધ્ધો ઘરડા નહિ, એકલાં પડી ગયા છે . બાળકોને મોબાઈલને સહારે છોડી દેવાયાં છે અને બાલમંદિરો, નર્સિંગ હોમનાં ગજવાં ભરાય છે - સંસ્કાર નામની સંપૂર્ણ ગેરહાજરીમાં બાળકો મોટાં થાય છે. સંવેદનાનું શિક્ષણ તેઓ ક્યાંથી મેળવે છે? આત્મીયતાની તાલીમ તો તેમને ક્યાંથી મળે? પરિવારોમાંથી જે પ્રેમ મળતો તે આજની શિક્ષણ સંસ્થાઓ ક્યાંથી આપી શકવાની?

પાંચ-સાત દાયકા પૂર્વે વીસ વર્ષ સુધીમાં છોકરા છોકરી પરણી જતાં - સમાજ પરણાવી દેતો. એ લોકો પાંચ પેઢી જોઈ શકતા. પછી પચીસ વર્ષ થયાં એટલે ચાર પેઢી જોઈ શકતા, આજે ત્રીસ વર્ષની વયે લગ્નઓ થાય છે માંડ ત્રણ પેઢીનાં દર્શન થાય છે. બાળકોની સંખ્યા ઘટવાથી મામા-મામી, ફોઈ-ફુઆ, માસી-કાકા આ સંબંધોથી સંવાદ કરતું બાળક સંવાદ શૂન્ય બની જશે. હવે તો ત્રણ પેઢીનાં દર્શન દુર્લભ થતાં જશે. ત્રીજી પેઢી નાબુત થઈ જશે. શેરીઓ, મહોલ્લાઓ ગામનાં પાદરો બાળક વગરનાં દેખાવા લાગ્યાં છે. ભવિષ્ય ધુંધળું જરૂર છે. મોર્ગન સ્ટેન્લીનો મે ૨૦૨૬નો એક આંતરરાષ્ટ્રીય અભ્યાસ એમ કહી રહ્યો છે કે આગામી છ વર્ષમાં વિશ્વની ૪૫% મહિલાઓ અવિવાહિત જોવા મળશે એના કેન્દ્રમાં પદ, પ્રતિષ્ઠા અને પૈસો રહેશે.

પદ, પ્રતિષ્ઠાની પાછળ પડેલા આજના યુવકો, યુવતીઓ વૃદ્ધત્વવેળાએ કોની, કેવી હૂંફ મેળવશે? એ પ્રશ્ન સમાજ માટે ચિંતાનો બની જશે. જીવનના અંતે ઉપલબ્ધિમાં શું હશે?

અરે! કેવળ પૈસો, પદ, પ્રતિષ્ઠાને શું કરશો?

# અમદાવાદની કોર્ટમાં વલ્લભભાઈ સિંહશાવક થયેલા

વલ્લભભાઈના અંગત અને પારિવારીક જીવનમાં અમદાવાદકાળે ઘણાં માઠાં પ્રસંગો આવ્યા. ઈ.સ. ૧૯૧૩માં શરુ કરેલી વકીલાતને માંડ બાર મહીના થયાં, ત્યાં તો પિતા ઝવેરભાઈના




**સરદાર @150**

**હસિત મહેતા**

અવસાનના સમાચાર આવ્યા. પોતાના વતને રાજભા તરીકે ઘણો માન-મરતબો ધરાવતાં ઝવેરભાઈ જીવનના ૮૫માં વર્ષે, ઈ.સ. ૧૯૧૪ના માર્ચ મહીનામાં ટૂંકી માંદગી બાદ દેવલોક પામ્યાં. તેઓ જીવ્યા ત્યાં સુધી દર પૂનમે વડતાલના સ્વામિનારાયણ મંદિરના દર્શને પગપાળા જતા હતા. મૂળે ખેડૂત, એટલે શરીરે પણ ખડતલ. પરંતુ સ્વભાવે અત્યંત ધાર્મિક, સાત્વિક અને મીતભાષી. આથી આખા પંથકમાં તેમને માટે ઘણું માન.

પરંતુ વલ્લભભાઈ અને તેમના ગુરુબંધુ વિઠ્ઠલભાઈ, બંને પિતાજી પાછળ સામાજિક રીતે કરવાની થતી ઉત્તરક્રિયાઓના ઘણાં વિરોધી. મરણોત્તર ક્રિયા, બેસણું, અસ્થિવિસર્જન જેવી એક પણ પારંપરિક વિધિમાં તેઓ માનતા નહીં. બીજી તરફ અન્ય પરિવારજનો લોકલાજે અને ચાલી આવતી ઘરેડને કારણે આ બધું કરવાની જીદ છોડતા નહોતા. પિતાના મરણપ્રસંગે વલ્લભ-વિઠ્ઠલને પરિવારજનો સાથે આ બાબતે ઘણો મતભેદ થયેલો. એટલે સુધી કે વિઠ્ઠલભાઈએ પોતાના ભાઈઓને કરમસદ પત્ર મોકલીને ચોખ્ખેચોખ્ખાં વેણ લખી મોકલતાં જણાવ્યું કે....

'તમે મને આવવાનું (પિતાની ઉત્તરક્રિયાવિધિમાં) લખ્યું છે. મારા કહેવા પ્રમાણે કરવાના હો તો જ હું આવીશ. વલ્લભભાઈ કદાચ તમારી વાત માનશે. તો પછી તમે તેમના કહેવા મુજબ કરજો.... મને બોલાવવાની તમારી મરજી હોય તો તમે મારું કહ્યું માનવાના છો કે નહીં, તે લખજો.

આ પત્રમાં વિઠ્ઠલભાઈ પોતાના ભાઈઓને જે માનવા-મનાવવાની વાત લખે છે, તે પિતાજી પાછળ ઉત્તરક્રિયાઓ નહીં કરવાની બાબત

> **અમદાવાદ, બૅરિસ્ટર થઈને આવ્યાં પછી પણ વલ્લભભાઈની વકીલ તરીકેની મૂળ અદા, અસલની આક્રમક્તા સ્હેજેય ઓછી થઈ નહોતી. તેમની આ કાર્યપદ્ધતિની નોંધનીય ખાસિયત એ હતી કે તેઓ સીધું નિશાન તાક્તા અને બિનજરુરી બાબતોમાં અટવાતા નહીં. ફોતરાં ઉડાડી મૂકીને દાણા જુદા પાડવાની એમને ઘણી ફાવટ હતી.**

છે. વળી તેમના લખવા પ્રમાણે કદાચ વલ્લભભાઈ ભાઈઓની વાતમાં નમતું જોખે, પણ પોતે તો અડગ જ રહેવાના છે. મતલબ કે વલ્લભભાઈ અને વિઠ્ઠલભાઈ રાજનેતા કે દેશસેવક થયા તે પહેલેથી અતાર્કીક સામાજિક રુઢિઓનો તિરસ્કાર કરનારા વિચક્ષણ બુદ્ધિજીવી તો હતા જ.

આ અરસામાં વલ્લભભાઈને બીજું એક વ્હાલસોયું પરિવારજન ગુમાવવું પડ્યું, તે પોતાની લાડકી બહેન ડાહીબા. ઝવેરબાની એકની એક દીકરી અને વલ્લભભાઈને પણ પ્રાણસરખી ડાહીબેન નાની ઉંમરે, અકાળે અવસાન પામી હતી. નડિયાદ પરણાવેલી આ નિ:સંતાન બેન જ્યારે માંદગીના ખાટલે ખોટકાઈ, ત્યારે વલ્લભભાઈ તેને તાબડતોબ પોતાના અમદાવાદના ઘરે લઈ આવ્યા હતા, અને સારામાં સારી સારવાર માટે ચિંતિત થયા હતા. છતાં કાળનું ધાર્યું થયું. વલ્લભભાઈને ઈ.સ.૧૯૧૪માં જ ત્રીસ-બત્રીસ વરસની ડાહીબેનને ગુમાવવી પડી. તેના અવસાનથી પથ્થર જેવું કાળજું ધરાવનાર વલ્લભભાઈ પણ ભારે શોકમાં પીગળતાં હતા. વર્ષો પછી પણ તેઓ વખતોવખત કહેતાં કે ડાહીમાં તો નામ પ્રમાણે ગુણ હતા.

આવી પડેલી આ કૌટુંબિક આપત્તિઓ અને શોકજન્ય દિવસોમાં પણ વલ્લભભાઈએ પોતાની રહેણીકરણીમાં ભૌતિક પ્રગતિ સાધી હતી. સાથોસાથ પોતાના અસલ મીજાજનો પરિચય સાથી વકીલોને, અકડું ન્યાયાધીશોને અને સામાવાળા આરોપીઓને કરાયા વગર રહી શક્તાં નહીં. દેખાવે કડક અને સામા માણસને પોતાની આમન્યા રાખવાની ફરજ પડે, એવા મોભા સાથે તેઓ અમદાવાદની કોર્ટોમાં પોતાનું સ્થાન જમાવવા માંડ્યા હતા. અહીં પણ તેઓ બોરસદની જેમ ફોજદારી કેસો જ લડતાં. તેમાં વલ્લભભાઈને જે ફાવટ આવી ગઈ તે પછવાડે એમની નિડર, કડક અને પારખું દ્રષ્ટિની પ્રકૃતિ જ મદદે આવી હતી. એમની કડક રીતભાત અને ખોટાબોલાં માણસો સામે તૃચ્છતાથી જોવાની રીતથી ઘણાં પીઢ વકીલો નારાજ થતાં,પણ યુવાનીયાઓ તો અંજાઈ જ જતાં. નરહરિ પરીખ, મહાદેવભાઈ દેસાઈ, ત્ર્યંબકરાય મજમુદાર જેવા સાથીઓએ આ નવાસવા આવેલાં વકીલનું ઉપનામ સિંહશાવક (સિંહનું બચ્ચું) પાડેલું.

અહીં પણ વલ્લભભાઈએ બગાવત કરવામાં કાંઈ બાકી રાખેલું નહીં. એક તુમાખીભર્યા મેજીસ્ટ્રેટે વકીલોને કોર્ટમાં જોડા બહાર કાઢીને આવવાનો ફતવો કાઢેલો, તેની સામે લડ્યા, અને તે રદ કરાવીને ઝંપ્યા. ખેડા જિલ્લાના બે ભાઈઓના કેસમાં જજે ખોટી રીતે જામીન નામંજૂર કર્યા તો ભરી અદાલતમાં વલ્લભભાઈએ જજ સામે ખેડાના ગુનેગારો તરફ અદાવત રાખીને પક્ષપાત કરતાં હોવાનો આરોપ બેધડક સંભળાવી દીધો. એ જજ ડઘાઈ ગયા અને તેમણે પોતાનો નિર્ણય ફેરવી તોળ્યો. ઉમરેઠમાં એક બારૈયાનું ખૂન થયેલું. એ કેસમાં પોલીસપટેલને ઉલટ તપાસ વખતે વલ્લભભાઈએ એવા તો સાણસામાં લીધાં, કે કોર્ટકઠેડામાં જ એ ભાંગી પડ્યાં, અને સાચેસાચું બોલી ગયાં, જેથી અસીલ નિર્દોષ છૂટ્યો. ઉમરેઠમાં ખોટા દસ્તાવેજો બનાવવાનો વાયરો ચાલેલો. એમાં પોલીસપાર્ટીએ ખોટા કેસો કરવાની વણઝાર ચલાવેલી.વલ્લભભાઈએ આવા એક અસીલને બહુ ચતુરાઈપૂર્વક બચાવેલો.

અહીં, અમદાવાદ, બૅરિસ્ટર થઈને આવ્યાં પછી પણ વલ્લભભાઈની વકીલ તરીકેની મૂળ અદા, અસલની આક્રમક્તા સ્હેજેય ઓછી થઈ નહોતી. તેમની આ કાર્યપદ્ધતિની નોંધનીય ખાસિયત એ હતી કે તેઓ સીધું નિશાન તાક્તા અને બિનજરુરી બાબતોમાં અટવાતા નહીં. ફોતરાં ઉડાડી મૂકીને દાણા જુદા પાડવાની એમને ઘણી ફાવટ હતી.

# સાવિત્રીદાદી એટલે હરતી-ફરતી લોક અદાલત

**કેમ છે, દોસ્ત**

**ડૉ.ચન્દ્રકાન્ત મહેતા**

નાનકડી બુલબુલ પપ્પા પ્રારબ્ધના ખોળામાં બેસવા જતી, ત્યારે ઠંડો પ્રતિભાવ મળતો જાણે એમની લાગણી વિહીન આંખો કહી રહી હતી : 'મમ્મીનું બહુ ઉપરાણું તું લે છે ને! જા, તારી મમ્મીના ખોળામાં બેસ. હું જોઉં છું કે તને સ્કૂલની ફી કોણ આપે છે ? નોટો-પુસ્તકો કોણ હાજર કરી દે છે.' દીકરી બુલબુલના મસ્તક પર પ્રેમાળ હાથે સ્પર્શ કર્યા વગર પ્રારબ્ધ મૂંગો બેસી રહેતો. ખોળામાં જાણે કોઈકે પંદર કિલોનું વજન ના મૂક્યું હોય!

બુલબુલ કંટાળીને વાચામમ્મી પાસે જતી. ત્યાં પણ ઠંડો આવકાર. મમ્મી ટગર ટગર બુલબુલને જોયા કરતી અને પોતાના ઉમળકાને દાબી દેતી. તેમ છતાં બુલબુલ વાચાના ખોળામાં બેસવાની કોશિશ કરતી. અને મમ્મી પપ્પાને ભાંડવાની તક ઝડપી લેતી : 'પપ્પા-પપ્પા કરતાં તારું મોં સુકાય છે, પણ તારા સ્કૂલે જવાના સમયે તારા ઊંઘણશી પપ્પા ક્યારેય વહેલા જાગ્યા છે ખરા? તારું લંચ બોક્સ કોણ તૈયાર કરી આપે છે, એનો તેં કદી વિચાર કર્યો છે ખરો? તને નવડાવી ધોવડાવીને સ્કૂલે જવા કોણ તૈયાર કરે છે? આજે કીચન બંધ, ચા-નાસ્તો નહીં મળે. જોઉં છું તારા વહાલા પપ્પા શી વ્યવસ્થા કરે છે?'

નાનકડી બુલબુલ નક્કી કરી શક્તી નહોતી કે કોના ખોળામાં બેસવું? પપ્પા મમ્મી પૈકી કોઈપણ અબોલા તોડવા તૈયાર નહોતું.

અત્યાર સુધી શાંતિથી બેઠેલો પ્રારબ્ધ તાડૂકે છે : 'બુલબુલ અહીં આવ મારી પાસે, મારા ખોળામાં બેસ. મરઘો ના બોલે તોય વહાણું તો વાહવાનું જ છે. તારી મમ્મીને ખબર નથી કે મારા જેવા પરિણીત અભિશપ્ત પુરુષો આત્મહત્યા કરી લેતા નથી, એટલે મારી સામે મેદાને પડવાની જરૂર નથી. મારા પગાર પર તાગડધિન્ના કરવા છે અને મારી સામે જ મેદાને પડવું છે! નોકરી માટે ઘણી અરજીઓ કરી જોઈ, પણ તારી મમ્મીનો કોઈએ ધડો ના કર્યો. ચપચપ બોલવાથી કોઈ અંજાઈ ના જાય એ તેને ખબર નથી. પોતે બહુ હોશિયાર છે એવા ભ્રમમાં તારી મમ્મી છે. એક દિવસ હું ઘર છોડીને ચાલ્યો જઈશ, ત્યારે તારી મમ્મીને ખબર પડશે કે કેટલી વીસે સો થાય છે!'

નાનકડી બુલબુલને ખબર ન પડી કે તેના પપ્પા શું કહેવા માગે છે. ત્યાં તો તેની વાચામમ્મી તાડૂકી ઊઠી : 'બુલબુલ, તારા પપ્પાને કહે શુભ કામમાં મુહૂર્ત શું જોવાનું? આપણી સોસાયટીમાં દસ નંબરના બંગલામાં રહેતી વિશાખાનો પતિ કહ્યા વગર ઘર છોડીને જતો રહ્યો, તોય કોઈએ એની શોધખોળ નથી કરી કે નથી તપાસ માટે પોલિસ ફરિયાદ નોંધાવી. બુલબુલ, આ ઘરમાં તારા



પપ્પા મને મારી રીતે જીવવા દે છે ખરાં? દૂધનું બિલ કેમ વધારે આવ્યું? વોશિંગ પાવડર કેમ વધારે વપરાય છે? મહિનામાં બે સાડી ખરીદવાની શી જરૂર હતી? મહિનામાં બે વાર બ્યૂટીપાર્લર જઈને તું અપ્સરા થોડી બની જવાની હતી?... આવા સવાલો પૂછીને તારા પપ્પા મારો દમ કાઢી નાખે છે. અરે મને જોવા આવ્યા, ત્યારે કેવા ડાહ્યા-ડમરા થઈને વાતો કરતા હતા! અને મારા ભોળા શંભુ જેવા પપ્પા ભરમાઈ ગયા અને પરણાવીને તારા પપ્પાને હવાલે કરી દીધી. પરણ્યા પછી મને ખબર પડી કે તારા પપ્પા તો 'રિજેક્ટેડ માલ'જેવા છે. એમના વિચિત્ર સ્વભાવની વાતો આખા સમાજમાં ફેલાઈ ગઈ છે. પણ અફસોસ એ વાતનો છે કે એ બધી વાત મારા પપ્પાના કાન સુધી પહોંચી નથી.' વાચા બેધડક બોલે જતી હતી. નાનકડી બુલબુલ તેના તરફ આશ્ચર્યથી ટગર ટગર જોઈ રહી હતી.

ત્યાં પ્રારબ્ધે ઉશ્કેરાઈને કહ્યું : 'બુલબુલ તારી મમ્મીને કહે, બસ હવે લવારો બંધ કરે નહીં તો...'

'નહીં તો શું કરી લેશો? જોઉં તો ખરી કે તમારી કાયરતા તમારી પાસે શું કરાવે છે?' વાચાએ આક્રમક સ્વરમાં સીધો પ્રારબ્ધને જ સવાલ પૂછ્યો.

> **પ્રારબ્ધ અને વાચાના વીખરાયેલા માળાને સાવિત્રીદાદીએ કેવી રીતે ફરી પાછો સુંદર બનાવ્યો?**

'તો લે મારા હાથની પ્રસાદી' કહી પ્રારબ્ધે વાચા પર હાથ ઉગામવાની કોશિશ કરી, પણ રણચંડી બની વાચાએ પ્રારબ્ધનો હાથ પકડી લેતાં કહ્યું : 'પતિદેવ બનવાના દિવસો ક્યારના ય પૂરી થઈ ગયા, હવે નારી મારખાઉ બનીને જીવશે નહીં સમજ્યા? આ નારી-સશક્તિકરણનો જમાનો છે. નારીને બાપડી વિચારી બનાવવાના પ્રયત્નો કોઈપણ નારી સાંખશે નહીં. તમારી સામે હું પણ હાથ ઉગામું એવા મારા સંસ્કાર નથી.'

મમ્મી-પપ્પાનું યુદ્ધ જોઈને નાનકડી બુલબુલે રડારોળ કરી મૂકી. એનું રુદન સાંભળીને પડોશમાં રહેતા સાવિત્રીદાદી દોડી આવ્યાં.

આખી સોસાયટીમાં સાવિત્રીદાદીનું માનવંતુ સ્થાન. સાવિત્રીદાદી એટલે હરતી ફરતી લોક અદાલત. ઉંમર એંસીની પણ મજબૂત શરીર અને વાચા તથા પ્રારબ્ધને શાંત રહેવા કહ્યું. દસેક મિનિટ સુધી સાવિત્રીદાદી કશું જ બોલ્યા નહીં, એટલે વાચા અને પ્રારબ્ધ અકળાવા લાગ્યાં.

સાવિત્રીદાદીએ કહ્યું : 'વાચા, તમે બધાં મારે ઘેર ચાલો. ચા-પાણી અને જમવાનું પણ મારા ઘરે. બાકી વાતો પછી કરીશું.'

સાવિત્રીદાદીની વાતનો કોઈ અનાદર કરી શક્યું નહીં. નાનકડી બુલબુલ પણ દાદીની આંગળી પકડી ચાલવા માંડી.

કામવાળીએ ચા-નાસ્તો તૈયાર કર્યો, બન્નેએ ચા-નાસ્તો પણ ચૂપચાપ કરી લીધો. પછી સાવિત્રી દાદીએ કહ્યું : 'ભાઈ પ્રારબ્ધ હું એકલી છું સમય જતો નથી એટલે તારે અને વાચાએ બુલબુલને લઈને મારા ઘરે આવતા જતા રહેવું પડશે. અત્યારે તમે ઘરે જાવ, ફ્રેશ થશો એટલામાં મારી કામવાળી બેન જમવાનું તૈયાર કરીને આપી જશે.'

પ્રારબ્ધ પણ શાંતિ ઈચ્છતો હતો. કશું જ બોલ્યા વગર દાદીને પ્રણામ કરીને એ પોતાના ઘેર જવા વિદાય થયો.

પ્રારબ્ધ અને વાચાનો પ્રોબ્લેમ સાવિત્રીદાદી સારી રીતે જાણતાં હતા. તેમણે વાચાને કહ્યું : 'બેટા, નારી જ્યાં સુધી આર્થિક રીતે સ્વાવલંબી નહીં બને ત્યાં સુધી એનું સન્માન નહીં જળવાય. ભારતના પતિઓ અહંકારને પોતાનો જન્મસિધ્ધ અધિકાર માને છે. પણ ઘરની શાંતિ ખાતર આપણે નારીઓ અહંકારનું પ્રદર્શન નથી કરતી. થોડીક સહિષ્ણુતા રાખી ઘરની નાવને બચાવી શકાય છે, એવું યાદ રાખજે. બધું બરાબર ઠીક થઈ જશે. તારા માટે નોકરીની ગોઠવણ પણ હું કરી દઈશ. ચિંતા ન કરીશ બેટા.' વાચા દાદીને ભેટી પડી. તેના મનનો ભાર હળવો થઈ ગયો હતો.

અનુસંધાન પાનાં ૦૬ પર

# ગ્રીન ક્લીનિંગ : કેમિકલની આડઅસર સમજાતાં સર્જાઈ રહેલો અબજોનો ઉદ્યોગ

**સાઈન-ઈન**

**હર્ષ મેસવાણિયા**

નાળિયેરીનાં છોતરામાંથી બનેલો ડૂચો અને ચૂલાની રાખ એ વાસણ માંજવાની હાથવગી દેશી પદ્ધતિ હતી. એકેય પૈસાનો ખર્ચ કર્યા વગર વાસણો ઉટકાઈ જતાં! વાસણ માંજવા માટે લિક્વિડ, સાબૂ કે સ્ક્રબર માર્કેટમાં આવે છે એવી ખબર જ ભારતમાં ગૃહિણીઓને - ખાસ તો ગ્રામ્ય વિસ્તારોમાં હજુ બે દશકા પહેલાં પડી. વારે-તહેવારે ખૂબ ઓઈલી વાસણો હોય તો કપડાં ધોવાના સાબૂને 'ધોઈને' એનું હોમ મેડ લિક્વિડ બનાવાતું. નહીંતર રાખ અને ચીકણી માટી એ નેચરલ ડીશ વોશરનું કામ કરતાં.

ને એ જ પદ્ધતિ ઘરની સાફ-સફાઈમાં લાગુ પડતી. વારે-તહેવારે કેમિકલ વગર જ ઘર સાફ થતું. સાવરણી, સાવરણો, બહુ બહુ તો લાકડીમાં બાંધેલું કોરું કપડું, પાણી અને ભીનું કપડું હોય એટલે સફાઈ થઈ રહેતી. અઢી ત્રણ દશકાથી શહેરોમાં થોડાં-ઘણાં કેમિકલ વપરાતા થયા હતા, પણ હવે તો હાઉસ ક્લીનિંગનું પ્લાનિંગ થાય તે પહેલાં ડઝનેક પ્રકારના જુદા જુદા કેમિકલ બજારમાંથી ખરીદી લાવવા પડે. કેમિકલ્સ વગર ક્લીનિંગ થઈ શકે એ વાત જ રાખ-નાળિયેરના છોતરાના કોમ્બિનેશનની જેમ આઉટડેટેડ થઈ ગઈ છે.

૧૮મી સદીના અંતે કેમિકલ ક્રાંતિ થઈ. ૧૮મી અને ૧૯મી સદીમાં ફ્લોર ક્લીનિંગ અને કપડાંની સફાઈ માટે ઉપયોગી ક્લોરીન બ્લીચ, ઓક્સિજન બ્લીચ, કેલ્સિયમ બ્લીચ, હાઈડ્રોજન પેરોક્સાઈડથી માંડીને હાઈડ્રોક્લોરિડ એસિડ, સોડિયમ હાઈડ્રોક્સાઈડ, એમોનિયાથી લઈને ડ્રાઈ ક્લીનિંગમાં અનિવાર્ય બનેલા હાઈડ્રોકાર્બન, પરક્લોરોથીન, સિલોક્સેન જેવા કેમિકલની ઓળખ થઈ ને તેનું વિઘટન થયું. ૨૦મી સદીમાં, ખાસ તો ૧૯૬૦ પછી આ કેમિકલ્સમાંથી બનેલી ક્લીનિંગ પ્રોડક્ટ માર્કેટમાં ઠલવાતી થઈ. અમેરિકા-યુરોપમાં આ કેમિકલ પ્રોડક્ટ્સે માર્કેટ સર કર્યું અને ૨૦મી સદી પૂરી થતાં થતાં આખી દુનિયામાં દબદબો બનાવી લીધો.

■ ■ ■

આજે ઘરની સાફ-સફાઈના સાધનો અને કેમિકલ્સનું ગ્લોબલ માર્કેટ ૨૯૫ અબજ ડોલર થઈ ચૂક્યું છે અને ૨૦૩૦-૩૨ સુધીમાં તો ૪૦૦ અબજ ડોલરને પાર પહોંચી જશે. ઘર સફાઈની સર્વિસનું માર્કેટ તો એનાથી બમણું છે. લોકોને હવે ઘરની સફાઈનો સમય નથી એટલે દરરોજ વાસણ-કચરા-પોતાં માટે મદદનીશો રાખ્યા હોય એ તો બરાબર, પરંતુ વારે-તહેવારે આખાય ઘરની સફાઈનો સમય રહેતો નથી અથવા તો એવી સફાઈમાં હાથ કાળા કરવા નથી એટલે ઓનલાઈન-ઓફલાઈન ક્લીનિંગ સર્વિસનું માર્કેટ ઝડપભેર વધતું જાય છે. ગ્લોબલી ઘર-ઓફિસની સફાઈનું સર્વિસ માર્કેટ ૪૮૦ અબજ ડોલર છે ને ૨૦૩૪ સુધીમાં બમણું થઈને ૮૬૦ અબજ ડોલરને પાર થઈ જશે.

માત્ર હોમ ક્લીનિંગનું સર્વિસ માર્કેટ જ દુનિયામાં ૩૨ અબજ ડોલરે પહોંચ્યું છે અને ૨૦૩૨ સુધીમાં આ માર્કેટ ૫૬ અબજ ડોલર થાય એવો અંદાજ છે. હોમ ક્લીનિંગ સર્વિસમાં દુનિયાના સૌથી વિકસતા માર્કેટમાં ભારતનો સમાવેશ થાય છે. ભારતમાં અત્યારે જ આ માર્કેટ ૮૧ હજાર કરોડ રૂપિયા એટલે કે અંદાજે ૯ અબજ ડોલર છે. દેશમાં આઠ ટકાના દરે આ માર્કેટ ગ્રો થઈ રહ્યું છે. એક અંદાજ તો એવો છે કે જુદી જુદી ઓનલાઈન હોમ સર્વિસ પ્રોવાઈડર્સ એપ્સમાં દરરોજ એવરેજ ૮૦ હજાર સર્વિસ બુક થાય છે. દિવાળીમાં આ બુકિંગ દરરોજ દોઢ લાખે પહોંચી જાય છે.




ક્લીનિંગ કેમિકલ અને કેમિકલ બેઝ્ડ ક્લીનિંગ સર્વિસના વધી રહેલા દબદબા વચ્ચે ધીમે પગલે દેશ અને દુનિયામાં કેમિકલનો વપરાશ મર્યાદિત કરવાની અવેરનેસ આવી રહી છે. સેંકડો લોકો કેમિકલનો વિકલ્પ તલાશી રહ્યા છે અને એ તલાશ જ્યાં પૂરી થાય છે એનું નામ છે - ગ્રીન ક્લીનિંગ.

■ ■ ■

અમેરિકાના જીવવિજ્ઞાની રશેલ કાર્સને ૧૯૬૨માં પહેલું વહેલું રિસર્ચ પેપર રજૂ કર્યું હતું, જેનું નામ હતું સાઈલન્ટ સ્પ્રિંગ. આ મહિલા જીવવિજ્ઞાનીએ પહેલી વખત એમાં ક્લીનિંગ કેમિકલ્સના વપરાશ સામે લાલબત્તી ધરી હતી. તેમણે કહ્યું હતું કે નુકસાનકારક નથી એવું કહીને ઢગલા મોઢે માર્કેટમાં ઠલવાતા કેમિકલ્સથી શરીરને નુકસાન થાય છે. ચામડીથી લઈને શ્વસનતંત્રને લાંબાંગાળે અસર થાય છે.

પણ એ વખતે લોકોએ તેમની વાત ન માની. પછીના દશકાઓમાં ઘણાં સંશોધકો ક્લીનિંગ કેમિકલ્સના ઉપયોગ સામે ચેતવણી આપતા હતા, પરંતુ તેનાથી કેમિકલ્સનો ઉપયોગ ઘટવાને બદલે વધ્યો. લોકોને ઝડપથી પરિણામ મળતું હતું એટલે કેમિકલ્સનો વપરાશ કોઠે પડવા લાગ્યો હતો.

રશેલ કાર્સનના કેમ્પેઈનના અઢી દશકા બાદ અમેરિકામાં જ 'ગ્રીન સીલ' નામનું એક સંગઠન બન્યું. આ સંગઠને સસ્ટેનેબિલિટીના સંદર્ભમાં જે પ્રોડક્ટથી પર્યાવરણ, જીવસૃષ્ટિ, માનવશરીરને કોઈ પણ પ્રકારનું નુકસાન થતું ન હોય એવી પ્રોડક્ટ્સને સર્ટિફિકેટ આપવાની તરફેણ કરી. એ માટે કેમ્પેઈન ચલાવ્યું. એ જ સંગઠનના પ્રયાસોથી નુકસાનકારક ક્લીનિંગ કેમિકલ્સનો ઉપયોગ ઘટાડવાનું ગ્લોબલી કેમ્પેઈન શરૂ થયું, ત્યારે તુરંત પરિણામ ભલે ન મળ્યું, પરંતુ તેનાથી સાયન્ટિફિક માહોલ બન્યો.

ઘર-ઓફિસની સાફ-સફાઈમાં વપરાતા કેમિકલ્સથી કેટલું અને કેવું નુકસાન થઈ શકે છે તે અંગે અમેરિકા-યુરોપની યુનિવર્સિટીઝમાં સંશોધનો થવા માંડ્યા. ઘરમાં કેમિકલના ઉપયોગથી દરરોજ સાફ-સફાઈ થાય તેનાથી હવા અશુદ્ધ બને છે અને શરીરને નુકસાન થાય છે એવા તારણો રજૂ થયા. ૨૧મી સદી આવી ત્યાં સુધીના એક-દોઢ દશકામાં અનેક રિસર્ચ પેપર્સ પબ્લિશ થયા. પર્યાવરણ અને પ્રકૃતિપ્રેમી સર્કિટમાં અવેરનેસ આવવા લાગી. પર્યાવરણને અનુરૂપ ચીજવસ્તુઓ બનાવવાનું શરૂ થયું ને તેના ભાગરૂપે વનસ્પતિમાંથી સાફ-સફાઈનું લિક્વિડ બનવા લાગ્યું.

■ ■ ■

અમેરિકાના સંશોધક વાન વ્લાહાકિસે છેક ૧૯૬૭માં લીંબુ, ફુદીનો, લીમડો વગેરેનો ઉપયોગ કરીને કુદરતી બાથરૂમ ક્લીનર બનાવ્યું હતું. એ સંપૂર્ણ કેમિકલ ફ્રી ક્લીનર હતું. તેમણે તો ગ્રીન ક્લીનર પ્રોડક્ટની ઈસીઓએસ નામની કંપની જ બનાવી હતી, જે એ પ્રકારની દુનિયાની પ્રથમ કંપની હતી. ૧૯૭૦માં બ્રુસ ફેબ્રીઝો નામના એક અમેરિકાના ભાઈએ ક્લીનિંગ કેમિકલ્સની આડઅસર ઓફિસમાં જ જોઈ. એનાથી પ્રેરિત થઈને તેણે એ જ વર્ષે મલ્ટિપર્પઝ બિનઝેરી લિક્વિડ બનાવ્યું. એ ફોર્મુલામાંથી 'સિમ્પલ ગ્રીન' નામનું કેમિકલ માર્કેટમાં આવ્યું. ત્યારે તુરંત તો નહીં, પણ સમય જતાં એ પ્રોડક્ટની ડિમાન્ડ વધી. આજે સેંકડો લોકો મલ્ટિપર્પઝ સિમ્પલ ગ્રીન લિક્વિડનો ઘર-ઓફિસમાં નિયમિત વપરાશ કરે છે. સિમ્પલ ગ્રીન લિક્વિડ એ ઈકો-ફ્રેન્ડલી ક્લીનિંગ પ્રોડક્ટના સફળ માર્કેટિંગનું સૌપ્રથમ ઉદાહરણ હતું.

કેમિકલ સામે અવેરનેસ વધતાં આજે ઈકો-ફ્રેન્ડલી ક્લીનિંગ કે ગ્રીન ક્લીનિંગનો બિઝનેસ ૧૧.૪૮ ટકાના દરે વધી રહ્યો છે. આજની તારીખે દુનિયામાં ગ્રીન ક્લીનિંગના ઉત્પાદનોનું વૈશ્વિક બજાર ૩૭ અબજ ડોલર છે. ૨૦૩૪માં આ માર્કેટ ૧૫૮ અબજ ડોલરે પહોંચી જશે. મેઈનસ્ટ્રીમ ક્લીનિંગ કેમિકલ્સના વેચાણ સામે તો આ રકમ નગણ્ય ગણાય, છતાં એનો વૃદ્ધિદર ઊંચો હોવાથી એવી આશા બિલકુલ રાખી શકાય કે ભવિષ્યમાં કેમિકલના વિકલ્પે લોકો ગ્રીન ક્લીનિંગ તરફ વળશે.

ભારતમાં જ હવે સેંકડો લોકો ગ્રીન ક્લીનિંગ તરફ વળી રહ્યા છે ને તેના પરિણામે દેશનું ગ્રીન ક્લીનિંગ માર્કેટ ત્રણથી ચાર અબજ ડોલર હોવાનો અંદાજ છે. દેશમાં ૨૦૩૦ સુધીમાં એ બમણું થઈ જાય એવી શક્યતા છે. અમેરિકાના એક સંશોધનમાં જણાયું કે ક્લીનિંગ પ્રોડક્ટ્સમાંથી ૩૪ કેમિકલ્સ એવા જણાયા કે જે કેન્સર, અસ્થમા, આંખના ઈન્ફેક્શન માટે જવાબદાર છે. એ જોતાં વહેલાં મોડું ગ્રીન ક્લીનિંગ તરફ વળ્યે જ છૂટકો. ■



**કેમિકલની દેખીતી આડઅસર છે, પણ તેનો મજબૂત વિકલ્પ ન હોવાથી લોકો નાછૂટકે કેમિકલ વાપરે છે, પરંતુ હવે ગ્લોબલી ગ્રીન ક્લીનિંગનો કન્સેપ્ટ જામતો જાય છે. શું છે ગ્રીન ક્લીનિંગ?**

**દિવાળીની સાફ-સફાઈમાં અત્યારે છૂટથી કેમિકલ વપરાશે, તેથી આપણે ઉજવીશું તે પહેલાં ક્લીનિંગ કેમિકલ માર્કેટ દિવાળી ઉજવશે...**

■ ■ ■

## કેમિકલ્સ કરતાં ગ્રીન ક્લીનિંગ પ્રોડક્ટ મોંઘી

કેમિકલ્સનું ઉત્પાદન જથ્થાબંધ થતું હોવાથી કેમિકલ બેઝ્ડ ક્લીનિંગ પ્રોડક્ટ્સ ગ્રાહકોને ગ્રીન ક્લીનિંગ પ્રોડક્ટની સરખામણી સસ્તી પડે છે. ગ્રીન ક્લીનિંગ પ્રોડક્ટ્સ પ્લાન્ટ્સમાંથી બને છે. એ મેળવવાનું અને તેના પર પ્રોસેસ કરવાનું સરળ નથી. લીંબુથી લઈને નાળિયેર તેલ, નારંગી જેવા ખાટાં ફળો, લીમડો, તુલસી, ફુદીનો, ચાના પત્તા, ગૌમૂત્ર, કપૂર, એલોવેરા જેવી વસ્તુઓનો ગ્રીન ક્લીનિંગ પ્રોડક્ટ બનાવવામાં ઉપયોગ થાય છે. તેના કારણે માર્કેટમાં સરળતાથી મળતા ક્લીનિંગ કેમિકલ્સની સરખામણીએ ગ્રીન ક્લીનિંગ પ્રોડક્ટ ૨૦ ટકા જેટલી મોંઘી પડે છે. વળી, ગ્રીન ક્લીનિંગની પ્રોડક્ટનું ઉત્પાદન વધે તો આ બધી ચીજવસ્તુઓના ભાવમાં પણ વધારો થઈ શકે. ગ્રીન ક્લીનિંગ પ્રોડક્ટ સામે ભવિષ્યમાં આ સૌથી મોટો પડકાર બની રહેશે.

**સ્માર્ટફોનને કારણે આપણું ફોકસ અને મેમરી બંને ઘટતાં જાય છે, પણ એ જ ફોન નબળી યાદશક્તિના ઉપાય પણ આપે છે**

# મહત્ત્વની ચીજવસ્તુઓ ક્યાં સાચવી છે એ વારંવાર ભૂલી જાઓ છો?



*એક અઘરો સવાલ - તમને તમારા લાઈફ પાર્ટનર કે બેસ્ટ ફ્રેન્ડનો ફોન નંબર યાદ છે? જેને આપણે દિવસમાં સત્તર (કે સીત્તેર!) વાર ફોન કરતા હોઈએ એનો નંબર મોઢે ન હોય એવી પૂરી શક્યતા. કેમ કે યાદ રાખવાની હવે જરૂર જ રહી નથી. ફોનમાં સેવ કરી લો એટલે કામ પૂરું.*

*આમ પણ પ્રોડક્ટિવિટી એક્સપર્ટ્સ કહે છે કે આપણે બધું મગજમાં ભરી રાખવાની જરૂર નથી. મગજને ફ્રી રાખો.*

*જોકે, કામની બાબતો સાચવી રાખવાના ઈન્ટરનેટ પર ઘણા રસ્તા છે, પણ એ એટલા બધા છે કે એમાંથી કઈ વાત, ક્યાં વાત લખી રાખી છે એ પાછું શોધવા જવું પડે. ફોન નંબર એડ્રેસ બુકમાં જ હોય એવું આમાં નથી!*

*હવે એનો પણ ઉપાય મળ્યો છે. ખાસ લોકેશન ટ્રેકિંગ માટે જ ડિઝાઈન થયેલી એક એપમાં, ચીજવસ્તુઓની વિગતો હવે લોકેશન સાથે સાચવી શકાશે. તમે ભૂલકણા હો તો આ વાત યાદ રાખવા જેવી છે!*

**તમે વારંવાર રઘવાયા થઈને પોતાના ઘર કે ઓફિસમાં ચશ્મા, કારની ચાવી, વોલેટ, ડોક્યુમેન્ટ્સ વગેરે શોધતા ફરો છો?**

**આપણે ચીજવસ્તુઓ ક્યાં મૂકી છે તે ભૂલી જઈએ છીએ, કેમ કે નવી ટેકનોલોજીને પાપે સૌની યાદશક્તિ ઘટતી જાય છે.**

**જોકે એ જ ટેકનોલોજી આપણી મદદે પણ આવે છે. અમુક વાતો એને સોંપી દો તો બીજાં મહત્ત્વનાં કામ પર ફોકસ વધારી શકાય.**

## તમને કામ લાગશે 'રીમેમ્બર્ડ' નામનું એક નવું ફીચર

આજના સમયમાં આપણું મગજ - સ્માર્ટફોનના પ્રતાપે કે પાપે - એક સાથે એટલી બધી અલગ અલગ દિશાઓમાં દોડતું હોય છે કે આપણે ઘણી બધી વાર મહત્ત્વની વાતો ભૂલી જતા હોઈએ છીએ. અગાઉ ફક્ત 'પ્રોફેસર' ભૂલકણા હોવા-10

આમ તો, સારી કાર્યક્ષમતા માટે મહત્ત્વની બધી બાબતોનો ભાર મગજ પર નાખવો એ સારી વાત નથી. નિષ્ણાતો કહે છે કે આપણે કોઈ ચોક્કસ કામ કોઈ નિશ્ચિત દિવસે કરવાનું હોય તો એની વિગતો ડિજિટલ કેલેન્ડર કે ટુ-ડુ લિસ્ટ એપમાં નોંધી રાખવી સારી. જેમ કે વીમાનું પ્રીમિયમ કે લાઇટનું બિલ કે વાહનનું પીયુસી સર્ટિફિકેટ, પોલિસી રિન્યુઅલ વગેરેની તારીખો આપણે ડિજિટલી નોંધી રાખીએ તથા તેને માટે રિમાઇન્ડર સેટ કરી રાખીએ તો પછીના સમય દરમિયાન તેને ભૂલી જઇએ તો પણ ચાલે. કેમ કે જે તે કામ જે નિશ્ચિત સમયે કરવાનું હોય એ પહેલાં જ તેનો રિમાઇન્ડર ઇમેઇલ, એસએમએસ, નોટિફિકેશન કે અન્ય કોઈક રીતે આપણી સામે આવે.

આ બધી વાત, આપણે માટે મહત્ત્વનાં કામકાજ યાદ રાખવા માટેની સહેલી રીત સંબંધિત છે. મહત્ત્વના વિચારો, વેબપેજ વગેરે સાચવી લેવાના પણ જુદા જુદા ઘણા રસ્તા છે. પરંતુ આપણે માટે મહત્ત્વની ચીજવસ્તુઓ ક્યાં સાચવી રાખી છે એ ભૂલી જઇએ તો?

જેમ કે આપણે ક્યાંક ફરવા જવું હોય ત્યારે હોટેલમાં બતાવવા માટે કે બેંકમાં કેવાયસી પ્રોસેસ પૂરી કરવાની હોય ત્યારે ફિઝિકલ આધાર કાર્ડની જરૂર પડે, પણ ટુરની તૈયારી કરતી વખતે કે બેંકે જતા હોઈએ બરાબર ત્યારે જ એ શોધ્યું જડે નહીં! એ રીતે, પરદેશ જવું હોય ત્યાં ઝાટકો લાગે કે આપણો પાસપોર્ટ ક્યાં? એ ક્યાંક સાચવીને રાખ્યો હોય, છતાં ટાંકણે એ જગ્યા યાદ ન આવે.







*તમે 'રીમેમ્બર્ડ' સેક્શનમાં જઈને મહત્ત્વની ચીજવસ્તુઓની વિગતો સાચવી શકો.*




*તમે ચીજવસ્તુને સંબંધિત વિગતો જેમિનાઈને કહીને કે મેન્યૂઅલી ઉમેરી શકો છો.*




*તમે એ વસ્તુનું નામ, કોઈ કબાટમાં હોય તો તે તથા આખું લોકેશન સેવ કરી શકો છો.*




*આ બધું, લોકેશન સાથે એક જ જગ્યાએ સચવાયેલું રહે છે. જ્યારે જોઈએ ત્યારે શોધી લો!*




### ટ્રેકિંગ ટેગ્સ ઉપયોગી ખરા, પણ...

આમ તો આપણે 'ટેકનોવર્લ્ડ'માં અગાઉ વિગતવાર વાત કરી છે કે આવી સ્થિતિમાં નવા સમયનાં 'ટ્રેકિંગ ટેગ્ઝ' આપણે માટે વરદાનરૂપ સાબિત થઈ શકે છે. જરા મોટા બટન જેવી સાઇઝનાં આવા ટેગ આપણે મહત્ત્વની કોઈ પણ ચીજવસ્તુ - કારની ચાવી, પાસપોર્ટ, ટ્રાવેલિંગ બેગ, મહત્ત્વની ઓફિસ ફાઇલ, આધાર-પાનકાર્ડ જેવાં ડોક્યુમેન્ટ જેમાં સાચવીને રાખ્યાં હોય તે ફોલ્ડર વગેરે - સાથે ચીપકાવી દઇએ તો પોતાના આઇફોનમાંની 'એપલ ફાઇન્ડ માય' એપ કે એન્ડ્રોઇડમાં 'ફાઇન્ડ હબ' સર્વિસ (જેનું નામ સૌથી પહેલાં 'એન્ડ્રોઇડ ડિવાઇસ મેનેજર હતું)માં એ ટેગને કારણે આપણે માટે મહત્ત્વની ચીજવસ્તુનું લોકેશન ફોનમાં મેપ પર જોઈ શકીએ છીએ.

આ બંને સર્વિસ ચીજવસ્તુ ઉપરાંત આપણે માટે મહત્ત્વની વ્યક્તિઓનાં લોકેશન ટ્રેક કરવામાં પણ ઉપયોગી છે. શરત માત્ર એટલી કે એ વ્યક્તિએ પોતાના સ્માર્ટફોનમાં પોતાનું લાઇવ લોકેશન આપણી સાથે શેર કર્યું હોવું જોઇએ. નિર્જીવ ચીજવસ્તુઓ આ રીતે પોતાનું લાઇવ લોકેશન શેર ન કરી શકે એટલે તેમને માટે વધારાના 'ટેગ'ની જરૂર પડે.

હવે આવા ટેગની જરૂર પણ નહીં રહે! હમણાં ગૂગલની 'ફાઇન્ડ હબ' એપમાં 'રીમેમ્બર્ડ' નામની નવી સગવડ આવી છે, તે આ માટે જ છે. જોકે તેમાં જે તે વસ્તુનું ફક્ત એક સ્થિર, નિશ્ચિત લોકેશન સાચવી શકાશે. શક્ય છે કે તમારા ફોનમાં આ ફીચર આવી પણ ગયું હોય.

### 'ફાઇન્ડ હબ' એપમાં નવું ફીચર

આપણા ફોનમાં, 'ફાઇન્ડ હબ' એપમાં આ ફીચર આવી ગયા પછી આપણે ફોનમાં જેમિનાઇ એઆઇ આસિસ્ટન્ટને કહી શકીશું કે તે આપણે માટે મહત્ત્વની ચીજવસ્તુનું લોકેશન સેવ કરી રાખે. જેમ કે આપણે તેને કહી શકીશું કે 'હેય ગૂગલ, ફાઇન્ડ હબમાં નોંધી રાખ કે મેં મારો પાસપોર્ટ બેડરૂમના વોર્ડરોબમાં નીચેથી ચોથા ખાને ડાબી બાજુ રાખ્યો છે.'

અથવા એમ કહી શકશું કે આપણે માટે કોઈ મહત્ત્વની ફાઇલ ઓફિસમાં આપણા ટેબલના ત્રીજા ડ્રોઅરમાં મૂકી છે. આવી સૂચના સાથે આપણે ઇચ્છીએ તો પાસપોર્ટ કે ફાઇલ જ્યાં મૂક્યા હોય તેનો ફોટોગ્રાફ પણ જેમિનાઇ એઆઇ આસિસ્ટન્ટને આપી શકીશું.

જેમિનાઇ આ વિગતો ફાઇન્ડ હબ સર્વિસમાં સાચવી રાખશે.

તમે ઇચ્છો તો જેમિનાઇને વોઇસ કમાન્ડ આપવાની જફામાં પડ્યા વિના જાતે પણ 'ફાઇન્ડ હબ'માં, ટાઇપ કરીને આ વિગતો ઉમેરી શકો છો.

### ચીજવસ્તુની વિગતો મેન્યુઅલી કેવી રીતે ઉમેરશો?

અગાઉ 'ફાઇન્ડ હબ'ના બોટમ બારમાં ફક્ત બે ટેબ હતી - ડિવાઇસિસ અને પીપલ.

**ડિવાઇસિસઃ** આ સગવડનો લાભ લઈને આપણે પોતાના ગૂગલ એકાઉન્ટથી જેમાં લોગ્ડ-ઇન હોઈએ એ અન્ય સાધનોનું લોકેશન જાણી શકીએ. એન્ડ્રોઇડ ફોન, ટેબલેટ કે ટ્રેકિંગ ટેગ લગાવેલ ચીજવસ્તુઓનું લોકેશન આ સેક્શનમાં જાણી શકાય.

**પીપલઃ** આ સગવડ આપણા પરિચિત, વિશ્વસનીય લોકો સાથે પોતાનું લોકેશન શેર કરવા માટે છે. એ જ રીતે, જે લોકોએ પોતાનું લોકેશન આપણી સાથે શેર કર્યું હોય તેમની વિગતો અહીં જોઈ શકાય (ગૂગલ મેપ્સની જેમ જ, આખરે બંને એક જ છે).

**રીમેમ્બર્ડઃ** 'ફાઇન્ડ હબ'ના બોટમ બારમાં હવે ત્રીજી ટેબ પણ ઉમેરાઈ છે - 'રીમેમ્બર્ડ'. તમે આ ટેબ ક્લિક કરો એટલે તેનું પેજ ઓપન થાય. તેમાં, રોજબરોજની ચીજવસ્તુઓ ક્યાં મૂકી છે તે યાદ રાખવાની સૂચના જેમિનાઈને આપવાનું સૂચન જોવા મળે. એ માટે, સ્ક્રીન પર નીચે દેખાતા 'પ્લસ' આઇકન પર ક્લિક કરવાનું. એ પછી આગળ વાત કરી તેમ 'આસ્ક જેમિનાઇ' અથવા 'મેન્યૂઅલ એન્ટ્રી'ના વિકલ્પ મળે. ચાહો તે પસંદ કરીને, તમારે માટે મહત્ત્વની વસ્તુની વિગતો અહીં ઉમેરી દો. બધી વસ્તુની વિગતો અહીં સચવાઈ રહેશે, ઘણી વસ્તુઓ ઉમેરી હશે તો તેમાંથી સર્ચ પણ કરી શકાશે.

### એ વસ્તુ શોધી રહ્યા હોઈએ ત્યારે...

એ પછી આપણે જ્યારે પાસપોર્ટ કે પેલી ફાઇલ શોધી રહ્યા હોઇએ ત્યારે ફોનમાં જેમિનાઇ એપ ઓપન કરીને તેને પૂછવાનું રહેશે કે પાસપોર્ટ કે પેલી ફાઇલ આપણે ક્યાં મૂક્યાં છે. જેમિનાઇ આપણી આજ્ઞાનું પાલન કરશે અને ફાઇન્ડ હબ એપમાં એ વસ્તુ ક્યાં છે તે લોકેશન બતાવશે તથા તેની સાથે આપણે સેવ કરેલી વિગતો પણ બતાવશે.

અથવા 'ફાઇન્ડ હબ' ઓપન કરી, તેમાં 'રીમેમ્બર્ડ' ટેબમાં જતાં આપણે સેવ કરેલી ચીજવસ્તુની વિગતો જોવા મળશે.

આ ફીચર એન્ડ્રોઇડ ૧૬ કે ત્યાર પછીના ડિવાઇસમાં ઉપલબ્ધ થવા લાગ્યું.

### આવી કોઈ સગવડ જોઈએ ખરી?

જવાબ છે હા અને ના. તમારી યાદશક્તિ એકદમ સતેજ હોય તો આ બધી ઝંઝટની તમારે કોઈ જરૂર નથી. પરંતુ જો તમે ભૂલકણા હો, કોઈ મહત્ત્વની ચીજવસ્તુ શોધવામાં તમારે વારંવાર સમય વેડફવો પડતો હોય તો આવી કોઈ સગવડ તમારે માટે વરદાન બને!

ઉપરાંત, આ બધું વાંચીને કદાચ તમને એવો વિચાર આવ્યો હશે કે ચીજવસ્તુઓ ક્યાં મૂકી છે તે યાદ રાખવા 'ફાઇન્ડ હબ'ના 'રીમેમ્બર્ડ' ફીચરની શી જરૂર છે? એ તો કોઈ ડાયરીમાં પણ લખી રાખી શકાય. બિલકુલ સાચું, પણ એ ડાયરી ક્યાં મૂકી છે એ કોણ યાદ અપાવશે?!

તમે વિવિધ ડિજિટલ એપ્સનો ઉપયોગ કરતા હો તો 'ગૂગલ કીપ નોટ્સ', 'રીમાઇન્ડર' કે ક્લાઉડ/કમ્પ્યૂટરની કોઈ ફાઇલમાં પણ તેની નોંધ સાચવી રાખી શકો છો. ઘરના માળિયામાં મૂકેલી વિવિધ ચીજવસ્તુઓ કે પેટી પલંગના ચાર ખાનામાં મૂકેલી વસ્તુઓના ફોટોગ્રાફ લઇને તેને ડિજિટલી સાચવી લઈ શકાય. સાથે એ ફોટોગ્રાફ ક્યા રૂમના માળિયા કે પેટી પલંગના છે એટલી નોંધ મૂકી દો તો ભવિષ્યમાં કોઈ માળિયે મૂકેલો બાજોઠ કે પેટી પલંગમાં મૂકેલા બ્લેન્કેટ શોધવાનો વારો આવે ત્યારે ફોનમાં જે તે એપ ઓપન કરીને તેમાં તેને સહેલાઈથી સર્ચ કરી શકો. અલબત્ત અહીં આપણને મેપ પર લોકેશન જોવા મળે નહીં (ફક્ત ઘરની જ વાત હોય તો એવી જરૂર પણ નથી).

બીજો મહત્ત્વનો મુદ્દો એ છે કે હવે આપણું કામ એટલી વિવિધ એપ્સ અને સર્વિસમાં વીખરાયેલું પડ્યું હોય છે કે મહત્ત્વની નોંધ કઈ એપમાં હશે એ યાદ રાખવું પણ મુશ્કેલ છે. એને બદલે 'ફાઇન્ડ હબ' જેવી, લોકેશન આધારિત સર્વિસમાં આ વિગતો લખી રાખી હોય તો એ એક જ એપ ફંફોસવાની રહે! અને હા, આ બધું બીજું કોઈ જોઈ શકતું નથી.

**એકમેકની ખાસ્સી નજીક એવી આ ત્રણેય સર્વિસ અલગ અલગ રીતે ઉપયોગી છે**

# ગૂગલ મેપ્સ, ગૂગલ અર્થ, ફાઇન્ડ હબ : ત્રણેયમાં ફેર શું છે?

ઉપરનો લેખ વાંચીને તમને કદાચ ગૂગલ મેપ્સ અને ફાઇન્ડ હબ કઈ રીતે અલગ છે એવો સવાલ થયો હશે. તેમ ઘણા લોકોને ગૂગલ મેપ્સ અને ગૂગલ અર્થના ઉપયોગ વિશે પણ થોડી ગૂંચવણ હોય છે. આ ત્રણેમાં ઘણી સમાનતા છે અને ઘણા સ્પષ્ટ તફાવતો પણ છે. મોટા ભાગે આપણે રોજબરોજના કામકાજ માટે સ્માર્ટફોનમાંની ગૂગલ મેપ્સ એપ તરફ વળીએ છીએ તેની સરખામણીમાં ગૂગલ અર્થનો પ્રમાણમાં ઓછો ઉપયોગ કરીએ છીએ. તેમ ફાઇન્ડ હબની જરૂર ત્યારે જ પડે જ્યારે આપણે પોતાનું કોઈ ડિવાઇસ, મહત્ત્વની વ્યક્તિ કે ચીજવસ્તુનું લોકેશન ટ્રેક કરવાનું હોય. આ ત્રણેય મજાની સર્વિસ છે. આપણે તેમની સમાનતા અને તફાવતો તપાસીએ.

પહેલાં ગૂગલ મેપ્સ અને અર્થની વાત કરીએ. આ બંને આપણી પૃથ્વી કે દુનિયાને નવી નજરે બતાવવા માટે એક સમાન સેટેલાઇટ/એરિયલ વ્યૂ તથા સ્ટ્રીટ વ્યૂ ઈમેજરીનો ઉપયોગ કરે છે. બંનેમાં આપણા રસની બાબતો શોધવાની રીતો પણ લગભગ સરખી છે. પરંતુ બંનેની સમાનતા અહીં પૂરી થાય છે. હવે બંને અલગ કઈ રીતે છે એ તપાસીએ.



ગૂગલ મેપ્સનો મોટા ભાગે ટુડી મેપ તરીકે ઉપયોગ થાય છે (જોકે તેમાં પણ થ્રીડી વ્યૂ જોવાની સુવિધા છે). તેની સરખામણીમાં ગૂગલ અર્થ આપણી પૃથ્વીને એક થ્રીડી વર્ચ્યુઅલ ગ્લોબ સ્વરૂપે બતાવે છે.



ગૂગલ મેપ્સ આસપાસની દુનિયાની જુદી જુદી અનેક બાબતો તપાસવાની સગવડ આપે છે. એ ઘણે અંશે લોકલ ટૂલ છે. આપણે કોઈ જગ્યાએ પહોંચવું હોય તો તેનો રસ્તો ગૂગલ મેપ્સમાં જાણી શકીએ. એ રસ્તે કેટલો ટ્રાફિક છે તે તપાસી શકીએ તથા આપણા રસના સ્થળો વિશે ઘણી બધી માહિતી ગૂગલ મેપ્સમાં જાણી શકીએ. મૂળ 'અર્થવ્યૂઅરથ્રીડી' તરીકે ડેવલપ થયેલ ગૂગલ અર્થની મજા વર્ચ્યુઅલ ટ્રીપ એટલે કે ઘેર બેઠાં આખી દુનિયાના ખૂણે ખૂણાં તપાસવામાં વધુ છે. સાદા શબ્દોમાં કહીએ તો આપણે અસલી દુનિયામાં અટવાયા હોઈએ ત્યારે માર્ગદર્શન માટે ગૂગલ મેપ્સ ઉપયોગી છે, જ્યારે કોઈ જગ્યાએ વાસ્તવિક રીતે ગયા વિના આપણી અજબ દુનિયામાં ખોવાઈ જવું હોય તો ગૂગલ અર્થનો ઉપયોગ કરવા જેવો છે - આ વાક્ય ફરી વાંચો!

એ યાદ રાખવા જેવું છે કે ગૂગલ મેપ્સ કે ગૂગલ અર્થમાં આપણે પોતાના ઘર સહિત કોઈ પણ લોકેશન કે બિઝનેસનું નામ કે કી-વર્ડ વગેરે સર્ચ કરી શકીએ પરંતુ એ પછી જે દેખાય એ જે તે સ્થળનો લાઇવ વ્યૂ હોતો નથી. પૃથ્વી પરના દરેક સ્થળોની સેટેલાઇટ ઇમેજ જુદા જુદા સમયે અપડેટ થતી હોય છે.




તેમાં પણ અમુક વિસ્તારોની ઇમેજ વધુ ઝડપથી અપડેટ થતી રહે અને અમુક વિસ્તારો લાંબા સમય સુધી બિલકુલ અપડેટ ન થાય તેવું પણ બને.

ફાઇન્ડ હબ પણ આખરે તો ગૂગલ મેપ્સ પર આધારિત સર્વિસ છે, પણ તેમાં બધું ફોક્સ પોતાનાં ડિવાઇસ, ચીજવસ્તુ અને વ્યક્તિનાં લોકેશન ટ્રેક કરવા પર છે. ગૂગલ મેપ્સ ઘણે અંશે સોશિયલ સર્વિસ છે, અર્થ કંઈક અંશે પબ્લિક સર્વિસ છે, જ્યારે ફાઇન્ડ હબ એકદમ પર્સનલ સર્વિસ છે!

---

**એક ખાસ પહેલ, આપને માટે!**

SHREYARTH UNIVERSITY
શ્રેયાર્થ યુનિવર્સિટી
TECHNO QUIZ

**ટેક્નોક્વિઝમાં ભાગ લો, નોલેજ સાથે ઇનામ મેળવો!**

**પ્રશ્ન-૧. ચીજવસ્તુની વિગતો, લોકેશન યાદ રાખવા માટેનું 'રીમેમ્બર્ડ' ફીચર કઈ એપમાં ઉમેરાયું છે?**
(૧) ગૂગલ અર્થ (૨) ગૂગલ મેપ્સ (૩) ફાઇન્ડ હબ

**પ્રશ્ન-૨. ગૂગલ અર્થ પ્રોગ્રામનું અગાઉ શું નામ હતું?**
(૧) અર્થ૩ડી (૨) અર્થવ્યૂઅર૩ડી (૩) અર્થગ્લોબ

**પ્રશ્ન-૩. ગૂગલની 'ફાઇન્ડ હબ' સર્વિસ સૌથી પહેલાં કયા નામે ઓળખાતી હતી?**
(૧) એન્ડ્રોઇડ ડિવાઇસ મેનેજર (૨) એન્ડ્રોઇડ ડિવાઇસ પ્રોટેક્ટર
(૩) એન્ડ્રોઇડ ડિવાઇસ ટ્રેકર

જવાબો મોકલવા આ ક્યૂઆર કોડ સ્કેન કરો

**તા. ૧૮-૧૦-૨૦૨૬ ક્વિઝના વિજેતાઓ**

જિનાંગી એમ. મહેતા, રવિન્દ્ર કુમાર ગુપ્તા, મીનાક્ષી કે. પંચાલ

**તા. ૧૮-૧૦-૨૦૨૬ ક્વિઝના જવાબો**

પ્રશ્ન-૧. ડિજિટલ યુગમાં બાળકોની સલામતી માટે કાર્યરત 'કોમન સેન્સ મીડિયા' સંસ્થા મૂળ કયા દેશની છે? - યુએસ

પ્રશ્ન-૨. ચેટજીપીટીમાં વિદ્યાર્થીઓને જુદા જુદા એજ્યુકેશનલ કન્સેપ્ટ સમજવામાં મદદરૂપ થતા મોડનું નામ શું છે? - સ્ટડી મોડ

પ્રશ્ન-૩. વોટ્સએપમાં કોઈ મેસેજ પછીના સમયે જાય તેવું સેટિંગ કરવામાં આવે તો તે મેસેજ ક્યાં જોવા મળશે? - ચેટ ઇન્ફો સ્ક્રીનમાં

વિજેતાઓને અભિનંદન! આપનાં ઇનામ માત્ર રૂબરૂ અથવા કોઈ પ્રતિનિધિ દ્વારા આ સરનામેથી ૧૫ દિવસમાં મેળવી લેવાનાં રહેશેઃ શ્રેયાર્થ યુનિવર્સિટી, એમ. જે. લાઇબ્રેરી પાસે, આશ્રમ રોડ, અમદાવાદ(સવારના ૧૦થી સાંજના ૬) ૯૩૧૩૯૨૬૧૦૨/૪, info@shreyarthuni.ac.in, વેબસાઇટઃ shreyarthuni.ac.in.

ક્યૂઆર કોડ સ્કેન કરવા માટે સ્માર્ટફોનમાં ગૂગલ સર્ચ એપમાં 'લેન્સ' ઓપન કરી તેનાથી કોડ સ્કેન કરો. આઇફોન તથા અમુક એન્ડ્રોઇડ ફોનમાં ડાઇરેક્ટ કેમેરા ઓપન કરી સ્કેન કરી શકાશે (તમારા ફોનમાં આ સગવડ તપાસવા માટે કેમેરા એપનાં સેટિંગ્સ તપાસી જુઓ). એ ઉપરાંત, ફોનમાં ક્રોમ બ્રાઉઝરમાં 'શેર' બટન ક્લિક કરતાં ક્યૂઆર કોડ સ્કેન કરવાનો વિકલ્પ મળશે. પેટીએમ જેવી અમુક પેમેન્ટ એપમાંથી પણ આ ક્યૂઆર કોડ સ્કેન કરી શકાશે.

---

**સોશિયલ અપડેટ** | સોશિયલ એપ્સમાં આવેલા ફેરફારના ખબરઅંતર

## ચોરે આઈફોન ચોર્યા પછી સંબંધીને મેસેજ કરી પાસકોડ માગ્યો!

હમણાં ઇન્સ્ટાગ્રામ પર એક 'અલગ પ્રકાર'ની પોસ્ટે ઘણા લોકોનું ધ્યાન ખેંચ્યું. દહેરાદૂનની એક યુવતીએ તેની સાથે બનેલા થોડા વિચિત્ર કિસ્સાની વાત સૌ સાથે શેર કરી. બન્યું એવું હતું કે એ યુવતી જ્યાં રહેતી હતી એ વિસ્તારમાં જુદાં જુદાં ઘરોમાંથી લાખો રૂપિયાની કિંમતનાં લેપટોપ્સ, મેકબુક્સ, મોબાઇલ ફોન અને અન્ય મોંઘી ચીજવસ્તુઓની ચોરી થઈ હતી. જે લોકોની આ ચીજવસ્તુઓ ચોરાઈ હતી તેમણે ફરિયાદ નોંધાવવાની કોશિશ કરી, પરંતુ પેલી યુવતીના કહેવા અનુસાર તેમની ફરીયાદ ગંભીરતાથી લેવામાં આવી નહીં.

પછી કંઈક કલ્પના બહારનું બન્યું. એ યુવતીના નંબર પર અજાણ્યા નંબર પરથી મેસેજ આવવાના શરૂ થયા. જેમાં કહેવામાં આવતું હતું કે એ યુવતીનો આઇફોન તેની પાસે છે, પરંતુ પાસકોડ કે પાસવર્ડ ન હોવાને કારણે એ ઓપન કરી શકાતો નહોતો. પરિણામે મેસેજમાં પાસવર્ડ શેર કરવાનું કહેવામાં આવતું હતું!

હવે વાત આઇફોનની હોય કે એન્ડ્રોઇડની, જો તેને હોમસ્ક્રીનથી લોક કરવામાં આવ્યો હોય તો તેના પાસવર્ડ વિના ફોનમાં ઘૂસવું અશક્ય છે.




વાસ્તવમાં એ યુવતીના ભાઈનો ફોન ચોરાયો હતો.

તમે જાણતા જ હશો કે આપણે પોતાના ફોનમાં તે લોક્ડ હોય ત્યારે પણ પરિવારની અન્ય વ્યક્તિનો ફોન નંબર તેના પર સતત ડિસ્પ્લે થાય એવું સેટિંગ કરી શકી છીએ. આ કારણે આપણો ફોન ખોવાય અને તે કોઈ સજ્જન વ્યક્તિના હાથમાં આવે તો અથવા આપણે એકલા હોઇએ અને હાઇ/લો બીપી કે બ્લડ સુગર જેવી સ્થિતિનો ભોગ બનીએ તો આપણો ફોન જે વ્યક્તિના હાથમાં આવે તે ફોનના લોક્ડ સ્ક્રીન પર દેખાતા નંબરને કારણે પરિવારની અન્ય વ્યક્તિનો સંપર્ક કરી શકે છે.

પેલી યુવતીના ભાઈના ફોન પર આ જ રીતે એ યુવતીનો ફોન નંબર ડિસ્પ્લે થતો હતો એટલે પેલા ચોરે એ નંબર પર એસએમએસ અને વોટ્સએપ મેસેજ મોકલીને 'ફટાફટ આઇફોનનો પાસવર્ડ' જણાવવા કહ્યું! ઇન્સ્ટાગ્રામ પર આ આખો કિસ્સો શેર કરતી વખતે એ યુવતીની મુખ્ય ફરિયાદ એ હતી કે આ રીતે તેના નંબર પર વારંવાર આઇફોનનો પાસવર્ડ માગવામાં આવ્યો અને એ મેસેજ મોકલનારનો નંબર પણ સ્પષ્ટપણે જાણી શકાય તેમ હોવા છતાં પોલીસે તેની સામે કોઈ પગલાં લીધાં નહીં!

આપનાં સૂચનો, સવાલો મોકલો આ સરનામા પર :
technoworld.gs@gmail.com

લેખન-સંકલન : હિમાંશુ કીકાણી

# પ્રમદાની પીઠ : ભારતના સંસ્કૃત સાહિત્ય અને શિલ્પોમાં પદ્ય અને પથ્થરથી કંડારાયેલું લાવણ્યમય લાલિત્ય!

**સ્પેક્ટ્રોમીટર**
**જય વસાવડા**

શરદ પૂનમે ચાંદાને બદલે વાંસો? જી હા, નવરાત્રિમાં કાયમનો કકળાટ છે આ. પ્રાચીન ભારતમાં ઉત્સવ માટે સ્ત્રી માટે ચોક્કસ મર્યાદાના ઢાંકેલા ડ્રેસ કોડની વાત જ નથી. નવરાત્રિના ગરબામાં 'વિધર્મી' આવે કે ના આવે, હોઠ પર સનાતનનું નામ ને હૈયામાં જુનવાણી સંકુચિત વિધર્મી અબ્રાહમિક સંસ્કૃતિની મર્યાદાની વ્યાખ્યાની વાઈરસનુમા પક્કડ થઈ છે, એ વાસ્તવ છે.

જી હા, કડવું લાગે છે કારણ કે ચિંતન, અધ્યાત્મ, મોક્ષ, સંસારત્યાગ, સંયમ વગેરેના નામે ભારતનો આખો એક મજબૂત રસિક વારસો વિદ્વાનોએ જ રીતસર શરમાઈને સંતાડી દીધો છે. પાછું એને લીધે કંઈ મહાન દાર્શનિકો આપણે દુનિયાને આપ્યા એવું નથી. ભ્રષ્ટાચારમાં મર્યાદા નથી, ગંદકીમાં સંયમ નથી. ટ્રાફિકની ઉતાવળ જુઓ કે પૈસાપાવરની ખટપટ... દેખાય છે ક્યાંય અધ્યાત્મ કે સંયમ કે ઉપાસના? નર્યો દંભ ચાલે છે આધુનિક આનંદ કરતી નવી પેઢીનો દાવ લેવા માટેનો.

એટલે જ જાણે સનાતની સંસ્કાર ગરબે ઘૂમતી નારીના બ્લાઉઝની પાછળ બાંધેલી કસ/દોરી પર જ ટકેલા હોય એવું ઝેર એ આસુરી લોકોએ ઓક્યું જે ધાર્મિક સ્થળોએ કેટલાય પુરુષોને નવ નહિ, ત્રણસો પાંસઠ દિવસ પેટ ને પીઠ બધું દેખાયું એવા ધોતીધારી અવસ્થામાં પૂજન કરતા જુએ છે! બળાત્કાર બાબતે ખામોશ એવા આ વર્ગને એવું છે કે પુરુષની નજર ના બગડે એની જવાબદારી પણ સ્ત્રીઓની ફેશનની છે. પાછા બધા એવી દુહાઈઓ દીધા કરે કે માતાજીના ઉત્સવમાં આવું તે કેમ ચાલે, બાકીના દિવસો જે કરવું હોય એ કરો. એ બધા જ માતાજીની ભક્તિ કરવાને બદલે ખુદ મોબાઈલ પર સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરે, ઉધામા કરે કે વાઈરલ વિડીયો જોયા કરે છે. ને બીજાએ નવરાત્રિમાં શું કરવું એનું જ્ઞાન વિદેશી ટેક્નોલોજીથી મફત મળેલા નેટ ને ફોન્ટથી આપ્યા કરે! જાણે કેમ બાકીના દિવસોમાં બહુ છૂટ આપી દેતા હોય સ્ત્રીઓને શણગાર સજવાની ને નાચવાની. મોટા ભાગના તો અત્યંત અભદ્ર શબ્દોમાં ફોટા કે વિડીયો જોઈને સ્ત્રી વિષે કોમેન્ટ કરતા હોય એ પાછા સ્ત્રીની મર્યાદાની દુહાઈ દીધા કરે! દુર્ભાગ્ય છે દેશનું સંસ્કૃત માત્ર સાધુ બનવા પુરતું વૈરાગ્યભાવથી વાંચે છે, ને શિલ્પો તો દર્શન કરવાની ધક્કામુક્કીમાં જોતા પણ નથી.

અહીં સોળ સજી શણગાર એવું માતાજી વિશે કહેવાય પણ મા બનવાની ક્ષમતા કુદરતે જે સ્ત્રીને આપી એ સ્ત્રી શણગાર સજીને આવે તો ઝાટકા લાગે છે. પ્રાચીન ભારતમાં તો દોરીઓ કે બટન વિનાના સ્તનપટ્ટા ને ઉપવસ્ત્ર હતા ચણિયા ચોળીનાં પૂર્વજ! આપણને જ રસ નથી સૌંદર્યને પણ પરમાત્માનો પ્રસાદ સમજીને એને માણવા કે જાણવામાં! જાહેરમાં પવિત્રતાનો દેખાડો કરવો છે બ્યુટીને વખોડતા ભીરુ સમાજને.

નારી રમણ કરે ત્યાં દેવતા વસે એમ નારી તું નારાયણી કહીને સ્ત્રીને સીધી ઘરડા માજી બનાવી ગોખલામાં બેસાડી સામે દીવો પ્રગટાવી દેવાથી પૂજા નથી થતી. એની મોજમસ્તીનો સ્વીકાર કરવો પડે સુરક્ષિત મોજનો માહોલ આપીને! ગુજરાતે ગૌરવ લેવાનું હોય કે અમારે ત્યાં તો કન્યા કોન્ફિડન્સથી બેકલેસ ચોલી કે ડીપ નેક બ્લાઉઝ પહેરી પરીની જેમ ફરી શકે રાત્રે, એને બદલે ગુજરાતીઓમાં ઈરાનના હિજાબ ફરજીયાત કરવા મોત ફરમાવતા મુલ્લાઓનો આત્મા સાગમટે પ્રવેશી ગયો હોય એવી ચોખલિયા ચીસાચીસ થઈ જાય છે!

એની વે, એટલે જ થયું કે શરદ પૂર્ણિમાએ આપણા અદ્ભુત અને જમાનાથી ક્યાંય આગળ એવા કલાત્મક વારસામાંથી જ થોડી આચમની ભરીને માત્ર નારીની પીઠ પરના માત્ર પ્રાચીન સંસ્કૃત શ્લોકો ને શિલ્પોની વાત કરીએ. બસ એક મેઘધનુષી ફૂલદડૂલો (મલ્ટીકલર ફ્લાવરબોલ)એ શ્રાપિત પ્રજા માટે જે પોતાનો જ વારસો વિસરી ચૂકી છે. માત્ર સુંદરીની પીઠ પર જ કેવી





બેનમૂન વિશ્વમાં ક્યાંય ના જડે એવી રચનાઓનો રત્નાકર હિલોળા લે છે ભારતમાં! કેવું હતું એ રસિક્તાનું શિખર ને ક્યાં પડી ગયા આપણે લાગણી દુભવતી જડતાવાળી જનતાથી ખદબદતી ખીણમાં!

સીધો ચાખો, થોડો સનાતન રસ. વામાના વાંસાના વૈભવ વિશે.

■ ■ ■

જ્યારે કોઈ સુંદરી પોતાના બંને હાથ ઊંચા કરીને સહેજ પાછળ વળે છે (અંગડાઈ, આળસ ખાતી મુદ્રા), ત્યારે તેની પીઠ અને પાતળી કમરનો આકાર અત્યંત મનમોહક દેખાય છે. કદાચ મહાકવિ બાણભટ્ટે 'કાદંબરી' માં આ મુદ્રાના વખાણ કરતા લખ્યું છે:

उन्नम्य बाहुयुगलम् वलमानमध्या पृष्ठं किंचिद नमितवती या विलासवती। मदनवापविकृष्णमाणा रेखा इव सा रसजा

અર્થ : જ્યારે તે વિલાસવતી સુંદરીએ પોતાના બંને હાથ ઉપર કર્યા, કમરથી સહેજ લચકાઈ અને પોતાની પીઠને પાછળ તરફ સહેજ વળાંક આપ્યો, ત્યારે તેનો એ નમેલો



વાંસો જાણે કામદેવે પૂર્ણ રીતે ખેંચેલું ધનુષ્ય હોય તેવી મનમોહક દેખાતી હતી.

અહા, નારીની બેકલેસ ચોલીમાં પીઠ એટલે કામદેવે તાકેલું ધનુષ! સંસ્કૃત શૃંગારસાહિત્યમાં સ્ત્રીની પીઠને ભાગ્યે જ સાવ એકલી વર્ણવાઈ મોટે ભાગે છે. તેને 'તનુ મધ્યમ' (પાતળી કમર) અને 'પૃથુ શ્રોણી' (સુડોળ નિતંબ) સાથે જોડીને એક સંપૂર્ણ આકર્ષક કાયા તરીકે રજૂ કરાઈ છે. સંભવત ભર્તૃહરિનું મનાતું સુભાષિત છે : कि नु वपुषि तस्याः सुवर्णलतिकायाः मध्ये क्षामत्वं पृष्ठतश्च पृहुता । कामस्य निर्मितं कमपि दिव्यशस्त्रं दृष्टवा जनस्य हरति चेतनां यत॥ અર્થ : સુવર્ણની વેલ જેવી તે સુંદરીના શરીરમાં વિધાતાનું આ કેવું અદભુત આયોજન છે! જે વચલા ભાગ(કમર)થી એકદમ પાતળી છે અને પાછળના ભાગથી (વાંસો અને નિતંબ) એકદમ ભવ્ય અને સુડોળ છે. આ જાણે કામદેવે બનાવેલું કોઈ દિવ્ય શસ્ત્ર છે, જે જોતાં જ પુરુષોના હોશ ઉડાવી દે છે.

યાને, નારીની પીઠની ભંગિમા એ કામદેવનું ધનુષ યાને ઉન્માદનું આમંત્રણ એ રડીખડી ઉપમા નથી. વારંવાર કહેવાતી 'પરંપરા' છે! વધુ એક પુરાવો જુઓ. 'શૃંગારતિલકમ્' કહે છે. मध्ये तनुकृता धात्रा पृष्ठतश्च पृथुकृता कामबाणकठोराय प्रिया पृष्ठतटी बभौ । वलिभिश्च सविभ्रामाभिरवश्चिता सा सुमध्यमा॥ અર્થ : વિધાતા/બ્રહ્માએ તે પ્રિયતમાની કમરને અત્યંત પાતળી બનાવી છે અને તેની પીઠ તથા નિતંબના ભાગને અત્યંત સુડોળ અને ભવ્ય બનાવ્યો છે.

પાછળથી જોતાં તેની એ સુંદર પીઠ અને તેના પર દેખાતા નાજુક વળાંકો જાણે કામદેવના બાણને આધાર આપવા માટે બનાવેલી કોઈ દિવ્ય કલાત્મક રચના હોય તેવી મનોહર લાગે છે!

વધુ એક સુભાષિત વાંચો : पृष्ठे कृतः कनककंकणमण्डितोअहस्तः सलीलमनधा सुतनुः सुकेशी । भातीव मन्मथधनुः परिकर्मयुक्तं मध्याढयनम्म्रवपुषा वलमानबाहुः ॥ અર્થ : સુંદર વાળ અને સુડોળ શરીરવાળી તે સ્ત્રી જ્યારે અદાથી પોતાનો સોનાના કંગનવાળો હાથ પોતાની પીઠ પર ટેકવીને સહેજ વળી, ત્યારે તેનો વળાંકવાળો વાંસો અને કમર જાણે કામદેવના સજ્જ કરેલા ધનુષ્ય જેવા મનમોહક હતા.

મહાભારત પણ અનુમોદન આપે છે કે પીઠ કામદેવનું બાણ છે. યજ્ઞવેદીમાંથી દ્રૌપદી પ્રગટ થાય છે, ત્યારે વર્ણન છે : नीलोत्पसमो गन्धो यस्यां क्रोशात प्रवायति सुमध्या सुकेशान्ती पृथुश्रोणीपयोधरा ॥ पृष्ठतश्चैव सुनता कामबाणतटी यथा॥ અર્થ : જેમના શરીરમાંથી નીલકમલ જેવી સુગંધ એક કોસ સુધી ફેલાય છે. જે અત્યંત નાજુક કમર અને સુંદર વાળવાળી છે. તેનો નીચલો વાંસો અને કટિપ્રદેશ (નિતંબ) અત્યંત સુડોળ અને વિસ્તૃત છે, અને પાછળથી તે સહેજ નમેલી અને વળાંકવાળી કાયા એવી લાગે છે જાણે કામદેવના બાણોને રાખવાનું ભાથું હોય!

હજુ પીઠ સાથે મુક્તમને સનાતનના જ આપણા પૂર્વજોએ મર્યાદાના નામે કોઈ સેન્સરશિપ કે ઢાંકપિછોડા વિના કામદેવને કનેક્ટ કર્યો છે એની ખાતરી જોઈએ છે? વાંચો 'અમરુશતકમ્'માં ઉલ્લેખ છે એવો કદાચ ચારૂદત્તમનો આ શૃંગાર : तन्वी सुकेशी वलमानमध्यमा, पृष्ठभागे च मदनास्थमहत्सवा । भाति प्रिया कनकलतेव सुजातापृष्ठा ॥ અર્થ : પાતળી કમર અને સુંદર વાળવાળી તે નાયિકા જ્યારે ચાલે છે અથવા વળે છે, ત્યારે તેનો પાછળનો ભાગ (બેક એન્ડ હિપ્સ) જાણે કામદેવના ઉત્સવનો રથ હોય તેવો ભવ્ય લાગે છે. સુવર્ણની વેલ જેવી તે પ્રિયતમા તેની સુંદર અને સુડોળ પીઠને કારણે અત્યંત આકર્ષક દેખાય છે. અહા ધનુશમાંથી મન્મથરથ! મન્મથ એટલે પણ કામ-દેવ!

સેમ ટુ સેમ ઉપમા મહાભારતમાં પણ મળે. જો વાંચવાની તકલીફ લો તો. વન પર્વમાં નળ દમયંતીનું આખ્યાન છે એમાં રાજા નળ પ્રેયસી દમયંતીના સપ્રમાણ શરીર અને પીઠના સુંદર આકારના વખાણ આ

> **આપણી ટ્રેડિશન ખાલી નારીને પાંજરે પુરવાની ડરપોક નથી. શક્તિની પૂજા કરવી હોય તો નજર સામે રહેલી સ્ત્રીના એસ્થેટિક્સનું પણ સ્વાગત કરતા શીખો અને વાંચો કે માત્ર નારીની પીઠના કેવા મદઝરતા રૂપ પ્રાચીન ભારતે આપ્યા છે!**

રીતે કરે છે : कथं नु तस्यातन्वी कटी पृष्ठतटी च सा अरण्ये हि विना नाथं मदनस्य स्थोपमा ॥ અર્થ : સુવર્ણના રથ જેવી ભવ્ય પીઠ (કેવો નાજુક નમણો નવો શબ્દ આપે છે વેદવ્યાસ પીઠ માટે 'પૃષ્ઠતટી' પાછળના ભાગનો કિનારો!) અને નાજુક કમર ધરાવતી તે સુંદરી, જેના અંગોનો પાછળનો વળાંક કામદેવના રથ જેવો સુંદર છે, તે પોતાના નાથ વગર આ જંગલમાં કેવી રીતે ભટકતી હશે!

અગેઈન એ જ ઉપમા શૃંગાર શતકમાં ભર્તૃહરિની ! तनव्यां नितम्बभारोऽयं पृष्ठभागस्तथैव चा मदनस्य रथप्रायो जयेत्येव जगतत्रयम्॥ અર્થ : તે નાજુક સુંદરીનો આ નીચલો વાંસો અને ભારે યાને પુષ્ટ નિતંબનો વૈભવવંતો ભાગ જાણે સાક્ષાત કામદેવનો વિજયરથ છે, જે પોતાની ભવ્યતા અને સપ્રમાણ વળાંકોથી ત્રણેય લોકને જીતી લેવાની શક્તિ ધરાવે છે.

કવિ બિલ્હણની 'ચૌરપંચાશિકા'માં કવિ અદભુત દ્રશ્ય કોઈ નવરાત્રિ પૂરી થયા બાદ રસિકરંગીન ખેલૈયાના મનમાં આવે એ વર્ણવે છે : अद्यापि तां कनककङ्कणमण्डिताङ्गी पृष्ठस्थिता वलयितां कनकप्रभावाम पश्यामि मन्मथाविमाननिभा स्मरामि मध्याढयरुवमवसना जघनप्रभासमा॥ અર્થ : હું આજે પણ તે સોનાના કંકણ(કંગન)થી સજ્જ પ્રિયાને યાદ કરું છું, જે જ્યારે પાછળ ફરતી ત્યારે તેનો સુવર્ણ જેવો તેજસ્વી વાંસો અને પાતળી કમર જાણે કામદેવનું વિમાન હોય તેવા દિવ્ય ભાસતા હતા. સોના જેવા પીળા વસ્ત્રોમાં તેનો પશ્ચભાગ અત્યંત મનોહર દેખાતો હતો. રથમાંથી વિમાન થઈ ગયો સ્ત્રીનો વાંસો!

પણ તીર તો કામદેવનું નજરમાં ભોંકાતું જ રહે છે. ભાનુદત્ત 'રસમંજરી'માં લજ્જા સાથે પીઠ ફેરવવાની અદા મતલબ અભિસારિકા મુદ્રા આમ વર્ણવે છે. : निवर्तमाना वदनाद विलोचना पृष्ठभागे व सलीलमीक्षिता । शनैं शनै गच्छति सा सुमध्यमा मदनस्य बाणैंब प्रहिता यथा ॥ અર્થ : પોતાના મુખને ફેરવીને, અત્યંત નાજુક અને લીલાપૂર્વક (નઝાકતથી) પોતાની પીઠ તરફ હાથ રાખીને જ્યારે તે પાતળી કમરવાળી સુંદરી ધીમે ધીમે ચાલે છે, ત્યારે તેની એ પીઠ ફેરવવાની અદા જાણે કામદેવનું સીધું વાગેલું બાણ હોય તેવી હૃદયને વીંધી નાખે છે. (ઓ પલટ કહેવાનું કે તૌબા યે મતવાલી ચાલ!)

પીઠમાંથી એ યાદ આવ્યું કે આપણી પરંપરા શૃંગારથી દૂર જઈ પવિત્ર થવાની નહોતી, એમાં ધુબાકો મારીને પણ પાવન થવાની હતી.

અનુસંધાન પાનાનં ૦૬ પર

# 'સંગમ'ની કમાણી 'જોકર'માં સમાણી

**બાયોસ્કોપવાલા**
**મન્નુ શેખચલ્લી**

રાજ કપૂરને કોઈએ પૂછેલું કે, 'તમારી બધી ફિલ્મોમાંથી તમને સૌથી પ્રિય હોય એવી ફિલ્મ કઈ?'

રાજ કપૂરે એનો બહુ સુંદર જવાબ આપેલો : 'જુઓ, મારે માટે તો મારી તમામ ફિલ્મો મારી દીકરીઓ સમાન છે. દરેકને હું ઉછેરું છું, સજાવું છું, શણગારું છુ, અને કોઈ બાપ પોતાની દીકરીને સાસરિયે વળાવતો હોય તેમ હું મારી ફિલ્મને લોકો સમક્ષ સોંપી દઉં છું... એમાંથી જે ફિલ્મો હિટ થઈ જાય એના વિશે હું નચિંત થઈ જાઉં છું. પણ જે ફિલ્મોને લોકોએ ખાસ સ્વીકારી નથી હોતી એ હંમેશાં મારા દિલની નજીક રહે છે!'

'મેરા નામ જોકર' કદાચ એવી જ 'દીકરી' હતી. કેમ કે, છ- છ વરસ લગી એને ઉછેરવામાં, સજાવવામાં શણગારવામાં રાજ સાહેબે પોતાનો જીવ રેડી દીધો હતો. (અને પૈસા તો ખરા જ)

અચ્છા, તમે બીજી એક વાત નોટિસ કરી છે? શું તમે ક્યારેય એવું સાંભળ્યું કે, 'મુગલ-એ-આઝમ' બનાવતા બનાવતા કે. આસિફ બરબાદ થઈ ગયા? અથવા 'પાકિઝા' બનાવવામાં કમાલ અમરોહી પૈસેટકે ખુવાર થઈ ગયા હતા?

ના! કેમ કે 'મુગલ-એ-આઝમ' પાછળ પાણીની જેમ પૈસા વહાવનાર શાપુરજી પાલનજી હતા. એ જ રીતે 'પાકિઝા'ના નિર્માણ પાછળ લાખો રૂપિયાનું રોકાણ કરનારા અલગ અલગ 'ફિનાન્સરો' હતા! એટલે જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બહુ જુની કહેવત છે કે, 'કોઈ યહાઁ અપને પૈસે સે પિક્ચર નહી બનાતા!'

પણ રાજ કપૂર એ જ પહાડ જેવડી ભૂલ કરી બેઠા હતા! 'સંગમ' હિટ ગયા પછી પેલા કે. આસિફ અને કમાલ અમરોહીનું જોઈને પોતે પણ એક 'લાર્જ કેન્વાસ' મુવી બનાવવા પ્રેરાયા હોઈ શકે. પરંતુ અહીં એમણે પૈસા પોતાના નાખ્યા અને વ્યાજે પણ પોતાના નામે જ લીધા...

૧૯૬૪માં જેનું શૂટિંગ શરુ થયેલું તે ટુકડે ટુકડે છેક ૧૯૭૦માં બની રહી. આશરે ૯થી ૧૦ કલાકના મટિરીયલમાંથી કાપ કૂપ કરતા ફિલ્મ બની ૨૪૮ મિનિટ યાને કે, ચાર કલાક આઠ મિનિટની! વચમાં બે ઈન્ટરવલ રાખતા દરેક શૉ સાડા ચાર કલાકનો થાય!

છતાં ડિસ્ટ્રીબ્યુટરોને એમ હતું કે, 'સંગમ' પણ ક્યાં નાની હતી? એમાં ય બે ઈન્ટરવલ પડતા હતા છતાં એ રિલીઝ થતાની સાથે જ ફિલ્મ બહુ ખરાબ રીતે બેસી ગઈ!

રાજ સાહેબના અમુક જૂના અને વિશ્વાસુ ડિસ્ટ્રીબ્યુટરોએ કહ્યું કે, 'રાજ સાહેબ, તમારી ફિલ્મોથી અમે બહુ કમાયા છીએ. આ ફિલ્મમાં થોડી ખોટ જશે તો ખમી લઈશું પણ જો તમે ફિલ્મની લંબાઈ ઓછી કરી આપો તો અમે જોર લગાડીને એને જરૂર ચલાવીશું!'

તે વખતે આજના જેવું નહોતું કે, પ્રોડક્શન કંપની પોતાની ફિલ્મની જબરદસ્ત 'હાઈપ' ઉભી કરીને રિલીઝ પહેલાં જ મ્યુઝિક રાઈટ્સ, સેટેલાઈટ અને ઓટીટી રાઈટ્સ વેચીને ફિલ્મના 'વાસ્તવિક ખર્ચે' કરતા વધારે રૂપિયાની કમાણી કરી લેતા હોય છે! પછી ડિસ્ટ્રીબ્યુટરોનું જે થવાનું હોય તે થાય...

પરંતુ તે વખતે એવું નહોતું, એ જમાનામાં 'ઓવરફ્લો'ની સિસ્ટમ હતી. અર્થાત્ ડિસ્ટ્રીબ્યુટરો અમુક મિનિમમ કિંમતે ફિલ્મ ખરીદે પછી એની 'ઉપર'ની જે કમાણી થતી જાય તેમાંથી નિર્માતાને પણ એના હિસ્સો




મળતો જાય.

જો કે, 'જોકર'ના કેસમાં તો આ શક્યતા સાવ ધૂંધળી હતી!

છેવટે નાછૂટકે રાજ સાહેબ પોતાની ફિલ્મની કાપકૂપ (દીકરીની સર્જરી) કરવા તૈયાર થયા ખરા પરંતુ શું તમે જાણો છો કે એનું એડિટીંગ કરવાનું કામ કોને સોંપ્યું હતું? ખ્યાતનામ દિગ્દર્શક ઋષિકેશ મુખર્જીને! (જેમણે રાજ સાહેબ સાથે 'અનાડી' બનાવી હતી અને 'આનંદ' પણ બનાવવા માંગતા હતા.)

ખેર, ફિલ્મની લંબાઈ ઘડાડ્યા પછી પણ તે ચાલી નહીં. લોકોને ફિલ્મ નહીં પસંદ પડવાના તે વખતે બે-ત્રણ કારણો હતાં. એક તો છેલ્લા છ વરસમાં રાજ કપૂરની સ્ટાર વેલ્યુ ઘટી ગઈ હતી. 'તીસરી કસમ', 'દીવાના', 'અરાઉન્ડ ધ વર્લ્ડ' અને 'સપનોં કા સોદાગર' માત્ર ચાર જ ફિલ્મો આવી અને ચારેય ફ્લૉપ!

જો કે, 'મેરા નામ જોકર'નો પહેલો ભાગ (રીશી કપૂર, સીમી) સૌને પસંદ પડ્યો હતો પરંતુ ત્રીજા ભાગમાં ૪૫-૫૦ વરસના દેખાતા ફાંદાળા રાજ સાહેબને જોઈને પદ્મિની જેવી હરીભરી બકસમ કાયા ધરાવનારી નારી કયા હિસાબે 'પ્રેમમાં' પડે? એ સમજાતું નહોતું. વળી આવા કાયા ધરાવનારી નારી 'છોકરો' બનીને મુંબઈ જેવા મહાનગરમાં રહેતી હોય, એનો અવાજ પણ છોકરી જેવો હોય અને શર્ટમાંથી કાયા ઉભરીને આવતી દેખાતી હોવા છતાં કોઈની નજર ન પડે? - આ બધું તો હજી ઠીક પણ ત્રીજા ભાગમાં એક કવ્વાલી, એક પંજાબી હીર (લોકગીત) અને રાજ કપૂરની વિચિત્ર વેશભૂષાઓ વગેરે લોકોને પસંદ પડ્યું નહીં.

સરવાળે ત્રીજો ભાગ જોતાં ઓડિયન્સ રીતસર 'થાકી' જતું હતું! ત્યારબાદ ટુંકાવેલા વર્ઝનમાં તો 'બુંદ સે ગઈ વો હોજ સે નહીં આતી' જેવું જ કંઈક થયું હતું. એકવાર હવા ખરાબ થઈ ગઈ પછી ('પાકિઝા'ની જેમ) સુધરી નહીં.

> **'મેરા નામ જોકર'ને એક 'કલ્ટ' ફિલ્મ ગણવામાં આવી. જે વિવેચકોએ અગાઉ સાવ મોળો પ્રતિસાદ આપેલો એ જ વિવેચકો હવે તેને રાજ કપૂરનું 'મહાકાવ્ય' ગણાવી રહ્યા હતા!**

જો કે પાછળથી 'મેરા નામ જોકર'ને એક 'કલ્ટ' ફિલ્મ ગણવામાં આવી. જે વિવેચકોએ અગાઉ સાવ મોળો પ્રતિસાદ આપેલો એ જ વિવેચકો હવે તેને રાજ કપૂરનું 'મહાકાવ્ય' ગણાવી રહ્યા હતા!

છતાં તમે નહીં માનો, રશિયામાં આ ફિલ્મે પ્રચંડ કમાણી કરી હતી! માત્ર ૧૫ લાખ રૂપિયામાં જેના રાઈટ્સ ખરીદાયેલા તે ફિલ્મને ત્રણ અલગ અલગ ફિલ્મ તરીકે (હા, સર્જરી વિના!) રીલીઝ કરવામાં આવી હતી. એની ટોટલ કમાણી કેટલી હતી? ખબર છે? પૂરા ૧૬ કરોડ અને ૮૧ લાખ! આજના હિસાબે લગભગ ૧૦૦૦ કરોડ થાય!

રહી રહીને સવાલ એ થાય છે કે, રશિયન પ્રોડક્શન કંપની 'સોવો ફિલ્મ્સ', જે આ ફિલ્મની સહનિર્માણ કંપની હતી, એમણે રાજ સાહેબને કંઈ આપ્યું જ નહીં હોય!

યે સરાસર નાઈન્સાફી હૈ, મિ લોર્ડ!

- ફિલ્મના ત્રીજા પાર્ટનું (પદ્મિનીવાળા) શુટિંગ પહેલાં શરૂ થયું હતું કેમ કે તે વખતે રિશી કપૂર હજી પહેલા પાર્ટના હીરો બનવા જેટલા મોટા થયા નહોતા!
- 'મેરા નામ જોકર'ની થિમ ટ્યુન જે આખી ફિલ્મમાં વારંવાર આવે છે અને 'જીના યહા...' ગીતમાં લગભગ ૧૦૦ વાજિંત્રો વડે ગુંજી ઊઠતી સંભળાય છે, તે ઓરીજીનલી લોસિફ ઈવાનોવિસી નામના એક રોમેનિયન સંગીતકારોની 'વેવ્ઝ ઓફ ડાનુબે' નામની જગપ્રખ્યાત થઈ ચૂકેલી ધૂન હતી. જે કુરોસોવા નામના જાપાનીઝ દિગ્દર્શકની છેક ૧૯૪૯ની ફિલ્મ 'સ્ટ્રે ડોગ'ના એક દ્રશ્યમાં સંભળાઈ હતી! બોલો,
- ફિલ્મમાં લતા મંગેશકરનું એક પણ ગીત નહોતું તેનું એક કારણ એવું કહેવાય છે કે, 'સંગમ'નું ગાયન 'બુઢ્ઢા મિલ ગયા,' જે રીતે પરદા ઉપર દેખાડ્યું હતું તેનાથી લતાજી નારાજ હતાં.
- જોકે, ત્યારબાદ 'બોબી' વખતે રાજ સાહેબે લતાજીને 'શુકનિયાળ માનીને મનાવી લીધાં હતાં.
- મનોજકુમારે પોતાના એક દ્રશ્ય માટે પોતાના સંવાદો જાતે લખીને રાજ સાહેબને બતાડ્યા. એ જોઈને રાજકપૂર એટલા ખુશ થયા કે બીજાં થોડાં દ્રશ્યોનાં સંવાદો પણ એમને જ લખવા કહ્યું!

# ચલો એક બાર ફિર સે...

**સિનેમા એક્સપ્રેસ**
**શિશિર રામાવત**

આજકાલ નેટફ્લિક્સ પર એક નવો નવો સ્ટ્રીમ થયેલો શો ન્યુઝમાં છે. એ છે, 'ચુંબક'. 'ખિચડી' અને 'સારાભાઈ વર્સીસ સારાભાઈ' જેવી યાદગાર કોમેડી સિરીયલ્સના સર્જકો આતિશ કાપડિયા અને જે.ડી. મજીઠિયાની આ લેટેસ્ટ પેશકશ. કોમેડીથી ભરપૂર 'ચુંબક'માં એક સિનિયર કપલ છે - નીના ગુપ્તા અને દેવેન ભોજાણી. દેવેન ભોજાણી સ્મૃતિદોષથી પીડાય છે, સતત નાના બચ્ચાની જેમ એમની સંભાળ લેવી પડે છે. એક દિવસનીના ગુપ્તા થાકીને કહી દે છેઃ 'ઈનફ! મારે ડિવોર્સ જોઈએ છે... મારેય લાઈફ જેવું કંઈ હોય કે નહીં?' ઘરડે ઘડપણે તેઓ ખરેખર છૂટાછેડા લઈ લે છે. તો શું નીના ગુપ્તા પછી હવે ભૂતપૂર્વ થઈ ગયેલા પતિથી અલગ થઈ જાય છે? ના રે ના. બધું પહેલાં જેવું જ છે. બન્ને ડિવોર્સ પછીય એક જ છત નીચે રહે છે, નીના ગુપ્તા પહેલાંની જેમ જ બીમાર પતિની સેવા-ચાકરી-મદદ-ચિંતા બધું જ કરતાં રહે છે. કેમ? નીના ગુપ્તાનો જવાબ બહુ સાદો છેઃ 'પણ મારાથી એમને છોડીને એમ જતા કેમ રહેવાય? પછી એમનું ધ્યાન કોણ રાખે?'

નીના ગુપ્તા અને દેવેન ભોજાણીના આ કાલ્પનિક કપલ જોઈને એમના જેવી કેમિસ્ટ્રી ધરાવતી એક અસલી જોડી યાદ આવે છે. એ છે નોબલ પ્રાઈઝવિનર ગણિતશાસ્ત્રી જોન નેશ અને એમની પત્ની એલિસિયા. જોન નેશની અદ્ભુત બાયોપિક 'અ બ્યુટીફુલ માઈન્ડ' (૨૦૦૧) આપણે જોઈ છે. રોન હોવર્ડે ડિરેક્ટ કરેલી હોલિવુડની આ ફિલ્મે ચાર-ચાર ઓસ્કર અવોર્ડ જીતી લીધા હતા.

શું હતું આ ફિલ્મમાં? ટૂંકમાં જોઈ લઈએ. જોન નેશ એક અતિ તેજસ્વી પણ ખૂબ શરમાળ અને સોશિયલી ઓકવર્ડ એવા ગણિતશાસ્ત્રી છે. ૧૯૪૦ના દાયકાના અંત ભાગમાં



તેઓ પ્રિન્સટન યુનિવર્સિટીમાં જોડાય છે. ગેમ થિયરી ક્ષેત્રે ક્રાંતિકારી સંશોધન કરીને તેઓ ખૂબ નામના મળે છે. આ દરમિયાન તેમને એલિસિયા નામની ભૌતિકશાસ્ત્રની વિદ્યાર્થિની સાથે પ્રેમ થઈ જાય છે. જોન નેશના

> **વેબ શો 'ચુંબક'માં નીના ગુપ્તા છૂટાછેડા લીધા પછી પણ પોતાના બીમાર પતિ (દેવેન ભોજાણી)ની સારસંભાળ રાખવાનું ચાલુ રાખે છે. ચાર-ચાર ઓસ્કર અવોર્ડ જીતી ચૂકેલી 'અ બ્યુટીફુલ માઇન્ડ' ફિલ્મ જેના પરથી બની છે તે નોબલ પ્રાઇઝવિનર ગણિતશાસ્ત્રી જોન નેશના જીવનમાં પણ આવું જ બન્યું હતુંને? એમની પત્ની એલિસિયા ડિવોર્સ લીધા પછીય દાયકાઓ સુધી એમની સંભાળ લેતી રહી હતી.**

જીવનમાં એક આઘાતજનક વળાંક ત્યારે આવે છે જ્યારે તેઓ સ્કિઝોફ્રેનિયા (એક પ્રકારની ગંભીર માનસિક બીમારી)નો ભોગ બને છે. તેમને જાતજાતની ભ્રમણાઓ થવા લાગે છે. વાસ્તવિકતા અને કલ્પના વચ્ચેનો ભેદ તેઓ કરી શકતા નથી. આ બીમારી તેમની કરીઅર, લગ્નજીવન અને પરિવાર માટે મોટો ખતરો બની જાય છે. વર્ષો સુધી ચાલેલા આ સંઘર્ષમય તબક્કા દરમિયાન એલિસિયા પોતાના પતિની પડખે અડીખમ ઊભી રહે છે. સમય જતાં જોન નેશ પોતાના મનમાં રચાતી ભ્રમજાળને ઓળખતા અને તેને પોતાના જીવન પર હાવી થવા ન દેતાં શીખી લે છે. પોતાની માનસિક બીમારી સામે ઝઝૂમતા રહીને પણ તેઓ પોતાનું કામ ચાલુ રાખે છે. આખરે ૧૯૯૪માં, ગેમ થિયરીમાં અભૂતપૂર્વ પ્રદાન બદલ તેમને અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક એનાયત થાય છે. નોબલ સેરિમની દરમિયાન જોન નેશે આપેલી સુંદર ઈમોશનલ સ્પીચ પર ફિલ્મ પૂરી થાય છે.

સહેજે સવાલ થશેઃ પણ 'અ બ્યુટીફુલ માઈન્ડ'માં જોન નેશ અને એમની પત્ની એલિસિયા ડિવોર્સ ક્યાં લે છે? એમાં તો એલિસિયાને એકદમ સમર્પિત પત્ની દેખાડવામાં આવી છે. હા, ફિલ્મમાં એલિસિયા ક્યારેય જોન નેશથી અલગ થતી નથી, પણ એ તો ફિલ્મમાં લેવાયેલી ક્રિયેટિવ લિબર્ટી છે. વાસ્તવમાં જોન નેશ અને એલિસિયાએ લગ્ન કર્યા પછી વર્ષોની ઉથલપાથલ બાદ છૂટાછેડા લીધા હતા. ત્યારબાદ એલિસિયાએ એમના દીકરાનો એકલે હાથે મોટો કર્યો હતો. 'ચુંબક'વાળો એન્ગલ હવે આવે છે. એકલવાયા થઈ ગયેલા જોન નેશ અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એલિસિયાએ તેમને પોતાના ઘરે રાખ્યા હતા - પતિ તરીકે નહીં,

અનુસંધાન પાનાનં ૦૬ પર